# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
દિવ્યાંકા ત્રિપાઠીના ઘરે ગુંજશે કિલકારી!



પેજ-09
સનરાઈઝર્સ હૈદરાબાદ માલિક વિવાદ ગાવસ્કરે બળાપો કાઢ્યો




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 23.00 |
| વડોદરા | 36.00 | 22.00 |
| સુરત | 32.00 | 23.00 |


પેજ 5




ક્રૂડ ઉછળીને 106 ડોલર: વોરના પગલે ગલ્ફમાં ઉત્પાદન 70 ટકા ઘટવાની ભીતિ

**18** MARCH-2026 WEDNESDAY

બ્રાઝિલ અને બોલિવિયા વચ્ચે વ્યાપારિક સંબંધો મજબૂત કરવા...




પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 76070.84 ▲ | 567.99 |
| નિફ્ટી | 23581.15 ▲ | 172.35 |
| સોનું | 156233.00 ▲ | 497.00 |
| ચાંદી | 257669.00 ▲ | 1137.00 |


વર્ષ-15 । અંક-125 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### તૃણમૂલે તમામ 291 બેઠકો પર ઉમેદવારોની જાહેરાત કરી; મમતાએ કહ્યું - બંગાળ જીતશે, દિલ્હીનો લાડુ હારશે

# મમતા ભવાનીપુરથી ચૂંટણી લડશે



(એજન્સી) કોલકાતા । તા. 17

તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી (TMC)એ મંગળવારે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં 294 બેઠકોમાંથી 291 બેઠકો માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી. બાકીની ત્રણ બેઠકો સાથી પક્ષ BJPMને આપવામાં આવી છે.મમતા બેનર્જી ભવાનીપુરથી ચૂંટણી લડશે. તેમનો મુકાબલો ભાજપ નેતા સુવેન્દુ અધિકારી સાથે થશે. પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રીએ કહ્યું, 'હું ભાજપને કહેવા માંગુ છું કે તેઓ કેમ ડરે છે. જો તમારે લડવું હોય તો ગેસ mxk' ન સર્જો. મેદાનમાં આવો અને મુકાબલો કરો. મુખ્યમંત્રીએ કહ્યું કે ચૂંટણી પંચ ભાજપ વતી સ્માર્ટ ગેમ રમી રહ્યું છે. તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીમાં સિંગલ ફેઝમાં ચૂંટણી થશે. તમિલનાડુમાં 23 એપ્રિલે, કેરળ, આસામ અને પુડુચેરીમાં 9 એપ્રિલે મતદાન થશે.

#### કેરળમાં 2 IPS અને 3 IAS અધિકારીઓની બદલી

ચૂંટણી પંચે પાંચ રાજ્યોમાં ચૂંટણીની તારીખ જાહેર કરતાની સાથે જ રાજ્યોમાં અધિકારીઓની બદલીઓ શરૂ થઈ ગઈ છે. પશ્ચિમ બંગાળમાં સોમવારે 6 અધિકારીઓની બદલી બાદ મંગળવારે કેરળના 2 IPS અને 3 IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે.
15 માર્ચે આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણી માટે મતદાન તારીખોની જાહેરાત થઈ હતી. બંગાળમાં બે તબક્કામાં 23 અને 29 એપ્રિલે મતદાન થશે.

**ભવાનીપુરમાં ખરાખરીનો જંગ :** ભાજપે અગાઉ જ જાહેરાત કરી હતી કે સુવેન્દુ અધિકારી મમતા બેનર્જીની બંને બેઠકો–ભવાનીપુર અને નંદીગ્રામ–પરથી ચૂંટણી લડશે. આ સાથે જ બંગાળની આ બંને બેઠકો હવે સમગ્ર દેશ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. ઉમેદવારોની જાહેરાત કરતા મમતા બેનર્જીએ આત્મવિશ્વાસ સાથે જણાવ્યું કે, 'બંગાળ પોતાની દીકરીને જ પસંદ કરશે. દિલ્હીનો લાડુ (ભાજપ) અહીં હારશે અને બંગાળની જીત થશે.' તેમણે ભાજપ પર ચૂંટણી પંચનો દુરુપયોગ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

**ભાજપની રણનીતિ :** બીજી તરફ, ભાજપે પણ ૧૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી સાથે પોતાનો ઈરાદો સ્પષ્ટ કરી દીધો છે. કેરળમાં પક્ષે પ્રદેશ પ્રમુખ રાજીવ ચંદ્રશેખરને નેમોમ બેઠક પરથી ઉતારીને મોટો દાવ ખેલ્યો છે. બંગાળમાં સુવેન્દુ અધિકારીને બે બેઠકો પરથી લડાવીને ભાજપ મમતા બેનર્જીને તેમના જ વિસ્તારમાં વ્યસ્ત રાખવા માંગે છે. હવે જોવાનું એ રહેશે કે ૨૦૨૬નો આ જંગ કોના પક્ષમાં જાય છે.મંગળવારે તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના વડાં અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્યની ૨૯૪ બેઠકોમાંથી ૨૯૧ બેઠકો માટે પક્ષના ઉમેદવારોની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. બાકીની ત્રણ બેઠકો સાથી પક્ષો માટે રાખવામાં આવી છે.

## ઓડિશામાં 3 ધારાસભ્યોને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા

### કોંગ્રેસ : રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યું, હરિયાણામાં 5 ધારાસભ્યોને નોટિસ મોકલવાની તૈયારી

(એજન્સી) ભુવનેશ્વર । તા. 17



ઓડિશામાં કોંગ્રેસે રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરનાર ત્રણ ધારાસભ્યોને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. જ્યારે હરિયાણામાં પક્ષ પાંચ ધારાસભ્યોને નોટિસ આપવાની તૈયારી કરી રહ્યું છે.આ દરમિયાન હરિયાણા કોંગ્રેસના કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ રામકિશન ગુર્જરે પક્ષ છોડી દીધો છે. તેમની પત્ની અને નારાયણગઢના ધારાસભ્ય શૈલી ચૌધરી પણ પક્ષમાંથી રાજીનામું આપી શકે છે.ઓડિશામાં કોંગ્રેસે રમેશ જેના, દશરથી ગોમાંગ અને સોફિયા ફિરદૌસને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. આ ત્રણેય ધારાસભ્યોએ રાજ્યસભા ચૂંટણીમાં ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર દિલીપ રાયની તરફેણમાં મત આપ્યો હતો. ક્રોસ વોટિંગના કારણે કોંગ્રેસ અને BJDના સંયુક્ત ઉમેદવારને હારનો સામનો કરવો પડ્યો હતો. બંને રાજ્યોમાં કોંગ્રેસના કુલ 8 ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું. 16 માર્ચે 11 બેઠકો પર થયેલી ચૂંટણીમાં 9 બેઠકો NDAના ફાળે ગઈ હતી. 10 રાજ્યોની 37 રાજ્યસભા બેઠકોની ચૂંટણીમાં 26 પર ઉમેદવારો પહેલાથી જ બિનહરીફ ચૂંટાઈ ગયા હતા.

### પૂર્વ IPS, DGP અને સૈન્ય અધિકારીઓનો પત્ર; કહ્યું- સંસદ પરિસરમાં આચરણ નિયમો વિરુદ્ધ

# નિવૃત્ત અધિકારીઓએ રાહુલને માફી માંગવા કહ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

204 નિવૃત્ત સૈન્ય અધિકારીઓ, IPS, IAS અને વકીલોએ રાહુલ ગાંધીને પત્ર લખીને દેશની માફી માંગવા કહ્યું છે. તેમણે લખ્યું કે 12 માર્ચે સંસદ પરિસરમાં કરવામાં આવેલો વિરોધ સંસદીય નિયમો અને સંસદની ગરિમા વિરુદ્ધ હતો. પત્રમાં કહેવામાં આવ્યું કે સંસદ પરિસરમાં પ્રદર્શન કે વિરોધ ન કરવા અંગે સ્પીકર દ્વારા પહેલાથી જ નિર્દેશો જાહેર કરવામાં આવ્યા હતા. આમ છતાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી સાંસદોએ સંસદ પરિસરમાં વિરોધ કર્યો.પત્રમાં આગળ કહેવામાં આવ્યું કે રાહુલ ગાંધી કેટલાક સાંસદો સાથે સંસદના પગથિયાં પર બેસીને ચા અને બિસ્કિટ ખાતા વિરોધ કરતા જોવા મળ્યા. આ સંસદીય અધિકાર અને સંસદની મર્યાદાની અવગણના છે. સંસદના પગથિયાં રાજકીય પ્રદર્શનનું મંચ નથી.12 માર્ચે વિપક્ષે LPG સંકટને લઈને સરકાર વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું.



#### પત્રમાં 204 લોકોની સહી

આ પત્ર જમ્મુ-કાશ્મીરના પૂર્વ ડીજીપી એસ.પી. વૈદ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. પત્રમાં 204 લોકોએ સહી કરી છે. જેમાં 116 નિવૃત્ત સૈન્ય અધિકારીઓ અને 84 પૂર્વ નોકરશાહોનો સમાવેશ થાય છે.આ ઉપરાંત, ચાર પૂર્વ રાજદૂતો અને ચાર વરિષ્ઠ વકીલો પણ હસ્તાક્ષર કરનારાઓમાં સામેલ છે. પત્રમાં રાહુલ ગાંધીને તેમના વર્તન પર આત્મમંથન કરવા અને દેશની માફી માંગવા માટે કહેવામાં આવ્યું છે.

#### સંસદ પરિસરના દરેક ભાગમાં મર્યાદા જરૂરી

પત્રમાં કહેવામાં આવ્યું છે કે સંસદ લોકશાહીનું મંદિર છે અને તેની ગરિમા હંમેશા જાળવી રાખવી જોઈએ. સંસદીય પરંપરાઓ અનુસાર લોકસભા અને રાજ્યસભાના કક્ષ જ નહીં, પરંતુ સંસદ પરિસરની સીડીઓ અને લોબી પણ તે જ સંસ્થાનો ભાગ છે. તેથી ત્યાં પણ સાંસદોનું આચરણ તે જ મર્યાદાને અનુરૂપ હોવું જોઈએ.

#### શાહ : રાહુલ દુનિયાભરમાં ભારતની છબી ખરાબ કરી રહ્યા છે

અમિત શાહે 15 માર્ચે આસામના ગુવાહાટીમાં એક સભાને સંબોધિત કરતા કહ્યું હતું કે રાહુલ ક્યારેક સંસદના દરવાજા પર બેસીને ચા અને પકોડા ખાય છે. શું તેમને એ અહેસાસ નથી કે નાસ્તો કરવા માટે કઈ જગ્યા યોગ્ય હોય છે?અમિત શાહે આગળ કહ્યું કે સંસદ આપણા લોકતંત્રની સર્વોચ્ચ સંસ્થા છે.

### ગંગા નદી પર ચિકન બિરયાની ખાધી: બિરયાની ખાધા બાદ અવશેષો નદીમાં ફેંક્યા

**ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડનાર 14 પકડાયા**

(એજન્સી) વારાણસી । તા. 17

કાશીમાં ગંગા નદીની વચ્ચે બોટ પર ઈફ્તાર પાર્ટી યોજાઈ હતી. આમાં આયોજકોએ રોઝાદારોને ફળ અને મેવા સાથે ચિકન બિરયાની પણ પીરસી હતી. ઈફ્તાર પાર્ટીનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર અપલોડ કરવામાં આવ્યો હતો. વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

વીડિયોમાં ચિકન બિરયાનીની વાત સામે આવતા જ ભાજપ અને હિંદુવાદી સંગઠનો ભડકી ઉઠ્યા હતા. ભારતીય જનતા યુવા મોરચાના મહાનગર અધ્યક્ષ રજત જયસ્વાલે કોતવાલી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ દાખલ કરાવ્યો હતો.

# લોકસભામાંથી વિપક્ષના 8 સાંસદોનું સસ્પેન્શન રદ

### સ્પીકર બિરલાએ સાંસદોને કહ્યું- પોસ્ટરો અને AI-જનરેટેડ તસવીરો ન બતાવો; પ્રિયંકાએ કહ્યું- ખૂબ ખુશી થઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

લોકસભાની ચર્ચાના પહેલા તબક્કા દરમિયાન સસ્પેન્ડ કરાયેલા આઠ સાંસદો પર લાદવામાં આવેલ સસ્પેન્શન મંગળવારે રદ કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના સાત અને ડાબેરી પક્ષના એક આ આઠ સાંસદોને 4 ફેબ્રુઆરીએ સમગ્ર બજેટ સત્ર માટે લોકસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

હોબાળા દરમિયાન સાંસદો પર સ્પીકર કૃષ્ણ પ્રસાદ ટેનેટીની ખુરશી તરફ કાગળો ફેંકવાનો આરોપ હતો.આ હોબાળો ત્યારે થયો હતો જ્યારે રાહુલ ગાંધી ગૃહમાં પૂર્વી લદ્દાખમાં 2020માં થયેલા ભારત-ચીન સરહદી તણાવનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

કોંગ્રેસના સાંસદ કે. સુરેશ સહિત ત્રણ સાંસદોએ સસ્પેન્શન પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ત્યારબાદ તે ધ્વનિ મતથી પસાર થયો હતો. આ પહેલા સપા સાંસદ ધર્મેન્દ્ર યાદવે તેનું સમર્થન કર્યું હતું.



**AI-જનરેટેડ તસવીરો પર પ્રતિબંધ**
ગૃહની ગરિમા જાળવી રાખવા માટે સર્વપક્ષીય બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. હવેથી કોઈ પણ સાંસદ ગૃહની અંદર પ્લેકાર્ડ અથવા AI-જનરેટેડ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) તસવીરો પ્રદર્શિત કરી શકશે નહીં. સ્પીકર ઓમ બિરલાએ કડક શબ્દોમાં જણાવ્યું હતું કે ગૃહમાં શિષ્ટાચાર જળવાવો જોઈએ. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ સસ્પેન્શન રદ કરવાના નિર્ણય પર ખુશી વ્યક્ત કરી હતી.

#### લોકસભામાં ઈઝરાયલ-ઈરાન મુદ્દે ગરમાવો

સસ્પેન્શન રદ કરવાના નિર્ણય વચ્ચે ગૃહમાં રાજકીય ગરમાવો પણ જોવા મળ્યો હતો. શ્રીનગરના સાંસદ આગા સૈયદ રૂહુલ્લાહ મહેંદી જ્યારે પશ્ચિમ એશિયાના યુદ્ધમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી રહ્યા હતા, ત્યારે ભાજપના સાંસદોએ 'ઈરાન જાઓ'ના નારા લગાવ્યા હતા. આનાથી ગુસ્સે ભરાયેલા આગા સૈયદે વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, 'હું ઈઝરાયલની નિંદા કરી રહ્યો છું તો તમને કેમ તકલીફ થાય છે? ઈઝરાયલને તમે તમારું ફાધરલેન્ડ બનાવ્યું હશે, મારા પિતાશ્રી નહીં.' આ ટિપ્પણીને કારણે ગૃહમાં ભારે હોબાળો મચ્યો હતો.

#### કાયદાકીય ફેરફારોની તૈયારી

સંસદીય કાર્યસૂચિ મુજબ, કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ આજે 'જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) બિલ, ૨૦૨૫' પાછું ખેંચવાની મંજૂરી માટે પ્રસ્તાવ રજૂ કરશે. આ બિલમાં કેટલાક મહત્વના સુધારા કરવા માટે તેને પાછું ખેંચવાનો નિર્ણય લેવાયો છે. સરકાર આ બિલના માધ્યમથી વ્યવસાય કરવાની સરળતા (Ease of Doing Business) માં વધારો કરવા માંગે છે.

#### સસ્પેન્શન પાછળનો ઈતિહાસ

ઉલ્લેખનીય છે કે ૪ ફેબ્રુઆરીએ જ્યારે રાહુલ ગાંધી પૂર્વી લદ્દાખમાં ભારત-ચીન સરહદ તણાવનો મુદ્દો ઉઠાવી રહ્યા હતા, ત્યારે વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો કર્યો હતો. તે સમયે સ્પીકર કૃષ્ણ પ્રસાદ ટેનેટીની ખુરશી તરફ કાગળો ફેંકવાના આરોપમાં આ આઠ સાંસદોને સમગ્ર સત્ર માટે સસ્પેન્ડ કરાયા હતા. હવે સસ્પેન્શન રદ થતા વિપક્ષી છાવણીમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**લંડનમાં શીખ અને પાકિસ્તાનીઓ વચ્ચે વિવાદ**

### પંજાબી રેસ્ટોરન્ટના માલિકે હલાલ મીટ મળશે નહીં બોર્ડ લગાવ્યું, 100 લોકોએ હુમલો કર્યો

(એજન્સી) જલંધર । તા. 17

લંડનના હાઈ-પ્રોફાઈલ હેમરસ્મિથ વિસ્તારમાં એક પંજાબી રેસ્ટોરન્ટ માલિક અને પાકિસ્તાની મુસ્લિમો વચ્ચે હલાલ મીટ મામલે વિવાદ થયો છે. 16 વર્ષથી રેસ્ટોરન્ટ ચલાવી રહેલા હરમન કપૂરે જણાવ્યું હતું કે હલાલ મીટ વેચવાનો ઈનકાર કર્યા પછી 100 પાકિસ્તાનીઓના ટોળાએ તેમના પર હુમલો કર્યો હતો.તેમણે કહ્યું- મને હલાલ મીટ વેચવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. મારા બિઝનેસને બચાવવા માટે મારે વિશ્વભરના શીખો પાસેથી મદદ માંગવી પડી રહી છે.

# પેટરનિટી લીવને સોશિયલ સિક્યોરિટી બેનિફિટ બનાવવા કાયદો લાવો

### સમયગાળો માતા-પિતા અને બાળકની જરૂરિયાત મુજબ નક્કી કરો, સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને નિર્દેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને કહ્યું કે તે પેટરનિટી લીવ (પિતૃત્વ રજા) ને સોશિયલ સિક્યુરિટી બેનિફિટ (સામાજિક સુરક્ષા લાભ) તરીકે માન્યતા આપવા માટે કાયદો બનાવે. કોર્ટે કહ્યું કે આ રજાનો સમયગાળો એવો હોવો જોઈએ જે માતા-પિતા અને બાળક બંનેની જરૂરિયાતો અનુસાર નક્કી કરવામાં આવે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે આ વાત તે કેસની સુનાવણી દરમિયાન કહી, જેમાં આ સોશિયલ સિક્યુરિટી કોડની તે કલમને પડકારવામાં આવી હતી જેમાં દત્તક લેનાર માતાને ત્યારે જ પ્રસૂતિ રજા મળશે.



#### સુપ્રીમ કોર્ટમાં ઉદ્યોગની વ્યાખ્યા પર સુનાવણી

સુપ્રીમ કોર્ટની 9 જજોની બંધારણીય બેન્ચ 17 માર્ચથી ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 હેઠળ 'ઉદ્યોગ' શબ્દને વ્યાખ્યાયિત કરવાના વિવાદાસ્પદ મુદ્દા પર સુનાવણી શરૂ કરશે. બેન્ચની અધ્યક્ષતા CJI સૂર્યકાંત કરશે.16 ફેબ્રુઆરીના રોજ કોર્ટે નક્કી કર્યું હતું કે આ બેન્ચ ઉદ્યોગની વ્યાખ્યા, સરકારી સંસ્થાઓની સ્થિતિ, NGO/ચેરિટીની ભૂમિકા અને 1978ના જૂના નિર્ણયની સમીક્ષા જેવા મહત્વના મુદ્દાઓ પર ચુકાદો આપશે.

#### CJIની સલાહ-ફેમિલી કોર્ટમાં વકીલ-જજ કાળા ઝભ્ભા ન પહેરે

ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે સોમવારે કહ્યું કે તે ખૂબ જ જરૂરી છે કે ફેમિલી કોર્ટ બાળકોના મનમાંથી મનોવૈજ્ઞાનિક ડરને દૂર કરે. આ માટે કોર્ટના પરંપરાગત કાર્યપદ્ધતિમાં કેટલાક ફેરફારો કરવામાં આવે. તેમણે પૂછ્યું કે શું ફેમિલી કોર્ટમાં કાળા ઝભ્ભા (ગાઉન) હોવા જોઈએ?CJIએ કહ્યું કે જ્યારે આપણે ફેમિલી કોર્ટ માટે એક નવી વિચારસરણી અને અવધારણા બનાવી રહ્યા છીએ, ત્યારે શું તેનાથી બાળકના મનમાં કોઈ મનોવૈજ્ઞાનિક ડર પેદા નહીં થાય?

### રાજ્યસભા ચૂંટણી- NDAની 37માંથી 22 બેઠકો પર જીત

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

10 રાજ્યોની 37 રાજ્યસભા બેઠકોના ચૂંટણી પરિણામો સોમવારે જાહેર થયા. NDA એ 22 અને વિપક્ષે 15 બેઠકો જીતી છે. NDA ને 10 બેઠકોનો ફાયદો થયો છે. જ્યારે, વિપક્ષને 10 બેઠકોનું નુકસાન થયું. અગાઉ NDA પાસે 12 અને વિપક્ષ પાસે 25 બેઠકો હતી.આ 37 બેઠકોમાંથી 26 પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા. ત્રણ રાજ્યો હરિયાણા, બિહાર અને ઓડિશામાં 11 બેઠકો પર ચૂંટણી યોજાઈ. તેમાંથી 9 બેઠકો NDA ના ખાતામાં ગઈ. વિપક્ષને 2 બેઠકો મળી. ઓડિશા અને હરિયાણામાં કોંગ્રેસના ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું. બિહારમાં વિપક્ષના 4 ધારાસભ્યો મતદાન કરવા પહોંચ્યા જ નહીં.

### બધાને e-KYCની જરૂર નથી; ફક્ત તે લોકો કરાવે જેમનો રેકોર્ડ અધૂરો છે

# ગેસ કનેક્શન બંધ થવાના સમાચારો પર સરકારની સ્પષ્ટતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

કેન્દ્ર સરકારે તે અહેવાલો પર જવાબ આપ્યો છે જેમાં કહેવામાં આવી રહ્યું હતું કે જો ગ્રાહકોએ e-KYC નહીં કરાવ્યું, તો તેમનું ગેસ કનેક્શન કાપી નાખવામાં આવશે. પેટ્રોલિયમ મંત્રાલયે કહ્યું કે eKYCની જરૂરિયાત ફક્ત તે જ ગ્રાહકોને છે, જેમનું વેરિફિકેશન હજુ સુધી થયું નથી.સરકારે કહ્યું કે આ કોઈ નવો નિયમ નથી. મંત્રાલયે સોશિયલ મીડિયા પર જે માહિતી આપી છે, તે જૂના અભિયાનનો જ એક ભાગ છે. તેનો હેતુ ફક્ત એટલો જ છે કે વધુને વધુ ગેસ ગ્રાહકો પોતાનું બાયોમેટ્રિક વેરિફિકેશન કરાવી લે, જેથી સિસ્ટમમાં છેતરપિંડી ન થાય.




#### ઘરે બેઠા કરી શકો છો eKYC

ગ્રાહકોને બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન માટે ગેસ એજન્સી જવાની જરૂર નથી. મંત્રાલયે જણાવ્યું કે eKYCની પ્રક્રિયા ઘરે બેઠા સરળતાથી અને મફતમાં પૂર્ણ કરી શકાય છે.ગ્રાહકો સંબંધિત ગેસ કંપનીની મોબાઈલ એપ દ્વારા તેને જાતે જ પૂર્ણ કરી શકે છે.

#### કોને e-KYC કરાવવું પડશે અને કોને નહીં?

જો તમે સામાન્ય એલપીજી ગ્રાહક છો અને તમે પહેલાથી જ તમારું eKYC કરાવી લીધું છે, તો તમારે આ પ્રક્રિયા ફરીથી કરવાની બિલકુલ જરૂર નથી. આ નિયમ ફક્ત તે લોકો પર લાગુ પડે છે જેમનો રેકોર્ડ હજુ સુધી અપડેટ થયો નથી.ઉજ્જ્વલા યોજનાના ગ્રાહકો માટે નિયમો થોડા અલગ છે. આ ગ્રાહકોએ દર નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછું એકવાર બાયોમેટ્રિક વેરિફિકેશન કરાવવું પડે છે.

### ટપાલ વિભાગની 3 પ્રીમિયમ સર્વિસ શરૂ, OTP વગર પાર્સલ નહીં મળે

# 24 કલાકમાં ગેરંટી સાથે પાર્સલની ડિલિવરી: મોડું થવા પર પૂરા પૈસા પાછા મળશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

હવે તમે ઈન્ડિયા પોસ્ટ દ્વારા તમારા જરૂરી દસ્તાવેજો અથવા પાર્સલ 24 કલાકની અંદર મોકલી શકશો. ભારતીય ટપાલ વિભાગે આજે 17 માર્ચે 3 નવી પ્રીમિયમ સેવાઓ શરૂ કરી છે.આ સેવામાં તમને ટપાલ વિભાગ તરફથી લેખિત ગેરંટી મળશે. ખાસ વાત એ છે કે જો નિર્ધારિત સમયમાં ડિલિવરી ન થઈ તો 'મની-બેક ગેરંટી' હેઠળ તમને પૂરા પૈસા પાછા મળશે.ટપાલ વિભાગે આ સેવાને હાલમાં દેશના



6 મુખ્ય મેટ્રો શહેરોમાં શરૂ કરી છે. તેમાં દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા, બેંગલુરુ અને હૈદરાબાદનો સમાવેશ થાય છે.આ શહેરોમાં ડિલિવરીની સમયમર્યાદા પૂરી કરવા માટે વિભાગે અલગથી પ્રોસેસિંગ યુનિટ્સ બનાવી છે.

#### ટપાલ વિભાગની 3 નવી સેવાઓ

24 સ્પીડ પોસ્ટ: આમાં તમારા જરૂરી ડોક્યુમેન્ટ્સ બુકિંગના બીજા દિવસે પહોંચી જશે.
24 સ્પીડ પોસ્ટ પાર્સલ: આ ભારે સામાન કે બોક્સ માટે છે, જેને 24 કલાકની અંદર ડિલિવર કરવાની ગેરંટી છે.
48 સ્પીડ પોસ્ટ: આમાં તમારા પાર્સલને પહોંચવામાં 2 દિવસ (48 કલાક)નો સમય લાગશે, આ થોડો સસ્તો વિકલ્પ હોઈ શકે છે.

# હિમાચલના મનાલીમાં 2" ફ્રેશ સ્નોફોલ

### રસ્તાઓ પર મુસાફરી જોખમી, બરફનો આનંદ માણતા સ્થાનિકો, આજે 4 જિલ્લામાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ

(એજન્સી) શિમલા । તા. 17

હિમાચલ પ્રદેશના પર્યટન નગર મનાલીમાં ગઈ રાત્રે ફ્રેશ સ્નોફોલ થયો. મનાલી શહેરમાં 2' (ઈંચ), મનાલીના ઊંચા પહાડો પર 5', અટલ ટનલ રોહતાંગમાં 8', રોહતાંગ પાસ અને શિંકુલામાં દોઢ ફૂટથી વધુ ફ્રેશ સ્નોફોલ થયો. બરફવર્ષા પછી પહાડો પરના રસ્તાઓ જોખમી બની ગયા છે.બરફ જામી ગયા પછી વાહનો લપસવાથી અકસ્માતો થઈ રહ્યા છે. આને ધ્યાનમાં રાખીને, પ્રવાસીઓ સહિત સ્થાનિક લોકોને સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની સલાહ આપવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી થઈ રહેલા વરસાદ-બરફવર્ષા પછી તાપમાનમાં પણ ભારે ઘટાડો નોંધાયો છે.



#### 3 જગ્યાએ માઈનસમાં તાપમાન

રાજ્યનું સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 7.2 ડિગ્રી સેલ્સિયસ નીચે અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં 0.6 ડિગ્રી નીચે ગગડી ગયું છે. 3 શહેરોનું લઘુત્તમ તાપમાન માઈનસમાં અને ચંબાનું મહત્તમ તાપમાન 16 ડિગ્રી ઘટ્યા બાદ 11.2 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

#### 6 દિવસ વરસાદ-બરફવર્ષાનો દોર ચાલુ રહેશે: IMD

IMD અનુસાર- રાજ્યમાં વરસાદ અને બરફવર્ષાનો દોર આગામી છ દિવસ સુધી ચાલુ રહેશે. વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા અને મધ્યમ ઊંચાઈવાળા વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. વિભાગ મુજબ 18 થી 20 માર્ચ વચ્ચે રાજ્યના ઘણા ભાગોમાં ફરીથી ભારે વરસાદ અને બરફવર્ષા થશે. આ દરમિયાન ઘણા વિસ્તારોમાં કરાનો કહેર પણ જોવા મળશે.

#### રાજસ્થાનમાં વરસાદથી તાપમાન 4°C ઘટ્યું:યુપીમાં વાવાઝોડાથી 2નાં મોત

દેશભરના રાજ્યોમાં છેલ્લા બે દિવસથી વાવાઝોડું, વરસાદ અને કરાનો દોર ચાલુ છે. રાજસ્થાનના ઘણા ભાગોમાં સોમવારે પણ હળવો વરસાદ થયો. આ પછી તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાયો છે. હનુમાનગઢમાં મહત્તમ તાપમાન 3.7C ઘટીને 26.9C નોંધાયું.ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં સોમવારે રાત્રે ધોધમાર વરસાદ થયો. ઘણા વિસ્તારોમાં કરા પણ પડ્યા. બિજનૌરમાં ભારે વાવાઝોડાને કારણે વૃક્ષો ઉખડી ગયા. સહારનપુરમાં વાવાઝોડાને કારણે ટીન શેડ પડવાથી પૂર્વ સરપંચ સહિત 2 લોકોના મોત થયા.આ તરફ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના મોટાભાગના ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 18-03-2026

## અમરાવાડી દારૂ કેસમાં સંડોવાયેલ સચિન રાજપૂતનો AAP સાથે કોઈ સંબંધ નથી : યાત્રિક પટેલ



અમદાવાદ : આમ આદમી પાર્ટીના મધ્ય ઝોન પ્રમુખ યાત્રિક પટેલે વિડિયો માધ્યમથી જણાવ્યું હતું કે ગત રોજ અમરાવાડી પોલીસે સચિન રાજપૂત નામના વ્યક્તિને દસ લિટર દારૂ સાથે ધરપકડ કરી છે, જે એક સારી બાબત છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ કાર્યવાહી ખરેખર દારૂબંધીના અમલ માટે કરવામાં આવી છે કે આમ આદમી પાર્ટીની છબી ખરાબ કરવા માટે? મીડિયામાં ચાલી રહ્યું છે કે "આમ આદમી પાર્ટીના નેતા સચિન રાજપૂત દસ લિટર દારૂ સાથે ઝડપાયા." આ બાબતે હું સ્પષ્ટપણે કહેવા માગું છું કે સચિન રાજપૂત આમ આદમી પાર્ટીના કોઈપણ પ્રકારના હોદ્દેદાર નથી અને સક્રિય કાર્યકર પણ નથી. બેઠક અને રિક્વિઝિશન બાદ જે ચૂંટણી યોજાઈ હતી, ત્યાર પછી તેમણે કોઈ સંગઠનાત્મક કામગીરી કરી નથી. કોઈપણ રાજકીય પાર્ટીના નિયમ મુજબ, જો કોઈ સભ્ય લાંબા સમય સુધી કોઈ કામગીરી ન કરે, કાર્યક્રમોમાં હાજરી ન આપે, તો તેની સભ્યતા આપોઆપ રદ થઈ જાય છે.AAP નેતા યાત્રિક પટેલે વધુમાં જણાવ્યું હતું કે બીજી તરફ, હું અમરાવાડી પોલીસ તંત્રને કહેવા માગું છું કે જો ખરેખર દારૂબંધીનો અમલ કરાવવો હોય, તો અમરાવાડી વિસ્તારમાં આંગળીના વેઢે ગણાય એટલા દારૂ, ડ્રગ્સ અને જુગારના અડ્ડાઓ ચાલી રહ્યા છે. શક્ય છે કે આ અડ્ડાઓ શાસક પક્ષના આશીર્વાદથી ચાલતા હોય, એટલે પોલીસ તંત્રને તે દેખાતા નથી.

## સુરતમાંથી 3146 કિલો ડ્રગ્સ ઝડપાતા AAP નેતા પાયલ સાકરીયાએ સરકાર પર ઉઠાવ્યા સવાલ



અમદાવાદ : ગુજરાતમાં ખુલ્લેઆમ બેરોકટોક ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું છે, એનો તાજો દાખલો સુરતમાંથી જોવા મળ્યો. ખુદ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હોમ ટાઉનમાંથી 3146 કિલો ડ્રગ્સ, 16 કિલો અફીણ અને 2620 સીરપની બોટલો ઝડપાઈ હતી. આ મુદ્દા પર આમ આદમી પાર્ટીના યુવા નેતા પાયલ સાકરીયાએ વીડિયોના માધ્યમથી ઉગ્ર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, યુવા પેઢીને મજબૂત કરવા માટે અને યુવા પેઢીના ભવિષ્ય માટે આપણે સૌ ચિંતિત હોઈએ ત્યારે ગુજરાતમાં આજે ઠેર ઠેર લાખો અને કરોડોનું ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. સુરતમાં 3146 કિલો ડ્રગ્સ પકડાયું છે. સૌથી મોટી વાત એ છે કે ગુજરાતના ગૃહમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સુરત શહેરથી છે અને એમના શહેરમાંથી હજારો કિલો ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. ડ્રગ્સ પકડાઈ જાય છે પરંતુ ડ્રગ્સ મંગાવનાર અને ડ્રગ્સ મોકલનાર પકડાતો નથી. વર્ષોથી આ જ આપણે જોતા આવ્યા છીએ કે વર્ષોથી ડ્રગ્સ પકડાય છે પરંતુ ડ્રગ્સ મંગાવનારો અને મોકલનાર પકડાતો કેમ નથી? વધુમાં આમ આદમી પાર્ટીના યુવા નેતા પાયલ સાકરીયા જણાવ્યું હતું કે, આજે ખરી વાસ્તવિકતા એ છે કે સુરત ક્રાઈમ કેપિટલ બની ગયું છે અને એની પાછળનું કારણ છે કે ડ્રગ્સના નશામાં યુવાનો ધકેલાઈ રહ્યા છે. આજે સુરતમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ડ્રગ્સ લેવાઈ રહ્યું છે તો ગુજરાતના ગૃહમંત્રી અને સરકારને અમે વિનંતી કરીએ છીએ કે તાત્કાલિક ધોરણે ડ્રગ્સ વેચવાવાળા, ડ્રગ્સ મંગાવવાવાળા લોકોને પકડવામાં આવે. જો આ લોકો પર કંટ્રોલ કરવામાં નહીં આવે તો આવનાર સમયમાં આમ આદમી પાર્ટી તમામ યુવાનોને સાથે રાખીને જનજાગૃતિ અભિયાન ચલાવશે અને સાથે સાથે અમે ડ્રગ્સ બાબતે અવાજ પણ ઉઠાવીશું અને સવાલો પણ કરીશું. જ્યારે એક મોટું ઉગ્ર આંદોલન થશે ત્યારે તમારા હાથમાં કંઈ નહીં રહે અને તમે ફક્ત પોતાના બચાવ કરવા સિવાય કંઈ નહીં કરી શકો. તો અમારી માંગ છે કે ડ્રગ્સ મંગાવનાર, અને મોકલનાર લોકો પર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

# અમદાવાદ રેલ મંડળમાં 'કવચ 4.0'નું ઝડપી વિસ્તરણ સુરક્ષિત મુસાફરી તરફ મજબૂત પગલા

(એજન્સી) અમદાવાદ | તા 17

'કવચ 4.0' એક સ્વદેશી રીતે વિકસિત સ્વચાલિત ટ્રેન સુરક્ષા (એટીપી) પ્રણાલી છે. કવચ એક ઉચ્ચ તકનીકી આધારિત પ્રણાલી છે, જેને સર્વોચ્ચ સ્તર (SILઈએસ એઆઈ ઈએસ આઈ ઈએલ-4)નું સુરક્ષા પ્રમાણન આવશ્યક છે. 'કવચ' લોકો પાઈલટને નિર્ધારિત ગતિ મર્યાદામાં ટ્રેન ચલાવવામાં મદદ કરે છે. જો લોકો પાઈલટ એવું કરવામાં નિષ્ફળ જાય, તો આ પ્રણાલી આપમેળે બ્રેક લગાવે છે અને ખરાબ હવામાનમાં પણ ટ્રેનોને સુરક્ષિત રીતે ચલાવવામાં સહાય કરે છે. આ ભારતીય રેલવે માટે સુરક્ષાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે. 'કવચ' એક સ્વદેશી સ્વચાલિત ટ્રેન સુરક્ષા પ્રણાલી છે, જેનો મુખ્ય હેતુ ટ્રેનોની અથડામણ અટકાવવા, સિગ્નલ ઉલ્લંઘન (SPAD)થી બચાવ કરવો અને સલામત તથા નિયંત્રિત સંચાલન સુનિશ્ચિત કરવાનો છે. આ પ્રણાલીમાં RFID (Radio Frequency Identification) ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં ટ્રેક પર RFID ટેગ લગાવવામાં આવે છે અને લોકોમોટિવમાં લગાવવામાં આવેલા રીડર દ્વારા ટ્રેનનું ચોક્કસ સ્થાન, સિગ્નલની સ્થિતિ અને ગતિ મર્યાદાની માહિતી પ્રાપ્ત થાય છે.



**અમદાવાદ મંડળમાં 'કવચ' પ્રણાલીનો અમલ** ભારતીય રેલવે દ્વારા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિકસિત આ આધુનિક સ્વદેશી પ્રણાલી 'કવચ'નો અમલ અમદાવાદ મંડળમાં પણ ઝડપી ગતિએ કરવામાં આવી રહ્યો છે. આ પ્રણાલી ટ્રેન સંચાલનને વધુ સુરક્ષિત, જવાબદાર અને નિયંત્રિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

**1. વટવા લોકો શેડમાં પ્રગતિ** વટવા લોકો શેડમાં કુલ 180 એન્જિનોમાં 'કવચ' સ્થાપિત કરવાની યોજના છે. અત્યાર સુધી 72 એન્જિનોમાં કામ પૂર્ણ થયું છે, જ્યારે બાકીના એન્જિનો પર કાર્ય પ્રગતિમાં છે. આ કાર્ય માટે પ્રશિક્ષિત ટેકનિકલ સ્ટાફની એક સમર્પિત ટીમની નિમણૂક કરવામાં આવી છે, જે તબક્કાવાર કવચ ની સ્થાપના કરી રહ્યા છે.

**2. સાબરમતી લોકો શેડમાં પ્રગતિ**
સાબરમતી લોકો શેડમાં 34 એન્જિનોમાં 'કવચ' સ્થાપિત કરવાનું છે.તેમાંથી અત્યાર સુધી 6 એન્જિનો પર ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બાકીના એન્જિનો પર કામ ચાલુ છે. આ કાર્ય માટે ટેકનિકલ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે, જેઓ કવચની સૂક્ષ્મ સ્થાપના પ્રક્રિયા હાથ ધરી રહ્યા છે.

**3. ટ્રેક સેકશનમાં 'કવચ' સ્થાપન સ્થિતિ** અમદાવાદ-પાલનપુર અને અમદાવાદ-સામાખ્યાલી સેકશન (કુલ 402 આરકેએમ): આ રેલ ખંડ પર 410.10 કરોડના ખર્ચે કવચ સ્થાપિત કરવાનું કાર્ય પ્રગતિમાં છે.પાલનપુર-સામાખ્યાલી-ગાંધીધામ સેકશન (300 આરકેએમ): આ ખંડ પર 182.81 કરોડના ખર્ચે કવચ સ્થાપિત કરવાનું કાર્ય પ્રગતિમાં છે. અમદાવાદ-ગેરતપુર સેકશન (13.42 કિમી): આ ખંડ પર કવચ સ્થાપિત કરવાનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે.



રામપુરાની પાંડવ ગુફાનું રહસ્ય: જ્યાં અજ્ઞાતવાસ દરમિયાન પાંડવોએ કરી હતી શિવ ઉપાસના

## રામપુરા ઘાટ અને ત્રિવેણી સંગમ: જ્યાં નર્મદા, કીડીમંકોડી અને ગુપ્ત ગોદાવરીનો થાય છે મિલાપ

રાજપીપલા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલા રામપુરા ઘાટથી શરૂ થતી નર્મદાની ઉત્તરવાહિની પરિક્રમા માત્ર ધાર્મિક યાત્રા નથી, પરંતુ શ્રદ્ધા, પૌરાણિકતા અને આધ્યાત્મિક અનુભૂતિનો અનોખો સંયોગ છે. નર્મદા નદી સામાન્ય રીતે પશ્ચિમ તરફ વહે છે, પરંતુ અહીં તે થોડા અંતર માટે ઉત્તર દિશામાં વહે છે, જેને "ઉત્તરવાહિની" તરીકે ઓળખવામાં આવે છે. હિંદુ ધર્મમાં ઉત્તરવાહિની નદીઓ વિશેષ પુણ્યદાયી માનવામાં આવે છે. નર્મદા નદીને 'માતા રેવા' તરીકે પૂજવામાં આવે છે. માન્યતા મુજબ નર્મદાના દર્શન માત્રથી જ પાપોનો નાશ થાય છે, જ્યારે અન્ય નદીઓમાં સ્નાન જરૂરી ગણાય છે. ઉત્તરવાહિની પ્રવાહને ખાસ પવિત્ર માનવામાં આવે છે, કારણ કે તે આધ્યાત્મિક ઊર્જાનો પ્રતિક છે. રામપુરાથી શહેરાવ સુધી નર્મદા નદીનો આ ઉત્તરવાહિની પ્રવાહ આશરે ૭ કિલોમીટર સુધી વિસ્તરેલો છે, જે યાત્રાળુઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બને છે. જ્યાંથી ઉત્તરવાહિની શરૂ થાય છે તેવા રામપુરા ઘાટ નજીક આવેલી પાંડવ ગુફા પૌરાણિક કથાઓ સાથે જોડાયેલી છે. સ્થાનિક અગ્રણી શ્રી હરેન્દ્રસિંહ ગોહિલે કહ્યું કે, માન્યતા મુજબ મહાભારતકાળ દરમિયાન પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન અહીં નિવાસ કર્યો હતો. કહેવામાં આવે છે કે, તેમણે અહીં સાત ગુફાઓ બનાવી અને તેમાં ભગવાન શિવની સ્થાપના કરી હતી. આજે તેમાંથી માત્ર એક ગુફા જ અસ્તિત્વમાં છે, પરંતુ તેની પવિત્રતા યથાવત છે. ગુફામાં સ્થાપિત શિવલિંગ ભક્તો માટે શ્રદ્ધાનું કેન્દ્ર છે. સ્થાનિક માન્યતા મુજબ અહીં કરવામાં આવેલા યજ્ઞની ભભૂતી ધારણ કરવાથી દુ:ખ-દર્દમાં રાહત મળે છે.

## રેલ અવસંરચનાને મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિ

વડોદરા : વડોદરા મંડળ દ્વારા રેલ અવસંરચનાને મજબૂત અને આધુનિક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાં આણંદ-ગોધરા ખંડ હેઠળ લેવલ ક્રોસિંગ નંબર 54એ પર રિલીવિંગ ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર ઈન્ફ્રાનું આ મહત્વપૂર્ણ કાર્ય તારીખ 16 માર્ચ, 2026ના રોજ અપ લાઈન તથા 17 માર્ચ, 2026ના રોજ ડાઉન લાઈન પર આયોજિત 3 કલાકના ટ્રાફિક બ્લોક દરમિયાન કુશળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. કાર્ય દરમિયાન બધા જરૂરી સુરક્ષા માનકોનું કડકપણે ખાતરી કરવામાં આવી, જેનાથી યાત્રાયાત્રા સંચાલન પર ન્યૂનતમ અસર થઈ. ઉલ્લેખિત અવસંરચના કાર્યના અમલીકરણમાં 500 ટન ક્ષમતા વાળી અત્યાધુનિક ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો, જેનાથી ગર્ડરનું પ્રક્ષેપણ અત્યંત સચોટતા અને સુરક્ષિત રીતે કરી શકાયું.આ કાર્યની સમયબદ્ધ અને સફળ પૂર્ણતા વડોદરા મંડળની તકનીકી કુશળતા, યોજનાબદ્ધ કાર્યપદ્ધતિ તથા પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.વડોદરા મંડળ રેલ અવસંરચનાના ઉન્નયન અને આધુનિકીકરણ માટે સતત પ્રતિબદ્ધ છે, જેથી યાત્રીઓને વધુ સારી, સુરક્ષિત અને વિશ્વસનીય સેવાઓ પૂરી પાડી શકાય.

## બનાસકાંઠાનો થાવર-જેરદા રોડ 4 લેન બનાવાશે

બનાસકાંઠા ; માર્ગ અપગ્રેડ થવાથી ના માત્ર સ્થાનિક પરિવહન સુવિધાઓમાં સુધારો થશે, પરંતુ રાજસ્થાનના સિરોહી અને પાલી વિસ્તારમાં જતાં વાહનવ્યવહાર માટે પણ માર્ગ સરળ બનશે. હાલના સમયમાં આ વિસ્તારમાં વિશેષ કરીને ધનેરા નજીકના ભાગોમાં ટ્રાફિકની વધારે તીવ્રતા જોવા મળે છે. બનાસકાંઠા જિલ્લામાં મહત્વપૂર્ણ માર્ગ વિકાસ યોજના પર મંજૂરી મળી છે. રાષ્ટ્રીય રાજમાર્ગ-168Aના થાવર-ઝેરદા ખંડ (લંબાઈ 22.45 કિમી)ને 4-લેન માર્ગમાં અપગ્રેડ કરવાની મંજૂરી મળી છે, જે માટે કુલ 451.49 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ રોડ ધનેરા તાલુકા શહેરમાંથી પસાર થાય છે અને ઝેરદા ગામ (ડીસા નજીક) સુધી જોડાય છે. માર્ગ અપગ્રેડ થવાથી ના માત્ર સ્થાનિક પરિવહન સુવિધાઓમાં સુધારો થશે, પરંતુ રાજસ્થાનના સિરોહી અને પાલી વિસ્તારમાં જતાં વાહનવ્યવહાર માટે પણ માર્ગ સરળ બનશે. હાલના સમયમાં આ વિસ્તારમાં વિશેષ કરીને ધનેરા નજીકના ભાગોમાં ટ્રાફિકની વધારે તીવ્રતા જોવા મળે છે, જેના કારણે વાહનચાલકોને વારંવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ યોજના હેઠળ ધનેરા વિસ્તારમા 5.5 મીટર સર્વિસ રોડનો પુનઃનિર્માણ પણ કરવામાં આવશે. 4-લેનમાં અપગ્રેડ થયેલા માર્ગ સાથે ટ્રાફિકની ભીડમાં ઘટાડો થશે, માર્ગ સલામતીમાં સુધારો થશે અને વાહનોની ગતિ વધશે.

## ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન, અમદાવાદ દ્વારા આયોજીત ત્રીજા આર્ટિકલશિપ મેળાને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો

અમદાવાદ : આર્ટિકલશિપ પ્લેસમેન્ટને સુવ્યવસ્થિત કરવાના હેતુથી એક અનોખી પહેલમાં, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન, અમદાવાદ (CAAA) એ આજરોજ સ્પોર્ટ્સ ક્લબ ખાતે ત્રીજા આર્ટિકલશિપ મેળાનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. તેમાં 100 વિદ્યાર્થીઓએ રૂબરૂ હાજરી આપી હતી અને 34 પ્રતિષ્ઠિત CA ફર્મ્સે ભાગ લીધો હતો. શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારો સાથે માળખાગત ઈન્ટરવ્યુ થયા હતા, જેનાથી બંને પક્ષો માટે ગતિશીલ, ઉચ્ચ-મૂલ્યનું પ્લેટફોર્મ બન્યું હતું. આ કાર્યક્રમને સહભાગીઓ અને નિરીક્ષકો દ્વારા વ્યાપકપણે પ્રશંસા કરવામાં આવી હતી. સ્પોર્ટ્સ ક્લબ ખાતે યોજાયેલો આર્ટિકલશિપ મેળો કોઈ સામાન્ય જોબ ફેર નહોતો, પરંતુ એક સુવ્યવસ્થિત પ્લેટફોર્મ હતું જે પ્રથમ વર્ષના સીએ વિદ્યાર્થીઓ અને આર્ટિકલશિપ શોધતી કંપનીઓ વચ્ચે લક્ષિત અને અર્થપૂર્ણ મેચમેકિંગને સક્ષમ બનાવતો હતો. ટેક-સક્ષમ પ્રક્રિયા દ્વારા, વિદ્યાર્થીઓને તેમના પસંદગીના પ્રેક્ટિસ ક્ષેત્રો (જેમ કે ઓડિટ, ટેક્સેશન, GST, આંતરિક ઓડિટ) અને ભૌગોલિક પસંદગીઓ સૂચવવાનું કહેવામાં આવ્યું હતું, જ્યારે સીએ કંપનીઓએ તેમના પસંદગીના માપદંડ પૂરા પાડ્યા હતા. ત્યારબાદ બંને બાજુઓને સ્માર્ટ ડેશબોર્ડ દ્વારા મેપ કરવામાં આવ્યા હતા, જે કાર્યક્ષમ શોર્ટલિસ્ટિંગને સરળ બનાવે છે અને સ્થળ પર ઈન્ટરવ્યુને સક્ષમ બનાવે છે.


## કબજાની સૂચના

જ્યારે, **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ની કલમ 13 (12) અને નિયમ 3 હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ઉધાર લેનારા/લેનારા/લેનારાઓને **માંગ નોટિસ** જારી કરી હતી, જેમાં ઉધાર લેનારાઓને ઉપરોક્ત નોટિસ પ્રાપ્ત થયાના **60 દિવસ**ની અંદર ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત લાગુ દરે વ્યાજ સાથે સંબંધિત નામો સામે ઉલ્લેખિત રકમ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, તેમજ ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડતા આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે તરીકે ભવિષ્યના વ્યાજ સાથે.

| ક્ર. નં. | લોન નં. | ઉધાર લેનાર/ સહ-ઉધાર લેનાર/જામીન આપનાર/ગીરો આપનાર | ૧૩(૨) નોટિસ તારીખ/બાકી બાકી (રૂ.માં) | તારીખ/સમય અને કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 31529610000697 | 1) ઈશ્વર અજાબરાવ સુરડાકર 2) બેબીબાઈ અજાબરાવ સુરલકર | 09/01/2026, રૂ. 21,34,132/- (અક્ષરે રૂપિયા એકવીસ લાખ ચોંત્રીસ હજાર એક સો બત્રીસ પૂરા) 06/01/2026 ના રોજ મુજબ | તારીખ: 16/03/2026 સમય: 12:00 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** : જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલ, દુબઈ પ્લોટ વિસ્તારમાં સ્થિત, બ્લોક નંબર 20 ના સી.એસ. નંબર 1647, પ્લોટ નંબર 6/B/પૈકીની જમીન પર બાંધવામાં આવેલ રહેણાંક મકાનની સ્થાવર મિલકત, કુલ જમીન 83.70 ચો. મીટર. સીમાઓ: પૂર્વ: પ્લોટ નંબર 4/A ની સંલગ્ન મિલકત, પશ્ચિમ: 20.00 ફૂટ પહોળો સંલગ્ન રોડ, ઉત્તર: સંલગ્ન રોડ, દક્ષિણ: પ્લોટ નંબર 6/A ની સંલગ્ન મિલકત. | | | |
| 2 | 31529610000572 | 1) શુક્લા રવિન્દ્રકુમાર જીતેન્દ્રકુમાર 2) પારસ ઉદયકુમાર કામદાર | 09/01/2026, રૂ. 26,22,502/- (અક્ષરે રૂપિયા છવ્વીસ લાખ બાવીસ હજાર પાંચ સો બે પૂરા) 06/01/2026 ના રોજ મુજબ | તારીખ: 16/03/2026 સમય: 12:41 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** રાજકોટ ખાતે સ્થિત, રૈયા રેવન્યુ સર્વે નંબર 221/પૈકી, "શાંતિનગર" તરીકે ઓળખાતી બિનખેતી જમીન ક્ષેત્રફળ 2009-40 ચો. મીટરના પ્લોટ નંબર 71 થી 90 પર બનેલ લો-રાઈઝ બિલ્ડિંગ "સનસિટી એન્ક્લેવ" ના વિંગ-A માં ત્રીજા માળે આવેલ ફ્લેટ નંબર 302, બાંધકામ રહેણાંક મિલકત ક્ષેત્રફળ 53.30 ચો. મીટર. સીમાઓ: પૂર્વ: માર્જિન ત્યારબાદ 9.00 મીટર પહોળો રોડ, પશ્ચિમ: એન્ટ્રી, વિંગ-A, લિફ્ટ, ઓ.ટી.એસ., પેસેજ ત્યારબાદ ફ્લેટ નંબર 301, ઉત્તર: માર્જિન પેસેજ ત્યારબાદ 9.00 મીટર પહોળો રોડ, દક્ષિણ: વિંગ-A, ફ્લેટ નંબર 303. | | | |
| 3 | 31809420001260 & 31809410000748 | 1) શેખ જુનૈદ અબ્દુલગફુર 2) શેખ શબીનાબાનુ જુનૈદભાઈ | 09/01/2026, રૂ. 20,86,157/- (અક્ષરે રૂપિયા વીસ લાખ છ્યાસી હજાર એક સો સત્તાવન પૂરા) 06/01/2026 ના રોજ મુજબ | તારીખ: 16/03/2026 સમય: 01:55 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** : જિલ્લો ખેડા, સબ ડિસ્ટ્રિક્ટ- નડિયાદ, મોજે ગામ નડિયાદ હિરજી પાર્ટી, રેવન્યુ સર્વે નંબર 2227, હે.આરે. 0-68-80 કુલ ક્ષેત્રફળ 6880.00 ચો. મીટર પૈકી ખાતા નંબર 263, "સમીર રેસિડેન્સી" પ્લોટ નંબર 45 ક્ષેત્રફળ 39.16 ચો. મીટર ખુલ્લી જમીન, રોડ અને કોમન એરિયા ક્ષેત્રફળ 12.00 ચો. મીટર, કુલ ક્ષેત્રફળ 51.16 ચો. મીટર, વિ.વિ. વોર્ડ નંબર 2, સીટી સર્વે નંબર 2503 પૈકી. સીમાઓ: પૂર્વ: પ્લોટ નંબર 398 આવેલ છે, પશ્ચિમ: સોસાયટી રોડ આવેલ છે, ઉત્તર: પ્લોટ નંબર 46 આવેલ છે, દક્ષિણ: પ્લોટ નંબર 44 આવેલ છે. | | | |
| 4 | 31809420002514 | 1) સોલંકી કલ્પેશભાઈ અંબાલાલ 2) હરિજન જશીબેન અંબાલાલ | 09/01/2026, રૂ. 9,34,333/- (અક્ષરે રૂપિયા નવ લાખ ચોંત્રીસ હજાર ત્રણ સો તેંત્રીસ પૂરા) 06/01/2026 ના રોજ મુજબ | તારીખ: 16/03/2026 સમય: 01:35 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** : જિલ્લો- ખેડા, સબ ડિસ્ટ્રિક્ટ નડિયાદ, મોજે ગામ-નડિયાદ, રેવન્યુ સર્વે નંબર 2388/A, 2392 થી 2396, 2407, સીટી સર્વે નંબર 359, વિ.વિ. નંબર 2, શીટ નંબર 81/2, ક્ષેત્રફળ 15884.54 ચો. મીટર પૈકી પ્લોટ નંબર 132, ક્ષેત્રફળ 38.00 ચો. મીટર, ગ્રાઉન્ડ ફ્લોરનું બાંધકામ ક્ષેત્રફળ 24.50 ચો. મીટર, જય મહારાજ સોસાયટી, એસ.ટી. નગરની સામે, કપડવંજ રોડ, નડિયાદ-387001. પ્લોટ નંબર 132 ની સીમાઓ: પૂર્વ: મકાન નંબર 131 આવેલ છે, પશ્ચિમ: મકાન નંબર 133 આવેલ છે, ઉત્તર: મકાન નંબર 136 આવેલ છે, દક્ષિણ: સોસાયટી રોડ આવેલ છે. | | | |
| 5 | 33029610000226 & 33029410000096 | 1) ગોસ્વામી વિકાસ સુરજગીરી 2) ગોસ્વામી રિંકી વિકાસ | 09/01/2026, રૂ. 24,10,409/- (અક્ષરે રૂપિયા ચોવીસ લાખ દસ હજાર ચાર સો નવ પૂરા) 09/01/2026 ના રોજ મુજબ | તારીખ: 16/03/2026 સમય: 04:10 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** : અમદાવાદ જિલ્લાના વટવા તાલુકાના મોજે: વસ્ત્રાલમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર 105 (વસ્ત્રાલ-રામોલ) ના રેવન્યુ સર્વે નંબર 1021/2 ના બદલામાં ફાળવવામાં આવેલ બિનખેતી જમીન ફાઈનલ પ્લોટ નંબર 9/2 ક્ષેત્રફળ 9581.40 ચો. મીટર પર બનેલ "સીતારામ સીટી" તરીકે ઓળખાતી સ્કીમમાં ત્રીજા માળે આવેલ ફ્લેટ નંબર L/301, જેનું ક્ષેત્રફળ 77 ચો. વાર (સુપર બિલ્ટ-અપ) છે તેની તમામ સ્થાવર મિલકત. સીમાઓ: પૂર્વ: 9 મીટર રોડ, પશ્ચિમ: ફ્લેટ નંબર L/304, ઉત્તર: ફ્લેટ નંબર L/308 અને સીડી, દક્ષિણ: ફ્લેટ નંબર L/302. | | | |
| 6 | 33369610000664 | 1) સની મહેશકુમાર સુખ્યાણી 2) કાંચી સની સુખ્યાણી | 09/01/2026, રૂ. 30,31,351/- (અક્ષરે રૂપિયા ત્રીસ લાખ એકત્રીસ હજાર ત્રણ સો એકાવન પૂરા) 06/01/2026 ના રોજ મુજબ | તારીખ: 16/03/2026 સમય: 04:49 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** : અમદાવાદ જિલ્લાના અસારવા તાલુકાના મોજે: સરસનગર (નરોડા) માં આવેલ સીટી સર્વે નંબર 3977 પૈકી પ્લોટ નંબર 45 પૈકીની જમીન પર "મીનાક્ષી (કુબેરનગર) ઓનર્સ એસોસિએશન" તરીકે ઓળખાતી સ્કીમમાં પ્રથમ માળે આવેલ ફ્લેટ નંબર A/108, જેનું ક્ષેત્રફળ 105 ચો. મીટર (સુપર બિલ્ટ-અપ) છે તેની તમામ સ્થાવર મિલકત. સીમાઓ: પૂર્વ: ફ્લેટ નંબર A-107, પશ્ચિમ: ખુલ્લી જગ્યા ત્યારબાદ બ્લોક-B, ઉત્તર: પેસેજ ત્યારબાદ ફ્લેટ નંબર A-101, દક્ષિણ: ખુલ્લી જગ્યા ત્યારબાદ બાઉન્ડ્રી. | | | |
| 7 | 32119630000257 | 1) અશોકકુમાર ભેમાજી સોની 2) કમલાબેન અશોકભાઈ સોની | 09/01/2026, રૂ. 19,76,599/- (અક્ષરે રૂપિયા ઓગણીસ લાખ છોંતેર હજાર પાંચ સો નવાણું પૂરા) 06/01/2026 ના રોજ મુજબ | તારીખ: 16/03/2026 સમય: 06:32 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** : ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના નવા ડીસા સીમમાં રેવન્યુ સર્વે નંબર 33/2+ 33/1 પૈકી, સીટી સર્વે નંબર 4699, શીટ નંબર 9 માં આવેલ પ્લોટ નંબર 41 પૈકીની રહેણાંક મિલકત, જેનું કુલ ક્ષેત્રફળ આશરે 75.00 ચો. મીટર (807.00 ચો. ફૂટ) છે. સીમાઓ: ઉત્તર: પ્લોટ નંબર 41 પૈકીની જમીન, દક્ષિણ: 9.00 મીટર પહોળો આંતરિક માર્ગ, પૂર્વ: 6.00 મીટર પહોળો આંતરિક રોડ, પશ્ચિમ: પ્લોટ નંબર 46. | | | |

જ્યારે, ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓએ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, ત્યારે અહીં ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ ઉપરોક્ત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા કાયદાની કલમ 13 (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર વર્ણવેલ મિલકતો/સુરક્ષિત **સંપત્તિઓનો કબજો** લીધો છે. અહીં ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરો અને ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે કોઈપણ વ્યવહાર **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ના ચાર્જને આધીન રહેશે.

| | |
|---|---|
| **સ્થળ: અમદાવાદ** | **Sd/- અધિકૃત અધિકારી** |
| **તારીખ: 18.03.2026** | **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ વતી** |

**જના સ્મોલ ફાઈનાન્સ બેંક** (એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)
**રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલૂરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧. પ્રાદેશિક શાખા ઓફિસ: ૨૦૮ થી ૨૧૩, બીજો માળ, શાંગરીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.**


# રાજ્ય સરકાર અને પ્રેસ ક્લબની અનોખી પહેલ

## વિધાનસભામાં આરોગ્ય મહોત્સવ: અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ધારાસભ્યો અને પત્રકારો માટે મેડિકલ કેમ્પ ખુલ્લો મૂક્યો

(એજન્સી) ગાંધીનગર | તા 17

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ ક્લબના સંયુક્ત ઉપક્રમે આજે ગુજરાત વિધાનસભા ખાતે ધારાસભ્યો અને પત્રકારો માટે એલોપેથિક, આયુર્વેદિક અને હોમિયોપેથિક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં આ કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ પ્રિવેન્ટિવ હેલ્થ ચેકઅપ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય સતત લોકસેવા અને અવિરત કામગીરીમાં વ્યસ્ત રહેતા ધારાસભ્યો અને પત્રકારોના સ્વાસ્થ્યની જાળવણી કરવાનો છે. સમાજમાં આ બંને વર્ગોની ભૂમિકા અત્યંત મહત્વની છે, તેથી બિમાર થયા પછી સારવાર લેવા કરતા રોગનું વહેલું નિદાન થાય તે અનિવાર્ય છે.વધુમાં વિધાનસભાના અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું કે, પત્રકાર મિત્રો ગમે તેવી વિષમ પરિસ્થિતિ હોય તડકો, વરસાદ, ઠંડી કે કુદરતી આફતોમાં પોતાના જીવના જોખમે પણ રિપોર્ટિંગની કામગીરી બજાવતા હોય છે.



**શ્રી કિશોર અંજારીયાએ જણાવ્યું હતું કે :**
છેલ્લા ૧૫ વર્ષથી અમે મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ દ્વારા જનજાગૃતિનું કાર્ય કરીએ છીએ. આ ઉપરાંત, આગામી સમયમાં પણ અમે આવા લોકજાગૃતિના કાર્યો કરતા રહીશું. આ મેડિકલ કેમ્પમાં બ્લડ રિપોર્ટ, યુરીન રિપોર્ટ, ઈસીજી જેવા વિવિધ ટેસ્ટ કરવામાં આવશે. તેમજ સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો દ્વારા રિપોર્ટ કરાશે.

**આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે :** જનપ્રતિનિધિઓ અને પત્રકારો સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત બને તે હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઘણીવાર ધારાસભ્યો અને પત્રકારોની વ્યસ્ત દિનચર્યાને કારણે શરીરમાં નાની-નાની તકલીફો વકરતી હોય છે. આવા હેલ્થ કેમ્પના માધ્યમથી વહેલી તકે રોગનું નિદાન થવાથી માનસિક તણાવ પણ દૂર થાય છે. મેં અગાઉ ધારાસભ્ય તરીકે અને આજે મંત્રી તરીકે પણ આ કેમ્પનો લાભ લીધો છે.

**બિમાર પડ્યા પછી નહીં, પરંતુ રોગના આગોતરા નિદાન માટે હેલ્થ ચેકઅપ જરૂરી: શંકરભાઈ ચૌધરી :** પત્રકાર મિત્રો ગમે તેવી વિષમ પરિસ્થિતિ હોય તડકો, વરસાદ, ઠંડી કે કુદરતી આફતોમાં પોતાના જીવના જોખમે પણ રિપોર્ટિંગની કામગીરી બજાવતા હોય છે. ઘણીવાર તેજ ગતિએ બદલાતી ઘટનાઓ અને કામના ભારણને કારણે તેઓ પોતાના સ્વાસ્થ્ય અને નિયમિત બોડી ચેકઅપ પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતા નથી.


LIC MUTUAL FUND

**LIC Mutual Fund Asset Management Limited**
**(Investment Managers to LIC Mutual Fund)**
**CIN No: U67190MH1994PLC077858**
Registered Office: Industrial Assurance Bldg. 4th Floor,
Opp. Churchgate Station, Mumbai – 400 020.
Tel. No. 022-66016000 Toll Free No. 1800 258 5678 Fax No. 022-66016191
Email: service_licmf@kfintech.com Website: www.licmf.com

**INVESTOR AWARENESS PROGRAM (IAP)**

NOTICE is hereby given that an Investor Awareness Program (IAP) is proposed to be conducted by LIC Mutual Fund Asset Management Limited (AMC) on **22nd March 2026** at Silvercloud Hotel & Banquets, Opposite Gandhi Ashram & Dandi Bridge Ashram Road, Wadaj, Ahmedabad from **3 p.m. to 5 p.m**. The IAP program will be addressed by **Mr. Ankur Darji, Trainer** and is open for maximum 200 attendees. The registration for the IAP program will be available on first cum first serve basis. This program is a part of the Investor Education and Awareness initiative of LIC Mutual Fund.

For further details contact: Ms. Ela Chaudhary, Contact Number: 8376833833

**For LIC MUTUAL FUND ASSET MANAGEMENT LIMITED**

Sd/-
**Authorized Signatory**

Date: 18th March 2026
Place: Mumbai

**As part of Go-Green initiative, investors are encouraged to register/update their email ID and Mobile Number with us to support paper-less communication.**

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**


## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાતે નેશનલ ડિફેન્સ કોલેજ NDCના અધિકારીઓ



ગાંધીનગર : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાત નવી દિલ્હી સ્થિત નેશનલ ડિફેન્સ કોલેજ NDCના અભ્યાસ વર્ગમાં સહભાગી થઈ રહેલા સભ્યોની ટીમે ગાંધીનગરમાં લીધી હતી. નેશનલ ડિફેન્સ કોલેજ ભારતીય સશસ્ત્ર દળોના બ્રિગેડિયર રેન્કના અધિકારીઓ, સિવિલ સર્વિસીસના જોઈન્ટ સેક્રેટરી અને ડિરેક્ટર કક્ષાના અધિકારીઓ તથા પાર્ટનર કન્ટ્રીઝના વિદેશી લશ્કરી અધિકારીઓ માટે રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યુહાત્મક અભ્યાસ પર અભ્યાસક્રમ ચલાવે છે. આ વર્ષે ઈકોનોમિક સિક્યોરિટી વિષયક અભ્યાસ વર્ગની બેચમાં ભારતીય સશસ્ત્ર દળોના 61, સિવીલ સર્વિસીસના 20 અને પાર્ટનર ફોરેન કન્ટ્રીઝના 41 મળી કુલ 122 અધિકારીઓનો સમાવેશ થયેલો છે. આ અભ્યાસ વર્ગ દરમિયાન દેશના જુદા-જુદા રાજ્યોની સ્ટડી ટુરના આયોજનના ભાગરૂપે ગુજરાત પ્રવાસે આવેલા NDCના 17 અધિકારીઓની એક ટીમ રિઅર એડમીરલ શ્રી સંદિપ સિંઘ સંધુના નેતૃત્વમાં ભારતીય સેનાની ત્રણે પાંખ ઉપરાંત ઈન્ડિયન રેવન્યુ સર્વિસીઝ, કોમ્યુનિકેશન સર્વિસીઝ તેમજ પાર્ટનર કન્ટ્રીઝના લશ્કરી અધિકારીઓ મંગળવારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યા હતા. કાસની વડાપ્રધાનશ્રીની પ્રતિબદ્ધતાના સંદર્ભમાં જણાવ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### તક્ષશિલા જેવી દુર્ઘટનાનો ભય રહેવાસીઓ ફફડાટમાં, રાંદેર ઝોનમાં જનતા ત્રાહિમામ ઉગત વિસ્તારમાં મુશ્કેલી વધી

# સુરત પાલિકાની ગંભીર બેદરકારી રહેણાંકમાં ફેક્ટરીઓનો ધમધમાટ

(એજન્સી) સુરત । તા. 17

ડાયમંડ સિટી સુરતમાં પાલિકા તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકી રહી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. શહેરના વરાછા ઝોનમાં રહેણાંક વિસ્તારોમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓના ન્યુસન્સ બાદ હવે રાંદેર ઝોન વિસ્તારમાં પણ આ ગંભીર સમસ્યા વકરી રહી છે. ખાસ કરીને ઉગત અને જહાંગીરાબાદ વિસ્તારની રહેણાંક સોસાયટીઓની આસપાસ ગેરકાયદેસર રીતે ધમધમતી કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ એક્ટિવિટીને કારણે સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જો પાલિકા તંત્ર સમયસર જાગશે નહીં, તો ભૂતકાળમાં બનેલી તક્ષશિલા અગ્નિકાંડ જેવી ભયાનક દુર્ઘટનાનું પુનરાવર્તન થવાની ભીતિ સેવાઈ રહી છે.

રાંદેર ઝોનના ઉગત વિસ્તારમાં આવેલી પંચવટી સોસાયટી અને વારીગૃહ પાછળના રહેણાંક વિસ્તારોમાં પાલિકાના અધિકારીઓની મિલીભગત અથવા તો ગંભીર બેદરકારીને કારણે લોકોની મુશ્કેલીમાં મોટો વધારો થયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, શાંત રહેણાંક વિસ્તારની મધ્યમાં જ મોટી ફેક્ટરીઓ અને મંડપ સર્વિસના વિશાળ ગોડાઉનો ઉભા કરી દેવામાં આવ્યા છે. આ ગોડાઉનોમાં જ્વલનશીલ પદાર્થો અને મંડપના સામાનનો મોટો જથ્થો હોવા છતાં ફાયર સેફ્ટીના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. આસપાસ રહેતા પરિવારોમાં સતત એવો ભય છે કે જો કોઈ નાની તણખલી પણ ઝરશે, તો આખો વિસ્તાર લપેટમાં આવી શકે છે.

અગાઉ સુરત પાલિકાના વરાછા ઝોનમાં સણીયા હેમાદ સહિતની સોસાયટીઓમાં પણ આ પ્રકારની ફરિયાદો ઉઠી હતી. જોકે, તંત્ર દ્વારા ત્યાં કોઈ નક્કર નિવારણ લાવવામાં આવે તે પહેલા જ રાંદેર ઝોનમાં આ ન્યુસન્સ ફેલાઈ ગયું છે. ઉગત-જહાંગીરાબાદ વિસ્તારમાં વધતા જતા આ ઔદ્યોગિક એકમોને કારણે ગંદકી, અવાજનું પ્રદૂષણ અને ભારે વાહનોની અવરજવરથી સ્થાનિક રહીશોનું જીવવું દુષ્કર બની ગયું છે. સૂત્રો દ્વારા



મળતી માહિતી મુજબ, રહેણાંક પ્લોટનો ઉપયોગ અન્ય હેતુ માટે કરવામાં આવતો હોવા છતાં પાલિકાના ઝોન ઓફિસના અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.

સુરતના નાગરિકોના મનમાં વર્ષ ૨૦૧૯માં ઘટેલી તક્ષશિલા આર્કેડની દુર્ઘટના હજુ પણ તાજી છે, જેમાં અનેક માસૂમ બાળકોએ જીવ ગુમાવ્યા હતા. સ્થાનિક રહીશો આક્રોશપૂર્ણ રીતે કહી રહ્યા છે કે, "શું પાલિકા ફરી કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહી છે?" જો આ રહેણાંક સોસાયટીઓ વચ્ચેના જોખમી ગોડાઉનો અને ફેક્ટરીઓ સામે કડક પગલાં નહીં લેવામાં આવે, તો કોઈ પણ સમયે મોટી જાનહાનિ થઈ શકે છે. સ્થાનિક લોકોએ અનેકવાર લેખિત રજૂઆત કરી હોવા છતાં, તંત્રના પેટનું પાણી હલતું નથી, જે ભ્રષ્ટાચારની ગંધ ફેલાવી રહ્યું છે.

સ્થાનિક રહીશોએ હવે આ લડત ઉગ્ર બનાવવાની ચીમકી આપી છે. જો આગામી દિવસોમાં રાંદેર ઝોન ઓફિસ દ્વારા આ ગેરકાયદેસર કોમર્શિયલ પ્રવૃત્તિઓ સીલ કરવામાં નહીં આવે અથવા તેમને રહેણાંક વિસ્તારની બહાર ખસેડવામાં નહીં આવે, તો લોકો આંદોલનનો માર્ગ અપનાવશે. મીડિયા અહેવાલ મુજબ, સુરતના મેયર અને કમિશનરે આ મામલે તાત્કાલિક દખલગીરી કરીને જવાબદાર અધિકારીઓ સામે કડક તપાસના આદેશ આપવા જોઈએ. શહેરના આયોજનબદ્ધ વિકાસના દાવાઓ વચ્ચે રહેણાંક વિસ્તારોમાં ઈન્ડસ્ટ્રીયલ એક્ટિવિટી ચલાવી લેવી એ સુરતની સુરક્ષા સામે મોટું પ્રશ્નાર્થ ચિહ્ન છે.

## વડોદરામાં બિલ્ડીંગની લોબી તૂટતા 30 પરિવારો નિરાધાર: રાતોરાત ઘરબાર વગરના થયા



વડોદરા | વડોદરાના ડભોઈ રોડ વિસ્તારમાં આવેલી અંબિકા ફ્લેટ્સ ઈમારતની લોબી ધરાશાયી થવાની ઘટનાએ ૩૦ પરિવારોની જિંદગી એક જ પળમાં બદલી નાખી છે. ગત રાત્રે ૯ વાગ્યાના અરસામાં સોમા તળાવ પાસે બનેલી આ દુર્ઘટનામાં લોકો પોતાનો જીવ બચાવવા એટલી ઉતાવળમાં નીચે ઉતર્યા કે તેમને ચંપલ પહેરવાનો કે કીમતી સામાન લેવાનો પણ સમય મળ્યો નહોતો. ૩૦ જેટલા સામાન્ય વર્ગના પરિવારો અત્યારે રાતોરાત રસ્તા પર આવી ગયા છે અને તેમનું ભવિષ્ય અંધકારમય જણાઈ રહ્યું છે. આ દુર્ઘટનામાં સૌથી વધુ અસર વિદ્યાર્થીઓ પર પડી છે. અત્યારે પરીક્ષાનો સમય ચાલી રહ્યો છે ત્યારે અચાનક લોબી તૂટી પડતા વિદ્યાર્થીઓ પોતાના પુસ્તકો પણ સાથે લઈ શક્યા નથી. સામાન, રસોઈ અને ઘરવખરી બધું જ જોખમી બિલ્ડીંગની અંદર રહી ગયું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યુ કરાયેલા પરિવારો અત્યારે નજીકના મંદિરમાં આશરો લઈ રહ્યા છે. પોતાની શૈક્ષણિક કારકિર્દીને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ચિંતા જોવા મળી રહી છે.

## રાજકોટ મ્યુનિસિપલ કમિશનરનો મહત્વનો નિર્ણય: વહીવટી પ્રક્રિયામાં મોટો ફેરફાર

(એજન્સી) રાજકોટ । તા. 17

રાજકોટ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના શાસકોની પાંચ વર્ષની મુદત પૂર્ણ થતાની સાથે જ વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ એક ઐતિહાસિક અને મહત્વનો નિર્ણય લેતા, વિવિધ પ્રોજેક્ટ્સના કાનૂની કરારો (એગ્રીમેન્ટ) પર સહી કરવાની સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની સત્તા હવે ઉચ્ચ વહીવટી અધિકારીઓને સોંપી દીધી છે. નવી ચૂંટાયેલી બોડી અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધી શહેરના વિકાસકામો અટકી ન પડે તે હેતુથી આ વચગાળાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સામાન્ય રીતે, જીપીએમસી એક્ટની જોગવાઈ મુજબ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા કોઈપણ સત્તાવાર કરાર પર સ્થાયી સમિતિના બે સભ્યોએ સાક્ષી તરીકે સહી કરવી અનિવાર્ય હોય છે. જોકે, હાલમાં ચૂંટાયેલું બોર્ડ અસ્તિત્વમાં ન હોવાથી કાનૂની ગૂંચ ઉભી થવાની શક્યતા હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કમિશનર તુષાર સુમેરાએ પોતાની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને આ જવાબદારી અધિકારીઓને સોંપી છે, જેથી ટેન્ડર પ્રક્રિયા બાદના એગ્રીમેન્ટ્સ સમયસર પૂર્ણ થઈ શકે. આ ત્રણ અધિકારીઓમાંથી કોઈપણ બે અધિકારીઓ હવે સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોના સ્થાને કાનૂની દસ્તાવેજો પર સહી કરી શકશે. મીડિયા અહેવાલ મુજબ, આ નિર્ણયથી પેન્ડિંગ રહેલા અનેક કોન્ટ્રાક્ટ અને નવા પ્રોજેક્ટ્સની મંજૂરી પ્રક્રિયામાં વેગ આવશે.

### વહીવટી સ્તરે સત્તાનું વિકેન્દ્રીકરણ

આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે જનપ્રતિનિધિઓની ગેરહાજરીમાં શહેરના રોજિંદા વહીવટી કામો કે મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં કાયદાકીય અવરોધ ન આવે. અધિકારીઓને આ સત્તા મળતા હવે કોન્ટ્રાક્ટરો સાથેના કરારોમાં વિલંબ થશે નહીં અને વહીવટી પારદર્શિતા જળવાઈ રહેશે. નવી મ્યુનિસિપલ બોડી સત્તા પર ન આવે ત્યાં સુધી આ વ્યવસ્થા અમલી રહેશે.



## રેલવે પ્રવાસીઓનો સામાન ચોરતી ગેંગ ઝડપાઈ: વડોદરા પોલીસની મોટી સફળતા

(એજન્સી) વડોદરા । તા. 17

ટ્રેનો અને રેલવે સ્ટેશન પરિસરમાં નિર્દોષ પ્રવાસીઓને નિશાન બનાવી તેમનો કીમતી સામાન તફડાવતી એક ખતરનાક આંતરરાજ્ય ગેંગનો વડોદરા રેલવે પોલીસે પર્દાફાશ કર્યો છે. એલસીબી (LCB) ના જવાનો જ્યારે પેટ્રોલીંગમાં હતા, ત્યારે શંકાસ્પદ હાલતમાં મળી આવેલા બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી મોટી માત્રામાં ચોરીનો મુદ્દામાલ મળી આવતા પોલીસે વડોદરા, વલસાડ સહિત અનેક રાજ્યોમાં નોંધાયેલા ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

વડોદરા રેલવે સ્ટેશન વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ દરમિયાન અગાઉ ગુનાહિત ઈતિહાસ ધરાવતા આયુષ ડાગા અને તેના સાથીદાર સોનું પંચાલને રોકીને પૂછપરછ કરવામાં આવી હતી. તેમની પાસે રહેલા લેપટોપ, મોબાઈલ ફોન અને ટેબલેટ અંગે તેઓ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા આ સામાન ટ્રેન પ્રવાસીઓ પાસેથી ચોરી કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે આરોપીઓ પાસેથી ૧૪ મોબાઈલ, ૨ લેપટોપ અને ૧ ટેબલેટ મળી કુલ રૂ. ૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

## રાજકોટ રૂડાનું રૂ. ૩૦૨.૩૨ કરોડનું બજેટ મંજૂર: વિકાસને મળશે નવી ગતિ

(એજન્સી) રાજકોટ । તા. 17

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (RUDA) દ્વારા શહેરના સુનિયોજિત વિકાસ અને નાગરિક સુવિધાઓમાં વધારો કરવાના મક્કમ ઈરાદા સાથે વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૩૦૨.૩૨ કરોડનું માતબર બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. ૧૬ માર્ચ, ૨૦૨૬ના રોજ ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં મળેલી ૧૮૧મી બોર્ડ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બજેટમાં શહેરના વિસ્તરણ અને આંતરમાળખાકીય સુવિધાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જે રાજકોટના ભવિષ્યના વિકાસ માટે માઈલસ્ટોન સાબિત થશે.

શહેરના વધતા જતા વ્યાપને ધ્યાનમાં રાખીને રૂડા દ્વારા બે નવી ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમો બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૧) હેઠળ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે ટીપી સ્કીમ નં. ૩૯/૨ (બેડી) નો સમાવેશ થાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બેડી વિસ્તારમાં આ સ્કીમ લાગુ થવાથી ત્યાં રસ્તાઓ, જાહેર પ્લોટ અને ખુલ્લી જગ્યાઓનું વ્યવસ્થિત આયોજન થશે, જેનાથી આ પરા વિસ્તારના વિકાસને મોટો વેગ મળશે.

બજેટ બેઠક દરમિયાન મ્યુનિસિપલ કમિશનર અને રૂડા ચેરમેન તુષાર સુમેરાએ નવા રિંગરોડના પ્રોજેક્ટ અંગે મહત્વની સ્પષ્ટતા કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે રિંગરોડના બાકી રહેલા તમામ કામો નિયત સમયમર્યાદામાં જ પૂર્ણ કરવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી શહેરની ટ્રાફિક સમસ્યામાં મોટો ઘટાડો થશે અને ટ્રાન્સપોર્ટેશન વધુ સુગમ બનશે. રૂડાના આ રૂ. ૩૦૨.૩૨ કરોડના બજેટમાં માત્ર રસ્તાઓ જ નહીં, પરંતુ ડ્રેનેજ, પાણી પુરવઠો અને સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. મનપામાં શાસકોની ટર્મ પૂર્ણ થયા બાદ વહીવટી તંત્ર અત્યારે પૂરેપૂરા એક્શન મોડમાં છે અને અટકેલા વિકાસકામોને ઝડપથી પૂર્ણ કરવા માટે આ બજેટને અત્યંત મહત્વનું ગણવામાં આવી રહ્યું છે.

## રાજ્યના દેવા મુદ્દે વડોદરામાં અનોખો વિરોધ: સામાજિક કાર્યકરોનો હલ્લાબોલ



વડોદરા | ગુજરાત રાજ્યના વધી રહેલા દેવા અને નાગરિકોને મળતી પ્રાથમિક સુવિધાઓના અભાવ મુદ્દે આજે વડોદરામાં એક અત્યંત અનોખો વિરોધ જોવા મળ્યો હતો. રાજ્ય સરકારનું દેવું વધીને અંદાજે રૂ. ૪.૩૦ લાખ કરોડ સુધી પહોંચી ગયું હોવાના મુદ્દે સામાજિક કાર્યકરોએ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અનોખા વેશ પરિધાન ધારણ કરીને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ પ્રદર્શનમાં કાર્યકરો સાધુ, ભિક્ષુક અને માથે લાકડા લઈને પહોંચતા લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું. સામાજિક કાર્યકર વિઠ્ઠલ આયરે અને તેમના સાથીદારોએ આક્ષેપ કર્યો હતો કે રાજ્ય સરકાર મોડલ સ્ટેટની વાતો કરે છે, પરંતુ દેવું સતત વધી રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પ્રદર્શનકારીઓએ સવાલ ઉઠાવ્યો હતો કે જો જનતા પાસેથી મોટા પ્રમાણમાં વેરો વસૂલવામાં આવે છે, તો પછી આટલું મોટું દેવું કેવી રીતે થયું? કાર્યકરોએ હાથમાં કટોરા લઈને ભિક્ષુકવૃત્તિ અને સાધુ બનીને એવો સંકેત આપ્યો હતો કે જો આવી જ સ્થિતિ રહી તો સામાન્ય જનતાએ ભવિષ્યમાં આ જ માર્ગ અપનાવવો પડશે.

### ૧૬૬ કરોડનો ધુમાડો સાત વાગ્યે કેમ થાય છે પ્રવેશ બંધ

# ડુમસ સી ફેસ પ્રોજેક્ટ વિવાદ સાત વાગ્યે વાગે છે તાળા




(એજન્સી) સુરત । તા. 17

ખાણી-પીણી અને મોજ-મસ્તી માટે જાણીતા સુરતીઓ માટે પાલિકાએ ૧૬૬ કરોડના તોતિંગ ખર્ચે ડુમસ સી ફેસ ડેવલપમેન્ટનો પહેલો ફેઝ ખુલ્લો તો મૂક્યો, પરંતુ લોકાર્પણના ગણતરીના દિવસોમાં જ આ પ્રોજેક્ટ વિવાદોના વંટોળમાં ફસાયો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આ પ્રોજેક્ટ માટે સાંજના સાત વાગ્યાની સમય મર્યાદા નક્કી કરવામાં આવતા સુરતીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોડી રાત સુધી ફરવા માટે ટેવાયેલા સુરતવાસીઓ માટે સાંજ પડતા જ સી ફેસ પર વાગતા તાળા પાલિકાની અણઘડ નીતિનો પુરાવો આપી રહ્યા છે. પહેલા જ વીક એન્ડમાં હજારોની મેદની ઉમટી પડી હતી, પરંતુ સાત વાગતા જ સુરક્ષાકર્મીઓ દ્વારા લોકોને બહાર કાઢવામાં આવતા મુલાકાતીઓએ તંત્ર સામે સવાલો ઉઠાવ્યા છે.

સુરત પાલિકાએ પ્રવાસન અને મનોરંજનના નામે ૧૬૬ કરોડ રૂપિયાનું આંધણ કર્યું છે, પરંતુ તેની સમય મર્યાદા પાલિકાની કાર્યક્ષમતા પર પ્રશ્નાર્થ ચિહ્ન લગાવી રહી છે. શહેરના અન્ય જાહેર સ્થળો જ્યાં મોડી રાત સુધી લોકોની ચહલ-પહલ હોય છે, ત્યાં ડુમસ જેવા મહત્વના પ્રોજેક્ટ પર સાંજે સાત વાગ્યે જ એક્ઝિટ ગેટ બતાવી દેવો તે તાર્કિક રીતે ગળે ઉતરતું નથી. મુલાકાતીઓ આક્રોશ સાથે કહી રહ્યા છે કે, "જો કરોડોના ખર્ચે બનેલા પ્રોજેક્ટનો આનંદ લોકો રાત્રિના સમયે માણી ન શકે, તો આટલો મોટો ખર્ચ કરવાનો અર્થ શું છે?" સુરતમાં દિવસ દરમિયાન અસહ્ય ગરમી હોવાથી લોકો સાંજ પછી જ પરિવાર સાથે નીકળવાનું પસંદ કરે છે, ત્યારે જ પાલિકા તાળા મારી દે છે.

સુરતીઓ રાત્રિના સમયે ડુમસ દરિયા કિનારાની ઠંડી હવાનો આનંદ લેવા ટેવાયેલા છે. નોકરી-ધંધાથી પરવાર્યા બાદ મોટાભાગના પરિવારો આઠ વાગ્યા પછી બહાર નીકળતા હોય છે. આવી સ્થિતિમાં પાલિકાએ નક્કી કરેલો સાત વાગ્યાનો સમય સુરતીઓની જીવનશૈલીથી તદ્દન વિપરીત છે. જનતાની સ્પષ્ટ માંગણી છે કે અન્ય પ્રોજેક્ટની જેમ ડુમસ સી ફેસને પણ રાત્રિના ૧૧ વાગ્યા સુધી ખુલ્લો રાખવો જોઈએ. જો સમય મર્યાદામાં ત્વરિત ફેરફાર કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં પાલિકાએ લોકોના આંદોલન અને ઉગ્ર રોષનો સામનો કરવો પડી શકે છે. સી ફેસ પર લાઈટિંગ અને સુરક્ષાની પૂરતી વ્યવસ્થા હોવા છતાં વહેલા બંધ કરવાનો નિર્ણય અકળ છે.

સી ફેસ પ્રોજેક્ટમાં ભીડની સાથે ગંદકીની સમસ્યા પણ પડકારરૂપ બની રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વીક એન્ડ દરમિયાન મુલાકાતીઓની અતિશય ભીડના કારણે પાલિકાના સફાઈ કામદારોએ એક જ દિવસમાં અંદાજે ૩૦૦ કિલો જેટલો કચરો એકઠો કર્યો હતો. પાલિકાએ પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ સાથે મળીને કચરાના નિકાલ અને સેગ્રીગેશન માટે જાગૃતિ અભિયાન પણ હાથ ધર્યું છે. બીચ અને ગણેશ મંદિર પાસે વિવિધ સ્ટોલ લગાવીને લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા સમજણ આપવામાં આવી રહી છે.

### અકસ્માતને ખુલ્લું આમંત્રણ ભાઠા રોડ પર ખતરો, ભાઠા ગામ નવો ટીપી રોડ રસ્તા વચ્ચે થાંભલો આફતરૂપ

# સુરત પાલિકા અને વીજ કંપની વચ્ચે સંકલનનો અભાવ

(એજન્સી) સુરત । તા. 17

સિટી સુરતના વિકાસમાં પાલિકા અને વીજ કંપની વચ્ચેના સંકલનનો અભાવ હવે સામાન્ય નાગરિકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. શહેરના રાંદેર ઝોન વિસ્તારમાં આવેલા પાલ-ભાઠા ગામના નવા ટીપી રોડ પર તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. આ નવા બનેલા રસ્તાની બરોબર વચ્ચે દક્ષિણ ગુજરાત વીજ વિતરણ કંપનીનો એક વિશાળ વીજ પોલ (થાંભલો) અડીખમ ઉભો છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ થાંભલા પર એક પણ વીજ વાયર નથી અને તે સંપૂર્ણપણે બિનઉપયોગી છે, તેમ છતાં તેને હટાવવાની તસ્દી કોઈ વિભાગે લીધી નથી. આ સ્થિતિને કારણે વાહનચાલકોમાં ફફડાટ વ્યાપ્યો છે અને ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

ભાઠા ગામના આ નવા ટીપી રોડ પરથી દિવસ-રાત હજારો વાહનો પસાર થાય છે.



રસ્તાની બરોબર વચ્ચે ઉભેલા આ વીજ પોલ પછી તરત જ એક જોખમી વળાંક (શાર્પ ટર્ન) આવે છે. રાત્રિના સમયે અથવા ધુમ્મસભર્યા વાતાવરણમાં વાહનચાલકોને રસ્તાની વચ્ચે ઉભેલો આ થાંભલો દેખાતો નથી, જેના કારણે અત્યાર સુધીમાં અનેક નાના-મોટા અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. સ્થાનિકો આક્રોશ સાથે કહી રહ્યા છે કે, શું તંત્ર કોઈનો ભોગ લેવાય તેની રાહ જોઈ રહ્યું છે? રસ્તો બનાવતી વખતે પાલિકાએ આ થાંભલાને કેમ ન હટાવ્યો, તે એક મોટો પ્રશ્ન છે. સામાન્ય રીતે જ્યારે નવો રસ્તો બનાવવામાં આવે છે, ત્યારે પાલિકાએ વીજ કંપની સાથે સંકલન કરીને રસ્તામાં આવતા વીજ પોલ શિફ્ટ કરવાના હોય છે. પરંતુ પાલ-ભાઠાના કિસ્સામાં બંને સરકારી વિભાગો એકબીજા પર દોષારોપણ કરી રહ્યા હોય તેમ જણાય છે. વીજ કંપની આ થાંભલો બિનઉપયોગી હોવા છતાં તેને ખસેડતી નથી અને પાલિકા રસ્તો બનાવીને હાથ ઊંચા કરી દીધા છે. આ સરકારી સંકલનના અભાવે નિર્દોષ વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ બિનજરૂરી અવરોધને કારણે વાહનવ્યવહારમાં પણ અડચણ ઉભી થઈ રહી છે. રસ્તા પરથી પસાર થતા મુસાફરો અને ભાઠા ગામના રહીશોએ આ મામલે અનેકવાર રજૂઆતો કરી છે. સ્થાનિકોનું કહેવું છે કે, "હાલમાં તો માત્ર વાહનો અથડાય છે અને નાની ઈજાઓ થાય છે, પરંતુ જો કોઈ સ્પીડમાં આવતું વાહન સીધું આ થાંભલા સાથે અથડાશે, તો જીવલેણ અકસ્માત સર્જાતા વાર નહીં લાગે." શાર્પ ટર્ન હોવાથી ચાલકોની નજર વળાંક પર હોય છે અને અચાનક સામે આવતો આ 'મોતનો થાંભલો' જીવ જોખમમાં મૂકે છે.

### ગેસ સિલિન્ડરની અછતને કારણે કોલસાની બોલબાલા વધી

## વડોદરામાં કોલસાની માંગમાં 25 ટકાનો વધારો: ગેસની અછતની અસર

(એજન્સી) વડોદરા । તા. 17

અખાતી દેશોમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે વડોદરાના રસોડા સુધી પહોંચી છે. આંતરરાષ્ટ્રીય તણાવને કારણે ગેસ સિલિન્ડરના પુરવઠામાં ખેંચતાણ સર્જાતા વર્ષો બાદ ફરી એકવાર કોલસાની માંગમાં ઉછાળો જોવા મળ્યો છે. વડોદરા શહેરમાં કોલસાની માંગમાં ૨૫ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. એક અંદાજ મુજબ, શહેરમાં કોલસાનું રોજિંદુ વેચાણ હવે ૫૦૦૦ કિલોના આંકડાને સ્પર્શી ગયું છે. ગેસ પાઈપલાઈન અને સિલિન્ડરના યુગમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા કોલસાના વેપારમાં ફરી પ્રાણ ફૂંકાયા છે.

કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછત અને વધતા ખર્ચને કારણે હોટલ અને રેસ્ટોરન્ટ સંચાલકોએ હવે કોલસાનો ઉપયોગ વધારી દીધો છે. ખાસ કરીને તંદૂરી વાનગીઓ માટે વપરાતા કોલસાની ખરીદીમાં મોટો ઉછાળો આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડોદરામાં એક સમયે કોલસાની ૮૦ દુકાનો હતી, જે



ઘટીને માત્ર ૯ રહી ગઈ છે. હવે આ બાકી રહેલી દુકાનો પર ગ્રાહકોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. ખાણી-પીણીની લારીઓ પર ચા અને ભોજન બનાવવા માટે પણ કોલસાની સગડીનો વપરાશ વધ્યો છે.

ડિમાન્ડમાં ૨૫ ટકાનો વધારો થયો હોવા છતાં, કોલસાના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. હાલમાં કોલસો ગુણવત્તા પ્રમાણે પ્રતિ કિલો રૂ. ૩૦ થી ૩૫ના ભાવે વેચાઈ રહ્યો છે. વેપારીઓના જણાવ્યા મુજબ, કોલસાનો પુરવઠો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે.

### અંબિકાધામ ફ્લેટ્સમાં ફસાયેલા પરિવારોનું સફળ રેસ્ક્યુ

## વડોદરામાં બે ઈમારતોની છત ધરાશાયી: સોમાતળાવમાં પરિવારો ફસાયા

(એજન્સી) વડોદરા । તા. 17

વડોદરા શહેરમાં જર્જરિત ઈમારતોને કારણે આજે રવિવારે મોડી સાંજે બે અલગ-અલગ વિસ્તારોમાં છત ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી. ડભોઈ રોડ પર આવેલા સોમાતળાવ અને હરણીના વિજયનગર હાઉસિંગ બોર્ડ ખાતે બનેલી આ ઘટનાઓએ સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ ફેલાવ્યો હતો. સોમાતળાવ વિસ્તારમાં ઈમારતનો મોટો ભાગ તૂટી પડતા અનેક પરિવારો અંદર ફસાયા હતા, જેમને ફાયર બ્રિગેડે જાનના જોખમે હેમખેમ બહાર કાઢ્યા હતા. ડભોઈ રોડ સોમાતળાવ પાસે આવેલા ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના અંબિકાધામ ફ્લેટ્સમાં રાત્રિના સમયે દાદર તરફ જતી બંને માળની છત અચાનક ધડાકાભેર તૂટી પડી હતી. આ અકસ્માતને કારણે બિલ્ડિંગના ઉપરના માળ પર રહેતા છ થી આઠ પરિવારો અંદર જ ફસાઈ ગયા હતા અને બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ ગયો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડોદરા ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક



ઘટનાસ્થળે પહોંચીને સીડીઓ અને અન્ય સાધનોની મદદથી તમામ પરિવારોનું સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું.

બીજી તરફ, હરણી વિસ્તારમાં આવેલા વિજયનગર હાઉસિંગ બોર્ડમાં પણ એક જર્જરિત મકાનનો ઉપરનો ભાગ તૂટી પડ્યો હતો. આ હાઉસિંગ સ્કીમના મકાનો ૪૦ થી ૪૫ વર્ષ જૂના હોવાથી અનેક ઈમારતોમાં તિરાડો પડી ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, કાટમાળ પડવાને કારણે નીચે પાર્ક કરેલા ચાર ટુ-વ્હીલરો દબાઈ ગયા હતા અને તેમને ભારે નુકસાન થયું હતું.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 18-03-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો.

**વૃષભ : બ. વ. ઉ.**

ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો.

**મિથુન : ક. છ. ઘ.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**કર્ક : ડ. હ.**

તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે.

**સિંહ : મ. ટ.**

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશો તમારો વધારાનો સમય નિ:સ્વાર્થ સેવામાં સમર્પિત કરો.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે.

**તુલા : ર. ત.**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. શું કરવું એ બાબતે તમે જો સરમુખ્યત્યાર જેવું વર્તન કરશો તો તમારા પ્રેમી-પ્રેમિકા સાથે તમને ગંભીર સમસ્યાઓ થશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

**મકર : ખ. જ.**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો.

**મીન : દ.ચ. ઝ. થ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.

## ધર્મ સાર

### ભુજ શ્રીમતિ પીસીવી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

| મહેશ એલ. સોની | નખત્રાણા

ભુજ શ્રીમતિ પીસીવી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું.ભુજ શ્રીમતિ પીસીવી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં અંજાર વિવેકાનંદ હાઈસ્કૂલ



પ્રિન્સીપાલ શ્રી જયદિપસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહી વિધાર્થીઓને અભ્યાસ પછી વિવિધ કારકિર્દી ક્ષેત્રો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ખાસ કરીને ડિપ્લોમા, પોલીટેકનિક જેવી ટેકનિકલ લાઈન તેમજ વૈજ્ઞાનિક ક્ષેત્રમાં ભારતે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ જેમાં ચંદ્રયાન મિશન સહિત અંગે માહિતગાર કર્યા હતા. ઉપરાંત વિધાર્થીઓને જીવનમાં મિત્રતા કેળવવા તેમજ સબંધો ગાઢ બનાવવા વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમથી વિધાર્થીઓમાં પણ અભ્યાસ તેમજ ભવિષ્ય પ્રત્યે નવી પ્રેરણા અને ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતિ પીસીવી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલના પ્રિન્સીપાલ ડૉ. ચેતનભાઈ બારમેડાએ શ્રી જયદીપસિંહ જાડેજાને આવકારી તેમનું સન્માન કર્યું હતું. તેમજ શાળાના શ્રેષ્ઠ વિધાર્થી દ્વારા પુસ્તક અર્પણ કરી તેમને સન્માનિત કરાયા હતા.શાળાના શિક્ષક મિત્રો દુષ્યંતભાઈ વોરા, રમેશભાઈ મતિયા, દિનેશભાઈ પાનસરા, દશરથસિંહ ઝાલા, માલતીબેન સોઢાનો સહયોગ પ્રાપ્ત થયો હતો.શાળાના ટ્રસ્ટીઓ શ્રી વાડીલાલ સાવલા, શ્રી પંકજ મહેતા, શ્રી સંદીપભાઈ દોશી ના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સુંદર રીતે પાર પડ્યો હતો એવું શાળાના આચાર્ય શ્રી ડૉ.ચેતનભાઈ બારમેડાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

---

**દેશમાં આજે ‘ફેમિલી ડોક્ટર’ કરતા ‘ફેમિલી પ્રાકૃતિક ખેડૂત’ની વધુ જરૂર છે**

# રાસાયણિક ખેતીથી દેશની આર્થિક પરિસ્થિતિ, લોકોનાં સ્વાસ્થ્ય અને પર્યાવરણને ગંભીર અસર થઈ છે : રાજ્યપાલ

(એજન્સી) પાલનપુર | તા.17

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને આજે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. સરદારકૃષિનગરના મેજર ધ્યાનચંદ રમત- ગમત સંકુલ ખાતે આયોજિત પરિસંવાદમાં રાજ્યપાલશ્રીના હસ્તે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને બી.આર.સી. યુનિટ સહાય ચેક અર્પણ કરાયા હતા. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલની મુલાકાત લઈને ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ પૂર્વે પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોએ મંચ પરથી પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી કરવા તથા ખેડૂતોને સમૃદ્ધ બનાવવા અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકાઈ છે. આજે દેશભરમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન થકી અનેક ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીને અપનાવી છે. પ્રધાનમંત્રીશ્રીનું વિઝન છે કે, સમગ્ર દેશમાં ઝેરમુક્ત ખેતી




થાય અને આ દિશામાં યોગ્ય કામ પણ થઈ રહ્યું છે. ગુજરાત પ્રદેશને પણ ઝેરમુક્ત બનાવવા સરકાર આગળ વધી રહી છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખાતરના વપરાશથી જમીનના જૈવિક કાર્બનમાં મોટાપાયે ઘટાડો થયો છે. આઝાદી પછીના સમયમાં દેશની જમીનમાં ૨ થી ૨.૫ ટકા જૈવિક કાર્બન હતો. જે ઘટીને ૦.૨ થી ૦.૫ ટકા થઈ ચૂક્યો છે. ૦.૫ ટકાથી ઓછો જૈવિક કાર્બન હોય તે જમીન બીનઉપજાઉ હોય છે. આવી જમીન કઠણ થઈ જવાથી પાણી પણ સંગ્રહ કરી શકતી નથી. જો આવી જ સ્થિતિ રહેશે તો આવનારા સમયમાં પીવાના પાણીની પણ સમસ્યા સર્જાશે. આ તમામ સમસ્યાઓનું સમાધાન પ્રાકૃતિક ખેતીમાં છે. પ્રાકૃતિક ખેતીથી ધરતીમાં રહેલો ઓર્ગેનિક કાર્બન વધે છે. જમીન પોચી બને છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, રાસાયણિક ખાતરના વપરાશથી કેન્સર, હાર્ટ એટેક, ડાયાબિટીસ સહિતની બીમારીઓ વધી રહી છે. રાસાયણિક ખેતીથી દેશની આર્થિક પરિસ્થિતિ, લોકોનું સ્વાસ્થ્ય અને પર્યાવરણને ગંભીર અસર થાય છે. ખેતીમાં યુરિયાના ઉપયોગથી નાઈટ્સ ઓક્સાઈડ ગેસ પેદા થાય છે. જે કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૩૧૨ ગણો ખતરનાક છે. સ્વસ્થ ખોરાકની માંગને ધ્યાનમાં રાખીને આજે દેશમાં ફેમિલી ડોક્ટરની જગ્યાએ ફેમિલી પ્રાકૃતિક ખેડૂતની વધુ જરૂર છે. રાજ્યપાલશ્રીએ જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો તફાવત સમજાવતા કહ્યું કે, જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી તદ્દન અલગ છે. જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચે જમીન આસમાનનું અંતર છે. છેલ્લા ૩૦ વર્ષના અનુભવો ઉપરથી સિદ્ધ થયું છે કે જૈવિક ખેતીથી ખેડૂતોને કોઈ ફાયદો થયો નથી, જ્યારે પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ઉત્પાદનની સાથે જમીનની ફળદ્રુપતા પણ વધે છે. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઓછું મળે છે એ વાત સંદતર ખોટી છે.

---

**12 માંગણી નહીં ઉકેલાતા વિરોધ કરાશે**

## આંગણવાડી કર્મચારીઓ પડતર પ્રશ્ને 3 દિવસ કામથી અળગા રહેશે

ભાવનગર : સી.આઈ.ટી.યુ સંકલિત ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન ૨૬ જિલ્લાના ૧૦૬ જેટલા આગેવાનોની બનેલી રાજ્યો કારોબારીની બેઠકમાં આગામી તા. ૧૮, ૧૯ અને ૨૦ માર્ચના રોજ આંગણવાડી કર્મચારીઓ રજા મુકી કામથી અળગા રહેશે તેમજ આવેદન પત્ર આપી વિરોધ નોંધાવશે. ભાવનગર શહેર અને



જિલ્લાના આંગણવાડી કર્મચારીઓની ૧૨ જેટલી માગણીઓ નહીં ઉકેલાતા પ્રથમ તબક્કામાં ત્રણ દિવસ રજા રિપોર્ટ ભરીને તેમજ સ્થાનિક અધિકારીઓને આવેદનપત્રો અપાશે અને કામથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે, જેમાં પગાર વધારા, ડિજિટલ કામગીરી માટે ૨૦૨૨ માં આપેલ વચન મુજબ નવા મોબાઈલ આપવા, નિવૃત્તિ વયમર્યાદા ૬૦ કરવી, બાળકોના પોષણ આહાર માટેના દર ૨૦૧૯ માં નક્કી કરાયા બાદ વધારો ન કરાતા તે વધારો કરવા, એવીટી અને એફ આર એસ જેવા એપ્લિકેશન કામ કરતા ન હોય તે બંધ કરવા, બાળકોના કોષોના હારના તેમજ અન્ય તમામ બિલો નિયમિત ચૂકવાય અને તે બહેનોને પોતાના પગારમાંથી ખર્ચ ન પડે તે માટે એડવાન્સ આપવાની વ્યવસ્થા કરવા સહિતની માંગણીનો સમાવેશ થાય છે.

---

**15 લોકોની ધરપકડ**

## ભાલ પંથકમાં પોલીસ પાર્ટી પર ટોળાનો હુમલો, 3 પોલીસ કર્મચારી ઈજાગ્રસ્ત

ભાવનગર : વેળાવદર ભાલ પંથક જશવંતપુર ગામે જુગારની રેડ કરવા ગયેલી પોલીસ પાર્ટી પર ૨૦થી વધુ લોકોએ હુમલો કરી બીજા પહોંચાડી ફરજમાં રૂકાવટ કરી રોકડ રકમ અને મોબાઈલની લૂંટ ચલાવી હતી. ભાવનગરમાં ફરી એક વખત પોલીસ કર્મચારીઓ પર હિચકારા હુમલાનો બનાવ બનવા પામ્યો છે. પોલીસ પર હુમલો થયો હોવાના બનાવોનું પ્રમાણ પણ ભાવનગરમાં પહોંચી રહ્યું છે અને અસામાજિક તત્વોને પોલીસનો જાણે ડર ન લાગતો હોય તેમ રેડ કરવા ગયેલી પોલીસ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી લૂંટ ચલાવી હતી. આ બનાવને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસ કર્મચારીને જાણ કરી જુગાર રમી રહેલા મહિલા સહિત ૨૦થી વધુ લોકોને પકડવાનો પ્રયાસ કરતા ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ કર્મચારીને ગાળો આપી ફરજમાં રૂકાવટ કરી લક્કીરાજસિંહને માથાના ભાગેલાકડાના ધોકા વડે માર મારી ગંભીર ઈજા કરી તથા પ્રતિપાલસિંહને જમણા હાથે હથેળીમાં છરી વડે ઈજા કરી પાણીના તળાવમાં ફેંકી દઈ ગુપ્ત ભાગે પાટા મારી ઈજા કરી કરી હતી.

---

### પતિએ છુટાછેડા આપી દેવાની ધમકી આપતા પરિણીતાએ દવા ગટગટાવી

ભાવનગર : ગઢડાના ચભાડિયા ગામે રહેતી પરિણીતાને પતિ અને સાસુએ છૂટાછેડા આપી દેવાની ધમકી આપતા પરિણીતાએ દવા ગટગટાવી લેતા ગંભીર હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવી હતી. સાસુ જયાબેન લઘરાભાઈ વાઘેલા પતિનું ઉપરાણું લઈને જીજ્ઞાશાબેન સાથે ઝઘડો કરવા લાગેલ અને અમારા પતિએ મને જણાવેલ કે હવે મારે તેને નથી જોઈતી તુ અહીંથી ઘરથી બહાર નીકળ અને મારે તને રાખવી નથી મારે તારી સાથે છુટાછેડા લેવા છે અને જો તું છૂટાછેડા નહીં આપે તો હું તને જાનથી મારી નાખવાની ધમકી આપતા જીજ્ઞાશાબેનએ આવેશમાં આવી જઈ ઘરમાં પડેલ ઉધરશ તથા ઉનવાની દવાની બોટલમાંથી અડધી અડધી બોટલ દવા પી લીધી હતી.

---

**દાખલારૂપ સજાનો હુકમ**

## ઈશ્વરિયા ગામે ખેડૂત આગેવાનની હત્યા કેસમાં શખ્સને આજીવન કેદ

બોટાદ : ગઢડા તાલુકાના ઈશ્વરિયા ગામે ખેડૂત આગેવાનની હત્યા કરનાર ભાગીયાને આજીવન કેદની સજા અને દંડનો હુકમ ફરમાવ્યો છે. ગઢડાના ઈશ્વરિયા ગામે રહેતા નીતુભા કરણુભા ગોહિલની વાડીમાં ભાગીયા તરીકે કામ કરતો કિરણ ઉર્ફે કિરો ભાઈલાલભાઈ પઢિયાર (રહે, ગંભીરા, તા.આંકલાવ, જિ.આણંદ) નામના શખ્સને બાજુમાં અન્ય ખેડૂતની વાડીમાં ભાગીયા તરીકે કામ કરતા ખેતમજૂરની દીકરી સાથે પ્રેમસબંધ હોયબ, તેની સાથે સગાઈ કરવી હતી. જે અંગેની વાત દીકરીના પિતાએ કરતા નીતુભા ગોહિલે આરોપી કિરણ ઉર્ફે કિરોને ઠપકો આપ્યો હતો. તે વાતની દાઝ રાખી ગત તા.૧૬-૧૨-૨૦૨૩ના રોજ નીતુભાઈ ગોહિલ પોતાની વાડીએ એકલા હતા. ત્યારે કિરણ ઉર્ફે કિરો પઢિયારે પાછળથી આવી માથાના ભાગે લોખંડની કોષ મારી તેને કૂવામાં ફેંકી દીધી હતી. જ્યારે ગંભીર ઈજા પામેલા નીતુભાઈ ગોહિલને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવતા તેઓનું મૃત્યુ થયું હતું.

---

**લોકલ ક્રાઈમબ્રાંચે રૂ. 1.68 લાખના મુદ્દામાલ સાથે 2 શખ્સને ઝડપ્યા**

## કુંભારવાડામાં નકલી એન્જીન ઓઈલ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ



ભાવનગર : નકલી દુધ, ઘી, પનીર બાદ હવે શહેરમાંથી નકલી એન્જીન ઓઈલ ઝડપાયું છે. શહેરના કુંભારવાડા વિસ્તારમાં લૂઝ ઓઈલમાંથી એન્જીન ઓઈલ બનાવતી ફેક્ટરી લોકલ ક્રાઈમબ્રાંચે ઝડપી પાડી છે. બ્રાંન્ડેડ કંપનીના સ્ટિકર લગાવી નકલી એન્જીન ઓઈલનું વેચાણ કરતા બે શખ્સોને પોલીસે કુલ રૂ.૧.૬૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બોરતળાવ પોલીસને સોંપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.શહેરના કુંભારવાડા બાનુબેનની વાડી પીપરના ચોક સામે આવેલા પ્લોટમાં અમીત બચુભાઇ દવે (રહે.બારસો મહાદેવની વાડી, શિલ્પીનગરની પાછળ, કાળાનાળા) અને નિકુંજ શાંતિલાલ બારૈયા (રહે. શક્તિનગર, ટોપ થ્રી સર્કલ પાસે) ગેરકાયદેસર રીતે લુઝ ઓઈલમાંથી બ્રાન્ડેડ કંપનીના ઓઈલ બનાવી વેચાણ કરતા હોવાની બાતમીના આધારે લોકલ ક્રાઈમબ્રાંચે રેઈડ કરી તપાસ કરતા ઉક્ત શખ્સો બહારથી લુઝ ઓઈલ મંગાવીને તેને ઈલેક્ટ્રીક મશીન વડે મોટા ટીપણાંમાથી ૯૦૦ એમએલની બોટલમાં ભરી, કાઉન્ટર ટેબલ ઉપર ઢાંકણા ઉપર સીલ મારવાના મશીનથી સીલ મારી, બ્રાન્ડેડ કંપનીના એન્જીન ઓઈલના સ્ટીકર ચોંટાડી બ્રાન્ડેડ કંપનીના એન્જીન ઓઈલ તરીકે વેચાણ કરતા હોવાનું ખુલ્યું હતું. જે બાદ પોલીસે બન્ને શખ્સોને ૮૫ લીટર અને ૯૦ લીટર લુઝ ઓઈલ ભરેલ લોખંડના બે બેરલ તથા પ્લાસ્ટિકની બોટલો અને સ્ટીકરો મળી કુલ રૂ.૧,૬૮,૯૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ આગળની કાયદેસરની કાર્યવાહી માટે બન્નેને બોરતળાવ પોલીસને સોંપ્યા હતા.શહેરના કુંભારવાડા વિસ્તારમાં નકલી એન્જીન ઓઈલની ઝડપાયેલી ફેક્ટરી મુદ્દે ભાવનગર લોકલ ક્રાઈમબ્રાંચના પીઆઈ એ.આ.વાળાએ જણાવ્યું હતું કે, બન્ને અમદાવાદથી નકલી ઓઈલ લાવી મશીનો મારફત બોટલોમાં ભરી તેમાં બ્રાંન્ડેડ કંપનીના સ્ટીકર લગાવી ગ્રામ્ય વિસ્તારમાં મોટા પ્રમાણમાં વેચાણ કરતા હતા.

---

## વર્ના કાર માંથી બીયર ટીન નંગ- ૭૪૪ તથા કાર મળી કુલ રૂ. 3,3૯,૭૮૦/- નો મુદ્દામાલ કબ્જે કરતી જામનગર એલ.સી.બી.

| વિશાલ જે હરવરા | જામનગર

જામનગર એલ.સી.બી. ના પોલીસ ઈન્સ. વી.એમ.લગારીયા નાઓના માર્ગદર્શન મુજબ એલ. સી.બી. ના પો.સ.ઈ. સી.એમ. કાંટેલીયા તથા પો.સ.ઈ. એમ.વી. ભાટીયા તથા સ્ટાફના માણસો જામનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના ભયપાલસિંહ જાડેજા, સુમિતભાઇ શિયાર તથા અજયભાઇ વીરડાને મળેલ ખાનગી હકિકત આધારે જામનગર રાજકોટ હાઈવે રોડ ઉપર માનશી હોટલ નજીક સેલ કંપનીના પેટ્રોલપંપ સામે રોડ ઉપરથી વર્ના કાર નંબર જી.જે.૦૭ એઆર ૫૯૮૮ માંથી ભારતીય બનાવટના અલગ અલગ બ્રાન્ડના બીયર ટીન નંગ- ૭૪૪ કિ.રૂ. ૧,૩૯,૬૮૦/- તથા વર્ના કાર કિ.રૂ. ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૩,૩૯,૬૮૦/- નો મુદ્દામાલ કબ્જે કરી મજકુર વર્નકાર ના ચાલક તથા બીયરનો જથ્થો મંગાવનાર તથા સપ્લાય કરનાર વિરૂધ્ધ પો. કોન્સ. અજયભાઇ વીરડાએ ફરીયાદ રીપોર્ટ આપતા પો.હેડ કોન્સ. સુમિતભાઇ શિયાર નાઓએ પ્રોહીબીશન ધારા હેઠળ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. રેઈડ દરમ્યાન વર્નાકાર નો ચલાક નાશી ગયેલ હોય જેને પકડવાની કાર્યવાહી ચાલુમા છે.



---

### રંગપરના પૂર્વ સરપંચ સહિત 6 શખ્સને 7-7 વર્ષની સખત કેદ

બોટાદ : બોટાદ તાલુકાના રંગપર ગામે સાત વર્ષ પૂર્વે થયેલી મારામારીની ઘટનામાં એક યુવાનનું મૃત્યુ થયું હતું. આ ચકચારી બનાવમાં રંગપરના પૂર્વ સરપંચ સહિત છ શખ્સને સાત-સાત વર્ષ સખત કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર રંગપર ગામે રહેતા તેજાભાઈ વેલાભાઈ તાવિયાના કુટુંબી ભાઈને ગટરના કામે જેસબી ચલાવવા બાબતે તત્કાલિન સરપંચ રમેશ પ્રેમજીભાઈ કુકડિયા સાથે બોલાચાલી થતાં સરપંચે તેમને લાફો ઝીંકી દીધો હતો. પ્રાણઘાતક હથિયારોથી હુમલો કરી અમીતભાઈ તાવિયાને આરોપી રવિ કુકડિયાએ ખંભાના ભાગે છરીનો ઘા ઝીંકી દેતા તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ અંગે તેજાભાઈ તાવિયાએ તમામ શખ્સો સામે નોંધાવેલી ફરિયાદના આધારે પાળિયાદ પોલીસે આઈપીસી ૩૦૨, ૩૨૪, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, જીપીએ ૧૩૫ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી શખ્સોને ઝડપી લીધા હતા.

---

## સીદસર રોડ પરથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે શખ્સ ઝબ્બે

ભાવનગર : સીદસર રોડ પર આવેલા સિતારામનગરમાંથી વિદેશી દારૂ ભરલી કાર સાથે પેરોલ ફર્લો સ્ક્વોડે એક શખ્સને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પેરોલ ફર્લો સ્ક્વોડનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, સીદસરના સિતારામનગરમાં રહેતો દેવાંગ ઉર્ફે કાનભા ભીખાભાઈ ડોડીયા પોતાની કાર નંબર જીજે ૦૩ એચકે ૨૮૫૦ માં વિદેશી દારૂનો જથ્થો ભરી ઘર પાસે ઉભો છે.જે બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે દરોડો પાડી કારની અંદર તલાશી લેતા વિદેશી દારૂની ૩૮૪ બોટલ રૂ.૩૦,૭૨૦ ની મળી આવતા પોલીસે દેવાંગ ઉર્ફે કાનભાને વિદેશી દારૂ અને કાર મળી રૂ.૨,૩૦,૭૨૦ ના મુદ્દામાલ સાથે ઝડપી



લઈ પૂછપરછ કરતા જયેશ વલ્લભભાઈ રાઠોડ અને ચીકો નામના શખ્સનો છે.અને તેને રાખવા માટે દારૂનો જથ્થો આપ્યો હતો.આ બનાવ સંદર્ભે પેરોલ ફર્લો સ્ક્વોડે ત્રણ શખ્સ વિરૂધ્ધ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

**વૃક્ષારોપણ, સ્વચ્છતા અને વ્યસનમુક્તિથી આદર્શ ગામનું નિર્માણ**

# પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોનો વધતો ઝુકાવ : રાજ્યમાં ૮ લાખ ખેડૂત જોડાયા

(એજન્સી) બનાસકાંઠા | તા.17

બનાસકાંઠા જિલ્લાના ઉત્તમપુરા (ડાંગીયા) ગામે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં રાત્રી સભાનું આયોજન ઉત્તમપુરા (ડાંગીયા) પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું હતું. આ અવસરે રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને સંબોધતાં વૃક્ષારોપણ, સામાજિક સમરસતા, સ્વચ્છતા-સફાઈ અભિયાન તથા નશામુક્ત સમાજના નિર્માણ માટે સાથે મળીને સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગ્રામજનોને સંબોધતાં વૃક્ષો અને શુદ્ધ પર્યાવરણના મહત્વ પર ભાર મૂક્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિનું સંતુલન જાળવવા માટે વૃક્ષોનું સંરક્ષણ અને વધુમાં વધુ વૃક્ષારોપણ અનિવાર્ય છે. પ્રદૂષણ અને ઝેરી હવાને કારણે વિશ્વમાં અનેક બીમારીઓ વધી રહી છે, જેમાં કેન્સર જેવી ગંભીર બીમારીઓનો સમાવેશ થાય છે. આવનારી પેઢીને સ્વસ્થ અને શુદ્ધ પર્યાવરણ મળે તે માટે સૌએ મળીને ગામમાં સ્વચ્છતા જાળવી, નિયમિત વૃક્ષારોપણ કરવું અને એકતા સાથે ગામના વિકાસ માટે કાર્ય કરવું જોઈએ. તેમણે યુવાનોને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, અઠવાડિયામાં એક દિવસ ગામમાં સ્વચ્છતા અભિયાન ચલાવો, વૃક્ષો વાવો અને જન્મદિન જેવા પ્રસંગોએ પણ વૃક્ષારોપણ કરીને તેની માવજત કરો. ગામ સ્વચ્છ રહેશે તો શુદ્ધ હવા મળશે અને રોગચાળો ઓછો થશે.

રાજ્યપાલશ્રીએ પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, રાસાયણિક દવાઓના વધતા ઉપયોગથી માનવ અને પશુ સ્વાસ્થ્ય પર ગંભીર અસર થાય છે. ખેતી દરમિયાન જંતુનાશક દવાઓના સ્પ્રેના કારણે થયેલા અનુભવ પછી તેમણે ઝેરી દવાઓથી મુક્ત ખેતી કરવાનો સંકલ્પ લીધો અને જૈવિક પછી પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા. પ્રાકૃતિક ખેતીથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધે છે, ખર્ચ ઓછો થાય છે અને ખેડૂતોને વધુ નફો મળે છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં ૪ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી ચુક્યા છે અને સરકાર દ્વારા આ માટે નિઃશુલ્ક તાલીમ પણ આપવામાં આવે છે. ગાયના ગોબર અને કુદરતી સંસાધનોના ઉપયોગથી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય છે. રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને સંકલ્પબદ્ધ બની સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને પ્રાકૃતિક ખેતી અપનાવી આદર્શ ગામના નિર્માણ માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો. ગામમાં જ્યાં ખાલી જગ્યા હોય ત્યાં વૃક્ષો વાવો. દીકરા કે દીકરીના જન્મદિન નિમિત્તે વૃક્ષ વાવી ત્રણ વર્ષ સુધી તેની યોગ્ય માવજત કરો. ત્રણ વર્ષ બાદ આ વૃક્ષ આપણને સંભાળશે. તેમણે ભારતીય જાતિના વૃક્ષો વાવી ગામને લીલુંછમ બનાવવાની અપીલ કરી હતી. રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગામના દરેક દીકરા અને દીકરીને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના શ્રેષ્ઠ શિક્ષણ મળવું જોઈએ.

---

**એકાગ્રતા અને સકારાત્મકતાનો માર્ગ એટલે યોગ**

## વહેલી સવારે શાળાના વિદ્યાર્થીઓ સાથે રાજ્યપાલશ્રીએ કર્યો યોગાભ્યાસ

(એજન્સી) પાલનપુર | તા.17

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ઉત્તમપુરા (ડાંગીયા) પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં સંપૂર્ણ સાદગી સાથે રાત્રી નિવાસ કર્યો હતો. આ અવસરે રાજ્યપાલ ગ્રામ્ય જીવનની સહજતા, ગ્રામીણ સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરા તથા સ્થાનિક સમાજની જીવનપદ્ધતિને નજીકથી અનુભવી, શાળાના વાતાવરણને આત્મીયતા અને પ્રેરણાથી પરિપૂર્ણ બનાવ્યું હતું. શાળામાં સાદગી સાથે રાત્રી નિવાસ બાદ વહેલી સવારે રાજ્યપાલ શાળાના વિદ્યાર્થીઓ સાથે યોગાભ્યાસ કર્યો હતો. રાજ્યપાલ વિવિધ યોગાસનો તથા પ્રાણાયામ દ્વારા વિદ્યાર્થીઓને યોગના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. યોગ એ માત્ર કસરત નથી, પરંતુ માનસિક, શારીરિક



તથા આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે અત્યંત આવશ્યક ચાવી છે. નિયમિત યોગાભ્યાસ કરવાથી માનસિક એકાગ્રતામાં વધારો થાય છે અને શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. આ સાથે જ યોગ જીવનમાં શિસ્ત અને સકારાત્મકતાનો સંચાર કરે છે. વધુમાં, રાજ્યપાલ ખાસ પ્રેરણા આપતા અનુરોધ કર્યો હતો કે, દરેક વિદ્યાર્થી રોજિંદા જીવનમાં યોગને અપનાવે અને તેને પોતાની જીવનશૈલીનો એક અભિન્ન ભાગ બનાવે કારણ કે યોગ માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે અત્યંત આવશ્યક છે.

### શેર બજારમાં 4 કારણોથી તોફાની તેજી

# સેન્સેક્સમાં 567 તો નિફ્ટીમાં 172 પોઈન્ટનો વધારો

(એજન્સી) મુંબઈ | તા 17

ભારતીય શેર માર્કેટમાં આજે 17 માર્ચે સતત બીજા દિવસે તેજી જોવા મલી છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સમાં 700 પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે, જ્યારે નિફ્ટી ફરી 23,600 પોઈન્ટને સ્પર્શ્યા બાદ 23,581.15 પોઈન્ટ પર બંધ થયો છે. વૈશ્વિક માર્કેટમાં મજબૂતીના સંકેતો સામે આવ્યા બાદ અને રોકાણકારોએ નીચલા સ્તરે ખરીદી કરતા સેન્સેક્સ અને નિફ્ટીમાં તેજી જોવા મળી છે. ગત સપ્તાહના છેલ્લા દિવસે એટલે કે, શુક્રવારના રોજ સેન્સેક્સ 74,563.92 પોઈન્ટ બંધ થયો હતો. ત્યારબાદ સોમવારે 75,502.85 પોઈન્ટ અને મંગળવારે 76,070.84 પોઈન્ટ બંધ થયો છે. એટલે કે નવા સપ્તાહમાં સેન્સેક્સમાં 1,506.88 પોઈન્ટનો વધારો થયો છે. આજની વાત કરીએ તો સેન્સેક્સ 567.99 (0.75%) નો વધારો થઈને 76,070.84 પર બંધ થયો છે.નિફ્ટીની વાત કરીએ તો આજે તેમાં 172.35 (0.74%)નો વધારો થયા બાદ નિફ્ટી 23,581.15 પર બંધ થયો છે. સેન્સેક્સ



અને નિફ્ટીમાં વધારો થવાના પાછળ કેટલાક કારણો જવાબદાર છે, જેમાં નીચલા સ્તરે ખરીદીમાં વધારો થવો, વૈશ્વિક માર્કેટમાં સકારાત્મક સંકેત, વોલિટિલિટીમાં ઘટડા અને ડૉલર સામે રૂપિયે સામાન્ય મજબૂત જેવા પાસાઓ સામેલ છે.

1... વેલ્યુ બાયિંગનો મળ્યો ટેકો : શેરબજારમાં આજે સતત બીજા દિવસે વેલ્યુ બાયિંગ એટલે કે નીચલા સ્તરે ખરીદી જોવા મળી હતી. તાજેતરના ઘટાડા બાદ રોકાણકારોએ ઓટો, મેટલ અને રિયલ્ટી સેક્ટરના શેરોમાં ખરીદી કરી હતી, જેનાથી બજારને મજબૂતી મળી હતી.

2... મજબૂત ગ્લોબલ સંકેતો : વૈશ્વિક બજારોમાંથી પણ સકારાત્મક સંકેતો મળ્યા હતા. સવારના કારોબારમાં એશિયન બજારોમાં જાપાનનો નિક્કી ૨૨૫ (Nikkei 225) લગભગ 0.4 ટકા ઉછળ્યો હતો. બીજી તરફ, દક્ષિણ કોરિયાનો કોસ્પી (KOSPI) ઈન્ડેક્સ 2.4 ટકાના મજબૂત વધારા સાથે ટ્રેડ થતો જોવા મળ્યો હતો. અમેરિકી બજારો પણ ગત રાત્રે સારા વધારા સાથે બંધ થયા હતા. S&P 500 ઈન્ડેક્સ 1 ટકાથી વધુ વધ્યો હતો, જ્યારે નેસ્ડેક (Nasdaq) 1.2 ટકા સુધી ચઢ્યો હતો. ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંબંધિત શેરોમાં ખરીદીએ બજારને ટેકો આપ્યો હતો.

3... વોલેટિલિટીમાં ઘટાડો : શેરબજારના રોકાણકારોમાં ગભરાટનો સંકેત આપતો વોલેટિલિટી ઈન્ડેક્સ, ઈન્ડિયા VIX લગભગ 6 ટકા ઘટીને 20.32 ના સ્તર પર આવી ગયો છે. આ સૂચવે છે કે રોકાણકારોમાં અનિશ્ચિતતા થોડી ઓછી થઈ છે અને જોખમ લેવાની ક્ષમતા વધી છે.

4... રૂપિયામાં મજબૂતી : ડોલર સામે ભારતીય રૂપિયામાં નજીવી મજબૂતી પણ બજાર માટે હકારાત્મક રહી હતી. રૂપિયો પ્રતિ ડોલર 92.39 પર ખૂલ્યો હતો, જે અગાઉના 92.42ના બંધ સ્તર સામે થોડો મજબૂત છે. ડોલરમાં હળવી નબળાઈને કારણે વિદેશી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં પણ સુધારો જોવા મળ્યો હતો.

# ખાંડના ઉત્પાદન અંદાજમાં ઘટાડો છતાં ઉત્પાદન વધ્યું



મુંબઈ: દેશના કૃષિ અને ખાંડ ઉદ્યોગ માટે વર્તમાન મોસમ મિશ્ર પ્રતિસાદ લઈને આવી છે. એક તરફ મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં સાનુકૂળ સ્થિતિને કારણે અત્યાર સુધીના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, તો બીજી તરફ પ્રતિકૂળ હવામાનને કારણે મોસમના અંત સુધીના કુલ ઉત્પાદન અંદાજમાં સાધારણ ઘટાડો કરવામાં આવ્યો છે. નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેક્ટરીઝના તાજા આંકડા મુજબ, દેશમાં ૧લી ઓક્ટોબરથી ૧૫ માર્ચ સુધીમાં ખાંડનું ઉત્પાદન અગાઉના વર્ષ કરતા ૧૦ ટકાથી વધુ વધ્યું છે, પરંતુ આગામી મહિનાઓમાં આ ગતિ ધીમી પડવાની શક્યતા છે.

દેશના ટોચના ત્રણ ખાંડ ઉત્પાદક રાજ્યોમાં સ્થિતિ ઉત્સાહજનક રહી છે. ખાસ કરીને મહારાષ્ટ્રમાં ઉત્પાદન ૭૮.૬૦ લાખ ટનથી વધીને ૯૮.૫૦ લાખ ટન પર પહોંચ્યું છે. તેવી જ રીતે, કર્ણાટકમાં ઉત્પાદનમાં ૧૭.૧૦ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે, જે ૪૫.૮૦ લાખ ટન નોંધાયું છે. ઉત્તર પ્રદેશમાં પણ ઉત્પાદન સાધારણ વધીને ૮૧.૫૦ લાખ ટન રહ્યું છે. આ આંકડા દર્શાવે છે કે શરૂઆતના તબક્કામાં પિલાણની કામગીરી અત્યંત ઝડપી રહી હતી, જેના કારણે ટૂંકા ગાળામાં મોટો જથ્થો તૈયાર થયો છે.

વર્તમાન મોસમ સપ્ટેમ્બરમાં સમાપ્ત થશે ત્યારે દેશનું કુલ ઉત્પાદન ૨.૮૩ કરોડ ટન રહેવાની ધારણા છે. અગાઉ આ અંદાજ ૨.૯૬ કરોડ ટન રાખવામાં આવ્યો હતો, જેમાં હવે ૪.૪૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કેટલાક રાજ્યોમાં પ્રતિકૂળ હવામાનને કારણે શેરડીના પાક પર અસર પડી છે. વધુમાં, પિલાણ સીઝન વહેલી સમાપ્ત થઈ રહી હોવાના સંકેત મળી રહ્યા છે. જે ૫૩૩ મિલોએ કામગીરી શરૂ કરી હતી, તેમાંથી ૩૩૩ મિલોએ અત્યાર સુધીમાં પોતાની કામગીરી બંધ કરી દીધી છે, જે ઉત્પાદન અંદાજ ઘટવાનું મુખ્ય કારણ છે. નિકાસના મોરચે ભારતીય ખાંડની માંગ યથાવત છે. ઓક્ટોબરથી ફેબ્રુઆરીના ગાળામાં ભારતીય મિલોએ ૩.૧૫ લાખ ટન ખાંડની નિકાસ કરી છે.

## News Brief

### શેરબજારમાં ઘટાડો થતા રોકાણકારો માટે મોટી તક સર્જાઈ

મુંબઈ: ભારતીય શેરબજારમાં અત્યારે જે રીતે મોટા કડાકા જોવા મળી રહ્યા છે, તેને રોકાણકારોએ ડરના બદલે એક તક તરીકે જોવી જોઈએ તેવો મત નિષ્ણાતોએ વ્યક્ત કર્યો છે. પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષના કારણે બજારમાં ભારે અસ્થિરતા સર્જાઈ છે. જોકે, કોટક ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના તાજા અહેવાલ મુજબ, આ ઘટાડો રોકાણકારો માટે તેમના પોર્ટફોલિયોને ફરીથી ગોઠવવાની અને નકામા શેરોમાંથી બહાર નીકળવાની એક ઉત્તમ તક પૂરી પાડી રહ્યો છે.બજારમાં ચાલી રહેલા વર્તમાન કરેક્શન વચ્ચે રોકાણકારોને ત્રણ મુખ્ય બાબતો પર ધ્યાન આપવાની સલાહ આપવામાં આવી છે. પ્રથમ, આ ઘટાડામાં 'વધુ સારા' અને ગુણવત્તાયુક્ત શેરો ઉમેરવા. બીજું, માત્ર અફવાઓ કે વાતોના જોરે ઉછળેલા એટલે કે 'નેરેટિવ' શેરોને પોર્ટફોલિયોમાંથી દૂર કરવા અને ત્રીજું, અત્યંત મોંઘા વેલ્યુએશન ધરાવતા સિમેન્ટ અને કન્ઝ્યુમર શેરોમાં પોતાનું રોકાણ ઘટાડવું. મીડિયા અહેવાલ મુજબ, વર્તમાન સંજોગોમાં પોર્ટફોલિયોમાં યોગ્ય ફેરફાર કરવો એ જ રોકાણકારો માટે સૌથી શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ શકે છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો સંઘર્ષ કેટલો સમય ચાલશે તે અંગે અત્યારે ભારે અનિશ્ચિતતા છે, કારણ કે દરેક પક્ષની સહનશક્તિ અને હેતુઓ અલગ-અલગ છે. અહેવાલ મુજબ, એવી ધારણા રાખવામાં આવી રહી છે કે આગામી થોડા અઠવાડિયા સુધી યુદ્ધની તીવ્રતા વધુ રહેશે અને ત્યારબાદના કેટલાક મહિનાઓ સુધી તણાવ યથાવત રહી શકે છે.

### વૈશ્વિક તેલની અછત વચ્ચે દરિયાઈ માર્ગ બંધ

# ક્રૂડ તેલના ભાવ વધતા વૈશ્વિક બજારમાં ભારે હાહાકાર

(એજન્સી) અમદાવાદ | તા 17

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે વિશ્વના ઉર્જા બજાર પર જોવા મળી રહી છે, જેના કારણે આગામી દિવસોમાં ઈંધણના ભાવમાં મોટો ભડકો થવાની પૂરેપૂરી શક્યતા છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ગણાતા દરિયાઈ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ પર સર્જાયેલા અવરોધને કારણે તેલનો પુરવઠો ખોરવાઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા બજારમાં લાખો બેરલ તેલ ઠાલવવાની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, જો આ વ્યૂહાત્મક માર્ગ ખુલ્લો કરવામાં નહીં આવે, તો ક્રૂડ મોરચે કોઈ મોટી રાહત મળવાની આશા જણાતી નથી.

વૈશ્વિક બજારમાં તેલની તીવ્ર અછતને દૂર કરવા માટે ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. ઈતિહાસમાં પ્રથમ વખત, સંસ્થાએ તેના કટોકટી તેલ ભંડારમાંથી ૪૦૦ મિલિયન બેરલ ક્રૂડ તેલ મુક્ત કરવાની જાહેરાત કરી છે. આ જંગી જથ્થો બજારમાં આવવાથી વધતી જતી કિંમતો પર અંકુશ મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે. જોકે, નિષ્ણાતોના મતે આટલી મોટી



માત્રામાં તેલ ઉપલબ્ધ હોવા છતાં, તે જરૂરિયાતમંદ દેશો સુધી પહોંચાડવું એ સૌથી મોટો પડકાર બની ગયો છે.

અત્યારે વાસ્તવિક સમસ્યા વૈશ્વિક તેલની અછત નથી, પરંતુ યોગ્ય માર્ગ દ્વારા તેની ડિલિવરી કરવાની અસમર્થતા છે. હોર્મુઝ સ્ટ્રેટ એવો માર્ગ છે જ્યાંથી યુદ્ધ પૂર્વે દરરોજ ૨૧ મિલિયન બેરલ તેલની નિકાસ થતી હતી, જે હવે ઘટીને માત્ર ૩ થી ૪ મિલિયન બેરલ રહી ગઈ છે. એસએન્ડપી ગ્લોબલ એનર્જીના વિશ્લેષણ મુજબ, જ્યાં સુધી આ દરિયાઈ માર્ગ સંપૂર્ણપણે સુરક્ષિત ન થાય ત્યાં સુધી એશિયન બજારોમાં પુરવઠો પહોંચાડવો અત્યંત મુશ્કેલ છે. આ વિસંગતતાને કારણે તેલ બજારમાં અસંતુલન ઊભું થયું છે.વર્તમાન પરિસ્થિતિને જોતા બ્રેન્ટ ક્રૂડના ભાવ આગામી સમયમાં ૭૦ થી ૧૦૦ ડોલરની વચ્ચે રહેવાનો અંદાજ છે. પરંતુ સૂત્રો દ્વારા મળેલી ચેતવણી મુજબ, જો હોર્મુઝ સ્ટ્રેટનો આ અવરોધ અઠવાડિયાને બદલે મહિનાઓ સુધી લંબાય છે, તો ક્રૂડ ઓઈલના ભાવ નવી રેકોર્ડ ઊંચાઈએ પહોંચી શકે છે. માર્ચ મહિનામાં જ પુરવઠામાં આશરે ૪૩૦ મિલિયન બેરલની ખાધ જોવા મળી છે, જેને સરભર કરવામાં લાંબો સમય લાગી શકે તેમ છે. આ આર્થિક અનિશ્ચિતતા વિશ્વભરના શેરબજારો અને મોંઘવારી દર પર માઠી અસર કરી રહી છે.એશિયન બજારોમાં તેલનો ભંડાર પહેલેથી જ ઘટી રહ્યો છે, ત્યારે પરિવહન માર્ગ બંધ થવાથી ભારત જેવા આયાતકાર દેશોની મુશ્કેલીઓ વધી શકે છે. પશ્ચિમ એશિયામાં ઈરાન સાથેના સંઘર્ષના કારણે ઉર્જા સુરક્ષા જોખમાઈ છે. સ્થાનિક સ્તરે મોંઘવારી પર અંકુશ રાખવા માટે સરકાર આંતરરાષ્ટ્રીય હિલચાલ પર ઝીણવટભરી નજર રાખી રહી છે. જો આગામી દિવસોમાં ટેન્કરોની અવરજવર સામાન્ય નહીં થાય, તો તેની સીધી અસર ટ્રાન્સપોર્ટેશન અને ચીજવસ્તુઓના ભાવ પર જોવા મળશે, જે મધ્યમ વર્ગના ખિસ્સા પર મોટો બોજ નાખશે.

# ક્રૂડ ઉછળીને 106 ડોલર: વોરના પગલે ગલ્ફમાં ઉત્પાદન 70 ટકા ઘટવાની ભીતિ

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. નવી માગ ધીમી હતી સામે વિશ્વ બજાર પાછળ માસન વેંચવાનું હતું. વિશ્વ બજારમાં સોનાના ભાવ ગબડી ઔંસના ૫૦૦૦ ડોલરની અંદર ઉતરી ગયાના સમાચાર હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ વધતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યાના નિર્દેશો હતા.

વિશ્વ બજાર ઘટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી તથા દેશના ઝવેરી બજારોમાં કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના આજે વધુ રૂ.૨૦૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૫૯૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૬૦૦૦૦ રહ્યા હતા. સોનાના ભૌવ ત્રણ દિવસમાં રૂ.૬૦૦૦



તૂટી ગયા હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, અમદાવાદ ચાંદીના ભાવ આજે કિલોના રૂ.૧૦ હજાર તૂટી રૂ.૨૫૦૦૦૦રહ્યા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ૫૦૨૦ વાળા તૂટી રૂ.૪૯૬૭ થઈ ૪૯૯૮થી ૪૯૯૯ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંસના ૮૦.૬૦ વાળા ગબડી નીચામાં ભાવ ૭૭.૦૯ થઈ ૭૮.૯૬થી ૭૮.૯૭ ડોલર રહ્યા હતા.મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૧૫૦૦ તૂટી ૯૯૫ના ભાવ રૂ.૧૫૫૦૯૦ તતા ૯૯૯ના ભાવ રૂ.૧૫૫૭૧૪ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૮૦૦૦ ગબડી રૂ.૨૪૮૭૧૧ રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ જો કે વધી આવ્યા હતા. પ્લેટીનમના ભાવ ૨૦૨૮ વાળા નીચામાં ૨૦૦૯ થયા પછી વધી ઉંચામાં ભાવ ૨૦૮૨ થઈ ૨૦૬૧થી ૨૦૬૨ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઔંસના ૧૫૫૪ વાળા નીચામાં ભાવ ૧૫૦૮ થઈ ૧૫૪૩થી ૧૫૪૪ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૧.૪૮ટકા માઈનસમાં રહ્યા હતા.દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ ઉછળ્યા પછી ઘટાડા પર રહ્યા હતા.

# ઓફિસ માર્કેટની માંગ વધતા રિયલ એસ્ટેટમાં ભારે તેજી આવશે

નવી દિલ્હી: ભારતના કોમર્શિયલ રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે વર્ષ ૨૦૨૬ અત્યંત આશાસ્પદ સાબિત થવા જઈ રહ્યું છે. અગ્રણી રિયલ એસ્ટેટ કન્સલ્ટન્સી ફર્મ કોલિયર્સના તાજા અહેવાલ મુજબ, દેશમાં ઉચ્ચ કક્ષાની 'ગ્રેડ એ' ઓફિસ સ્પેસની માંગમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળશે. બદલાતી કાર્યશૈલી અને વૈશ્વિક કંપનીઓના વધતા વિશ્વાસને કારણે ભારતીય ઓફિસ માર્કેટ હવે એક નવા સકારાત્મક ચક્રમાં પ્રવેશવા તૈયાર છે, જેની સીધી અસર દેશના આર્થિક વિકાસ અને રોજગારી પર પણ જોવા મળશે. વર્ષ ૨૦૨૬માં ભારતમાં ગ્રેડ એ ઓફિસની માંગ ૭૦ થી ૭૫ મિલિયન સ્ક્વેર ફૂટ સુધી પહોંચવાની ધારણા છે. આ માંગને પહોંચી વળવા માટે બજારમાં ૬૦ થી ૬૫ મિલિયન સ્ક્વેર ફૂટ જેટલો નવો પુરવઠો પણ ઉમેરાશે. વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ના વિસ્તરણ તબક્કા બાદ, હવે બજાર સંસ્થાકીય વૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી વર્ષોમાં વાર્ષિક માંગ ૧૦૦ મિલિયન સ્ક્વેર ફૂટના આંકડાને સ્પર્શે તેવો રોડમેપ અત્યારથી જ તૈયાર થઈ રહ્યો છે.દેશના અગ્રણી શહેરોમાં બેંગલુરુ પોતાનું વર્ચસ્વ જાળવી રાખશે, જે કુલ લીઝિંગ પ્રવૃત્તિ અને નવા પુરવઠામાં લગભગ ત્રીજા ભાગનો હિસ્સો ધરાવશે. હૈદરાબાદ અને દિલ્હી-એનસીઆર પણ પાછળ નથી, આ બંને બજારોમાં માંગ અને પુરવઠો ૧૦ મિલિયન સ્ક્વેર ફૂટથી વધુ રહેવાનો અંદાજ છે. ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCCs) આ માંગના મુખ્ય ચાલક બળ તરીકે ઉભરી આવશે, જે કુલ લીઝિંગમાં ૪૦ થી ૫૦ ટકા યોગદાન આપશે. ટેકનોલોજી, બેન્કિંગ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની કંપનીઓ ભારતમાં પોતાના કેન્દ્રો વિસ્તારી રહી છે. હાઈબ્રિડ વર્ક મોડલ અને ખર્ચમાં કાર્યક્ષમતા લાવવા માટે કંપનીઓ હવે ફ્લેક્સિબલ વર્કસ્પેસ એટલે કે લવચીક ઓફિસ જગ્યાઓ પર વધુ ભાર આપી રહી છે. આ સેગમેન્ટમાં વાર્ષિક લીઝિંગ ૧૫ થી ૧૮ મિલિયન સ્ક્વેર ફૂટ સુધી પહોંચવાની શક્યતા છે. વધુમાં, પર્યાવરણ અને સ્થિરતા હવે પ્રાથમિકતા બની રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨૦૨૬માં થનારી કુલ લીઝિંગ પ્રવૃત્તિમાંથી લગભગ ૮૦ ટકા વ્યવહારો ગ્રીન-સર્ટિફાઈડ એટલે કે પર્યાવરણને અનુકૂળ ઈમારતોમાં થશે.

### તેલ વેપાર ખાધ બસ્સો વીસ બિલિયન ડોલરે પહોંચશે

# તેલ આયાત બિલ વધતા ભારતની આર્થિક ચિંતામાં વધારો



અમદાવાદ: વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થઈ રહેલો અસાધારણ વધારો અને પુરવઠા સાંકળમાં સર્જાયેલા અવરોધોને કારણે ભારત માટે હવે ખતરાની ઘંટડી વાગી રહી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષના ત્રીજા સપ્તાહમાં પ્રવેશતા જ ભારતનું ઉર્જા આયાત બિલ આસમાને પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવ વધવાથી દેશની તેલ વેપાર ખાધમાં જે રીતે વધારો થઈ રહ્યો છે, તે આવનારા સમયમાં ભારતીય અર્થતંત્ર માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે.ભારત પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના ૯૦ ટકા અને કુદરતી ગેસની મોટાભાગની જરૂરિયાતો માટે સાઉદી અરેબિયા, ઈરાક અને સંયુક્ત આરબ અમીરાત જેવા દેશો પર નિર્ભર છે. જોકે, ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દેવામાં આવતા આ દેશોમાંથી આવતો ઉર્જા પુરવઠો ખોરવાયો છે. નોંધનીય છે કે ભારત પોતાનું ૪૦ ટકા ક્રૂડ ઓઈલ અને ૯૦ ટકા એલપીજી આ જ માર્ગ દ્વારા આયાત કરે છે. માર્ગ બંધ થવાથી હવે ભારતની ઉર્જા સુરક્ષા જોખમમાં મુકાઈ છે, જેના કારણે સ્થાનિક બજારમાં ઈંધણના ભાવ વધવાની સંભાવના પ્રબળ બની છે. અર્થશાસ્ત્રીઓના મતે, ક્રૂડ ઓઈલના ભાવમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરનો વધારો થવાથી ભારતની ચોખ્ખી આયાત પર ૧૪ થી ૧૬ બિલિયન ડોલરનો વધારાનો બોજ પડે છે. જો નાણાકીય વર્ષ ૨૦૨૭માં તેલના ભાવ સરેરાશ ૧૧૦ થી ૧૧૫ ડોલરની આસપાસ રહેશે, તો દેશનું આયાત બિલ વાર્ષિક ૫૬ થી ૬૪ બિલિયન ડોલર સુધી વધી શકે છે. વધુમાં, જો ક્રૂડના ભાવ ૧૨૦ ડોલરની સપાટી વટાવે, તો ભારતની તેલ વેપાર ખાધ ૨૨૦ બિલિયન ડોલર સુધી પહોંચી શકે છે, જે દેશની તિજોરી પર અસહ્ય ભાર સમાન હશે. હોર્મુઝ સ્ટ્રેટ જેટલો લાંબો સમય બંધ રહેશે, તેટલી જ માઠી અસર પુરવઠા અને કિંમતો પર જોવા મળશે.

# ઈ-કોમર્સનો વિકાસ થતા નાના ઉદ્યોગોનું નસીબ ચમકી જશે

નવી દિલ્હી: ભારતનું ડિજિટલ અર્થતંત્ર આગામી દાયકામાં એક નવી ઊંચાઈ સર કરવા જઈ રહ્યું છે, જેમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) પાયાની ભૂમિકા ભજવશે. વૈશ્વિક કન્સલ્ટિંગ ફર્મ મેકિન્સે એન્ડ કંપનીના તાજા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતના કુલ રિટેલ વેચાણમાં ઈ-કોમર્સનો હિસ્સો ૬ ટકાથી વધીને ૧૧ ટકા સુધી પહોંચી શકે છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, આ સંભવિત વૃદ્ધિમાં લગભગ ૫૦ ટકા યોગદાન દેશના નાના ઉદ્યોગોનું હશે, જેઓ હવે પરંપરાગત વેપાર છોડીને ડિજિટલ પ્લેટફોર્મ પર પોતાની પકડ મજબૂત કરી રહ્યા છે.ભારતના રિટેલ ઈકોસિસ્ટમમાં MSMEs અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. આ ઉદ્યોગો દર વર્ષે અર્થતંત્રમાં આશરે ૧ ટ્રિલિયન ડોલરનું મૂલ્ય ઉમેરે છે, જે દેશના કુલ જીડીપીના લગભગ ૩૦ ટકા જેટલું થાય છે. અહેવાલ મુજબ, ભારતનું રિટેલ માર્કેટ ભૌગોલિક અને શ્રેણી મુજબ વિભાજિત છે, જ્યાં નાના વેપારીઓ મોટા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રિટેલર્સની સાથે સહ-અસ્તિત્વ ધરાવે છે. હવે આ નાના વિક્રેતાઓ ઓછા ખર્ચવાળા અને સીધા ગ્રાહકો સુધી પહોંચી શકાય તેવા ડિજિટલ ઉકેલો શોધી રહ્યા છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નાના ઉદ્યોગો હવે મોટા માર્કેટપ્લેસના બદલે પોતાની વેબસાઈટ, સોશિયલ મીડિયા અને એપ્સ દ્વારા સીધા ગ્રાહકો સુધી પહોંચવાનું (D2C) વધુ પસંદ કરી રહ્યા છે. D2C અપનાવવાનો દર સામાન્ય ઈ-કોમર્સ વૃદ્ધિ કરતા ત્રણ ગણો ઝડપી છે. હાલમાં ભારતમાં D2C વેચાણ ૧૦ થી ૧૨ બિલિયન ડોલર છે, જે ૨૦૩૦ સુધીમાં વધીને ૬૦ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. મેકિન્સેના સર્વેમાં જાણવા મળ્યું છે કે ૫૩ ટકા MSMEs સીધા વેચાણને વધુ પ્રાધાન્ય આપે છે. ભારત સરકારની 'ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ' (ONDC) જેવી પહેલો નાના વેપારીઓ માટે બજારમાં પ્રવેશવાના અવરોધો ઘટાડી રહી છે.

# જથ્થાબંધ મોંઘવારી દર વધતા સામાન્ય જનતાની મુશ્કેલીમાં વધારો

નવી દિલ્હી: દેશમાં મોંઘવારીનો માર હવે વધુ અસહ્ય બની રહ્યો છે. રેટિંગ એજન્સી ઈકરા (ICRA) ના તાજા અહેવાલ મુજબ, માર્ચ ૨૦૨૬ માં ભારતનો જથ્થાબંધ મોંઘવારી દર (WPI) વધીને ૩.૨ ટકા સુધી પહોંચવાની શક્યતા છે, જે છેલ્લા ૨૧ મહિનાની સૌથી ઉચ્ચતમ સપાટી હશે. ખાદ્ય ચીજવસ્તુઓ અને વૈશ્વિક સ્તરે વધતા કોમોડિટીના ભાવોને કારણે બજારમાં અત્યારે ભારે દબાણ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને ક્રૂડ તેલ અને કુદરતી ગેસના ભાવમાં થયેલો વધારો જથ્થાબંધ સ્તરે કિંમતો વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ, કુદરતી ગેસ અને ખાદ્ય તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. તેની સાથોસાથ ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં થયેલા ઘટાડાને કારણે આયાત મોંઘી બની છે. ભારત પોતાની જરૂરિયાતના મોટા ભાગના તેલ અને ગેસ માટે આયાત પર નિર્ભરતા ધરાવે છે, જેના કારણે વૈશ્વિક બજારમાં થતી કોઈ પણ હિલચાલની સીધી અસર સ્થાનિક જથ્થાબંધ ભાવો પર પડે છે. મીડિયા અહેવાલ મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૬ માં મોંઘવારી દર ૨.૧ ટકા હતો, જે માર્ચમાં વધીને ૩.૨ ટકા થવાનો અંદાજ છે.

ખાદ્ય ચીજોના મોરચે પણ સ્થિતિ ચિંતાજનક છે. માર્ચ ૨૦૨૬ ના પ્રથમ પખવાડિયાના ઉપલબ્ધ ડેટા મુજબ, ૨૨ મુખ્ય ખાદ્ય ચીજોમાંથી અડધાથી વધુ વસ્તુઓના ભાવમાં ગયા વર્ષની સરખામણીએ મોટો વધારો નોંધાયો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે લોજિસ્ટિક્સ અને નૂર ભાડામાં થયેલા વધારાને પગલે ખાદ્ય તેલ જેવી આયાતી વસ્તુઓના ભાવ પણ વધ્યા છે. આ આડકતરી અસર હવે જથ્થાબંધ મોંઘવારીના આંકડાઓમાં સ્પષ્ટપણે દેખાઈ રહી છે.જથ્થાબંધ મોંઘવારીના બાસ્કેટમાં ઈંધણ અને વીજળીનો હિસ્સો ૧૦.૪ ટકા જેટલો છે.

### ક્યુપિડ લિમિટેડે ગ્લોબલ મોનોપોલી સેગમેન્ટને લક્ષ્યાંકિત કરતા

# નાઈટ્રાઈલ ફીમેલ કોન્ડોમના ડેવલપમેન્ટ અને વ્યૂહાત્મક બ્રાન્ડિંગ સંરેખણ: "જાપાનીઝ ક્વાલિટી" સાથે "મેડ ઈન ઈન્ડિયા"ની જાહેરાત કરી

(એજન્સી) મુંબઈ | તા 17

ભારતના અગ્રણી મેલ અને ફિમેલ કોન્ડોમ મેન્યુફેક્ચરર અને નિકાસકારે, આજે નાઈટ્રાઈલ (એનબીઆર) ફીમેલ કોન્ડોમ માટે તેના ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સની શરૂઆતની જાહેરાત કરી છે, જેનો ઉદ્દેશ્ય હાલમાં એક જ સપ્લાયર વાળા ગ્લોબલ નાઈટ્રાઈલ ફીમેલ કોન્ડોમ માર્કેટમાં પ્રવેશ અને વૈવિધ્યીકરણ લાવવાનો છે. કંપનીએ 'મેડ ઈન ઈન્ડિયા' અને 'જાપાનીઝ ક્વાલિટી'ના પ્રસ્તાવ પર કેન્દ્રિત વ્યૂહાત્મક બ્રાન્ડિંગ સુમેળની પણ જાહેરાત કરી, જે ભારતની મજબૂત મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓને ચોકસાઈ, વિશ્વસનીયતા અને પ્રોડક્ટ એક્સલેન્સના વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ધોરણો સાથે જોડવાની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. 2024માં ગ્લોબલ ફિમેલ કોન્ડોમ માર્કેટનું મૂલ્ય આશરે 770 મિલિયન યુએસડોલર હોવાનો અંદાજ હતો અને 2030 સુધીમાં તે 1.2 બિલિયન યુએસડોલરથી વધુ થવાનો અંદાજ છે. આ બજારમાં, નાઈટ્રાઈલ ફીમેલ કોન્ડોમ સેગમેન્ટ, જે એક પ્રીમિયમ લેટેક્સ-ફ્રી સિરીઝ છે, તેનો સપ્લાય ઐતિહાસિક રીતે વિશ્વભરમાં ફક્ત એક જ મેન્યુફેક્ચરર દ્વારા કરવામાં આવે છે, જે એફસી2 ફીમેલ કોન્ડોમનું ઉત્પાદન કરે છે. વૈશ્વિક ખરીદી એજન્સીઓ તરફથી સપ્લાયમાં વૈવિધ્યકરણ લાવવા માટેની વધતી માંગ સાથે, નાઈટ્રાઈલ સ્ત્રી કોન્ડોમ મેન્યુફેક્ચરિંગમાં ક્યુપિડનો પ્રવેશ એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક તક રજૂ કરે છે.કંપનીની અગાઉ જાહેર કરાયેલ વિસ્તરણ યોજનાનો એક ભાગ એવી ક્યુપિડની નવી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ડ્યુઅલ-પોલિમર ડિપિંગ લાઈન્સ એકસાથે કાર્યરત થઈ શકે તે રીતે આર્કિટેક્ચર અને તકનીકી રીતે ડિઝાઈન કરવામાં આવી છે. આ કોન્ફિગરેશન આ ફેસિલિટીને નેચરલ રબર લેટેક્સ (એનઆરએલ) કોન્ડોમ અને નાઈટ્રાઈલ બ્યુટાડીન રબર (એનબીઆર) કોન્ડોમ ઉત્પાદન કરવાની મંજૂરી આપે છે. એક જ ફેસિલિટીની અંદર સમર્પિત પ્રોડક્શન લાઈન્સથી, ક્રોસ-કન્ટેમિનેશન વિના શ્રેષ્ઠ ઉત્પાદન કાર્યક્ષમતા સુનિશ્ચિત થાય છે.

### ભારતના અગ્રણી રિટેલ ગ્રીન NBFC ને 3x વિસ્તરણ કરવામાં મદદ મળી છે

# એવર્સોર્સ-સમર્થિત ઈકોફાયએ ભારતના રિટેલ ગ્રીન ફાઈનાન્સ માર્કેટને વેગ આપવા માટે અગ્રણી વૈશ્વિક રોકાણકારો પાસેથી ગ્રોથ ઈક્વિટીમાં રૂ. 380 કરોડ એકત્ર કર્યા

(એજન્સી) મુંબઈ,નવી દિલ્હી | તા 17

એવર્સોર્સ કેપિટલ દ્વારા સમર્થિત અગ્રણી ગ્રીન NBFC, ઈકોફાયએ આજે રૂ. 380.5 કરોડ (આશરે 42 મિલિયન યુએસ ડોલર) ની નવી ઈક્વિટી મૂડી એકત્ર કરવાની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવાની જાહેરાત કરી. ફંડિંગ રાઉન્ડમાં બે અગ્રણી વૈશ્વિક DFI - બ્રિટિશ ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ (BII), એક યુકે સ્થિત ડેવલપમેન્ટ ફાઈનાન્સ સંસ્થા અને ઈમ્પેક્ટ ઈન્વેસ્ટર; અને ફિનફંડ ડિજિટલ એક્સેસ ઈમ્પેક્ટ ફંડ I (DAIF), જેનું સંચાલન ફિનિશ ડેવલપમેન્ટ ફાઈનાન્સ સંસ્થા અને ઈમ્પેક્ટ ઈન્વેસ્ટર ફિનફંડ દ્વારા કરવામાં આવે છે - બંને નવા રોકાણકારો તરીકે જોડાયા હતા. આ રોકાણ ઈકોફાયના અનોખા, રિટેલ-સંચાલિત



મોડેલમાં વૈશ્વિક રોકાણકારોના વધતા વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. આ રાઉન્ડમાં હાલના રોકાણકારો - એવર્સોર્સ કેપિટલ (એક અગ્રણી ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણકાર) અને FMO (ડચ ઑન્ટ્રપ્રનરીઅલ ડેવલપમેન્ટ બેંક) તરફથી સતત પ્રતિબદ્ધતા જોવા મળી.આ વૃદ્ધિ મૂડી ઈકોફાયને રૂફટોપ સોલાર, ઈલેક્ટ્રિક વાહનો અને SME ફાઈનાન્સિંગમાં વિસ્તરણ કરવામાં મદદ કરશે; આ વિસ્તરણ મજબૂત બેલેન્સ શીટ, અનુભવી નેતૃત્વ, મજબૂત ગવર્નન્સ ફ્રેમવર્ક્સ અને ઉચ્ચ-પ્રદર્શન, હેતુ-સંચાલિત ઓપરેટિંગ કલ્ચર દ્વારા આધારભૂત રહેશે.ગ્રીન ફાઈનાન્સ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરીને સ્થાપિત, ઈકોફાયએ માત્ર ત્રણ વર્ષમાં ભારતનું અગ્રણી રિટેલ-કેન્દ્રિત ગ્રીન ફાઈનાન્સ પ્લેટફોર્મ બનાવ્યું છે, જે રૂફટોપ સોલાર, ઈલેક્ટ્રિક વાહનો અને અન્ય ટકાઉ સંપત્તિ વર્ગોમાં 1,20,000 થી વધુ ગ્રાહકોને સેવા આપે છે. કંપનીએ તેની AUM વધારીને રૂ. 1,400+ કરોડ કરી છે, જેનું મુખ્ય કારણ 100% રિટેલ લોન બુક, 100+ OEM અને 23+ બેંકો અને નાણાકીય સંસ્થાઓ સાથે ભાગીદારી, મજબૂત સંપત્તિ ગુણવત્તા અને ભંડોળ એકત્ર કર્યા પછી આશરે 50% ના મૂડી પર્યાપ્તતા ગુણોત્તર છે.

### દેશભરમાંથી 1700થી વધુ મહિલાઓ સાથે કર્યો સંવાદ

# અંબુજા સિમેન્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 2026ની કરાઈ ઉજવણી

અમદાવાદ: વિશ્વની ૧મી સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ્સ સોલ્યુશન પ્રોવાઈડર કંપની અને અદાણી પોર્ટફોલિયોનો ભાગ એવી અંબુજા સિમેન્ટ દ્વારા હિમાચલ પ્રદેશમાં દારલાઘાટ, પશ્ચિમ બંગાળમાં સાંકરાઈલ, ઉત્તરાખંડમાં ભગવાનપુર અને છત્તીસગઢમાં ભાટાપારા ખાતે મોટા પાયે સામાજિક કાર્યક્રમો યોજીને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 2026ની ઉજવણી કરવામાં આવી. આ પહેલ હેઠળ સ્વ-સહાય જૂથો અને ગ્રામીણ સમુદાયોની 1,700 થી વધુ મહિલાઓ સાથે સંવાદ કરવામાં આવ્યો. હિમાચલ પ્રદેશા દારલાઘાટમાં, જાગૃતિ મહિલા ફેડરેશનના સભ્યો સહિત સ્વ-સહાય જૂથની 600થી વધુ મહિલાઓએ આ એકદિવસીય કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેમાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, રમતગમતની પ્રવૃત્તિઓ અને અવેરનેસ સેશન્સય યોજાયા. આ કાર્યક્રમ દરમિયાન નશામુક્તિ પરના શેરી નાટકે ગ્રામીણ પરિવારોને અસર કરતા ગંભીર સામાજિક મુદ્દાઓ સૌથી વધુ હાઈલાઈટ થયા. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર સ્વ-સહાય જૂથોનું સન્માન પણ કરવામાં આવ્યું, સાથે જ મહિલા ઉદ્યોગસાહસિકોએ અંબુજા સિમેન્ટ્સના સહયોગથી વિકસાવેલી પ્રોડક્ટ્સનું પ્રદર્શન કર્યું હતું.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ વદ-15

# ચૂંટણી કમિશને કરેલા વહીવટી ફેરફારથી ટીએમસી નારાજ

તૃણમુલ કોંગ્રેસ (ટીએમસી)એ ફરીથી મુખ્ય ચૂંટણી કમિશનની ટીકા કરી છે. ટીએમસીએ બંગાળમાં વહીવટી અને પોલીસ અધિકારીઓની બદલીઓ માટે ચૂંટણી કમિશનરને જવાબદાર ગણાવ્યા છે. એમના હિસાબે આ ગભરાટમાં ઉઠાવેલું પગલું છે. બીજી તરફ ભાજપ અને સામ્યવાદી પક્ષો આ બાબતે એક થઈ ગયા છે. એમના કહેવા પ્રમાણે ચૂંટણી કમિશનનું આ પગલું સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી માટે અગત્યનું છે. પશ્ચિમ બંગાળ ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત પછી રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનની જાહેરાત પછી ચિફ સેક્રેટરી નંદીની ચક્રવર્તિ, ગૃહસચીવ જગદિશ પ્રસાદ મીણા, પોલીસ વડા પીયુષ પાંડે અને કોલકત્તા પોલીસ કમિશનર સુપ્રતિમ સરકારને દુર કરવામાં આવ્યા છે. ચૂંટણી કમિશનના કહેવા પ્રમાણે દુર કરવામાં આવેલા અધિકારીઓને ચૂંટણીની કોઈ જવાબદારી સોંપવામાં આવશે નહીં. ટીએમસીના પ્રવકતા કુણાલ ઘોષએ કહ્યું હતું કે, આ પાછલા દરવાજાથી થઈ રહેલું રાજકારણ છે. આમ છતાં ભાજપ પશ્ચિમ બંગાળની જનતા અને મુખ્યમંત્રી મમતા બેનર્જી વચ્ચેના સંબંધને નબળો નહીં પાડી શકે. ભાજપ પાસે પશ્ચિમ બંગાળના મતદારોની વિચારધારા બદલવાની તાકાત નથી.દેશમાં નમો ભારત રેપીડ રેલ સેવા બહુ ગાજી હતી. જોકે બીજી કેટલીક સરકારી સેવાઓની જેમ આ સેવામાં પણ ત્વરીત ખામી ઉભી થઈ. ઉભી થયેલી ટેક્નીકલ ક્ષતીને કારણે પ્રવાસીઓએ ભારે પરેસાનીનો સામનો કરવો પડયો હતો. સિગ્નલ સીસ્ટમમાં આવેલી ટેક્નીકલ ખરાબીને કારણે હાઈસ્પીડ ટ્રેનોની ઝડપ ઓછી થઈ ગઈ હતી અને કેટલાક સ્ટેશનો પર ટ્રેનને ૧૦ થી ૧૫ મીનીટ સુધી ઉભી રાખવી પડી હતી. આ સમસ્યાને કારણે રેલવે સ્ટેશનોએ ભીડ વધી ગઈ હતી. મેરઠના મોદીપુરમથી સાંજે ૬.૦૯ વાગે રવાના થયેલી નમો ભારત રેપીડ રેલ ૫૦ કીલોમીટર કલાકની ઝડપે જ ચાલી શકી હતી. આ કારણે જ દિલ્હી - મેરઠ કોરીડોરનો પ્રવાસ કરનારાઓની મુશ્કેલી વધી ગઈ હતી. પ્રવાસીઓ ગુસ્સે થઈ ગયા હતા. આમ પણ ભારતના રેલવે મંત્રી વૈષ્ણવની ઈમેજ ખાડે ગઈ છે. સોશ્યલ મીડિયા પર આ સમસ્યા વાયરલ થઈ હતી.રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટીંગનો ડર હંમેશા રહે છે. ઓડિસા કોંગ્રેસે આરોપ મૂક્યો છે કે, બેંગ્લુરુમાં ભાજપે એમના પક્ષના ધારાસભ્યોને ૫-૫ કરોડ રૂપિયાની લાંચ આપવાની કોશિષ કરી હતી. આ મામલે બેંગ્લુરુ પોલીસે બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. કોંગ્રેસે ૮ ધારાસભ્યોને ક્રોસ વોટીંગથી બચવા માટે થોડા સમય પહેલા બેંગ્લુરુ મોકલ્યા હતા. આ ધારાસભ્યો પર કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડી કે શિવકુમાર નજર રાખી રહ્યા હતા. શિવકુમારના કહેવા પ્રમાણે ૪ વ્યક્તિઓ આવ્યા હતા. સુરેશ નામની એક સ્થાનિક વ્યક્તિની મદદથી એમણે એક રુમ બુક કરાવ્યો હતો. તેઓ હોટલમાં દાખલ થયા હતા જ્યાં કોંગ્રેસના ૮ ધારાસભ્યોએ ચેક ઈન કર્યું હતું. સવારે એક ધારાસભ્યને મળીને પેલી વ્યક્તિએ પાંચ કરોડ રૂપિયા આપવાની કોશિષ કરી હતી. ઓડિસા કોંગ્રેસના સિનિયર નેતા અને કોરાપુટના સાંસદ સપ્તગીરી ઉલાકાએ કહ્યું હતું કે ધારાસભ્ય બિરેન્દ્ર પ્રસાદ, સુરેશ, અજીત શાહુ એ જ હોટલમાં રોકાયા હતા. એમણે પોલીસ સમક્ષ ભાજપના ટેકેદાર અપક્ષ ઉમેદવાર દિલીપ રાયનું નામ લીધું હતું.ઉત્તર પ્રદેશના સંભલ શહેરની એક મસ્જિદમાં ૨૦થી વધુ લોકોના નમાઝ પઢવા પર સ્થાનિક શાસને પ્રતિબંધ મૂક્યો હતો. આ નિર્ણય સામે મુનાઝીર ખાન કોર્ટમાં ગયા હતા. એમણે કોર્ટને કહ્યું હતું કે, રમઝાન મહિનામાં ગાતા નંબર ૨૯૧ પર એક મસ્જિદ છે જ્યાં નમાઝ પઢનારાઓને રોકવામાં આવે છે. મસ્જિદમાં નમાઝ પઢવા માટે ફક્ત ૨૦ વ્યક્તિઓને જ જવા દેવામાં આવે છે જ્યારે રમઝાનના દિવસોમાં અહીં મોટી સંખ્યામાં નમાઝીઓ ભેગા થાય છે. રાજ્ય સરકારના વકીલે આ નિર્ણયનો બચાવ કરતા કહ્યું હતું કે કાયદો વ્યવસ્થાની સ્થિતી સરખી રાખવા માટે નમાઝીઓની સંખ્યા મર્યાદીક કરવામાં આવી છે. હાઈકોર્ટે સરકારની આ દલીલ માનવાનો ઈન્કાર કરી દીધો હતો. કોર્ટે કહ્યું હતું કે, 'કાયદો - વ્યવસ્થા સાચવવાની જવાબદારી રાજ્ય સરકારની છે. જો તમારાથી એ થઈ શકતું ના હોય તો રાજીનામું આપી દો અથવા તો બદલી કરાવી દો.'દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદિયાને જોડતા લીકર સ્કેમમાં સીબીઆઈને ફરીથી રાહત આપી છે. તપાસમાં ખામીઓ માટે સીબીઆઈ સામે કરવામાં આવેલી ટીપ્પણીઓ અને સીબીઆઈ અધિકારીઓની તપાસ કરવા માટે ટ્રાયલ કોર્ટના હુકમ પર આપવામાં આવેલો સ્ટે ચાલુ રાખ્યો છે. જસ્ટીસ સ્વર્ણકાંતા શર્માએ આ બાબતે સુનાવણી કરતા કહ્યું હતું કે, જે કામચલાઉ સ્ટે આપવામાં આવ્યો છે એ ચાલુ રહેશે. કોર્ટે કહ્યું હતું કે, આ બાબતે ૯મી એપ્રિલે ફરીથી સુનાવણી થશે.

## પંચમહાલ-ગોધરા રેન્જના ડીઆઈજી શ્રીમતી વિધિ ચૌધરીની મહીસાગર જિલ્લાની મુલાકાતે ......







# ડીઆઈજીના હસ્તે લુણાવાડા ખાતે નવનિર્મિત 'જન સંપર્ક કેન્દ્ર'નું ઉદ્ઘાટન કરાયું

જગદીશ ત્રિવેદી | મહીસાગર

આજ રોજ પંચમહાલ-ગોધરા રેંજના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (DIGP) શ્રીમતી વિધિ ચૌધરીએ મહીસાગર જિલ્લાના વડામથક લુણાવાડા ખાતે આવેલી પોલીસ અધિક્ષકશ્રીની કચેરીની વિશેષ અને સત્તાવાર મુલાકાત લીધી હતી.લુણાવાડા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ખાતે નાગરિકોની સુવિધા માટે તૈયાર કરવામાં આવેલા નવનિર્મિત 'જન સંપર્ક કેન્દ્ર'નું નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (DIGP) શ્રીમતી વિધિ ચૌધરીના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેન્દ્ર કાર્યરત થવાથી સામાન્ય નાગરિકો માટે પોલીસનો સંપર્ક કરવો વધુ સરળ બનશે અને તેમની રજૂઆતોનું સત્વરે નિરાકરણ લાવી શકાશે.આ મુલાકાતના ભાગરૂપે ડીઆઈજી શ્રીમતી ચૌધરીએ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં મહીસાગર જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની વર્તમાન પરિસ્થિતિની સઘન સમીક્ષા કરવામાં આવી હતી. તદુપરાંત, તેઓએ પોલીસ હેડ કવાર્ટરની પણ મુલાકાત લીધી હતી. પોલીસની રોજિંદી કામગીરીને વધુ સુદ્રઢ, પારદર્શક અને પ્રજાલક્ષી બનાવવા માટે તેઓએ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી અને સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# મણિનગર નખત્રાણા ખાતે યોજાયું વિરાટ મહા હિન્દુ સંમેલન

મહેશ એલ. સોની નખત્રાણા

તારીખ ૧૫/૩/૨૦૨૬ના રોજ નખત્રાણા મણીનગર વિસ્તારનો મહા હિન્દુ સંમેલન રામાણી ગ્રાઉન્ડ ખાતે યોજાયું હતું. આ સંમેલનમાં મણીનગર વિસ્તારના મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. સંમેલનના મુખ્ય વક્તા શ્રી ધનસુખભાઈ વાઘાણી (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કચ્છ વિભાગ) એ પંચ પરિવર્તન વિશે પુર્ણ માર્ગદર્શન આપ્યું હતું તેમજ શાસ્ત્રીશ્રી કિરણભાઈ જોશી અને શાસ્ત્રી શ્રી દિલીપ મહારાજે આશીર્વચન આપતા સમાજની



દરેક હિન્દુ જાતિઓ સમાજના દરેક પ્રોગ્રામ એક થઈને પંચ પરિવર્તનનો અમલ કરવાનો આદેશ આપ્યો હતો. મહેમાનોનો આયોજક સમિતિ દ્વારા આભાર વ્યક્ત કરાયો હતો . આયોજક સમિતિના શ્રી મધુસૂદન તિવારી. મિતેષભાઈ સાંખલા હિરેનભાઈ ભાનુશાલી ભરતભાઈ વાડિયા . મેહુલભાઈ જોશી. ભૂપેશભાઈ રામાણી ,

વિનયભાઈ ગોર . રાજભાઈ સચદે.કોશિકભાઈ ઠક્કર, વિપુલભાઈ ગોર . વિજય ભાઈ કેસરાણી,રોહિતભાઈ દરજી, હરપાલસિંહ ઉપસ્થિત રહ્યા હતા

એવું સમસ્ત હિન્દુ સમાજ મણીનગર વસ્તી આયોજક સમિતિ વતી વિશ્વ હિન્દુ પરિષદ પ્રચાર પ્રસારક હિરેનભાઈ ભાનુશાલી દ્વારા જણાવાયું હતું.

## વારંવાર રજુઆતો છતાં પ્રશ્નો યથાવત્: કચ્છના વનપાલ-વનરક્ષક કર્મચારીઓમાં અસંતોષ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લામાં વનપાલ અને વનરક્ષક કર્મચારીઓના બાકી રહેલા પ્રશ્નોને લઈ અસંતોષ વધી રહ્યો છે. કચ્છ જિલ્લા વનપાલ-વનરક્ષક યુનિયન દ્વારા અગાઉ ત્રણ વખત લેખિત રજુઆતો કરવા છતાં આજે સુધી પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું નથી.

યુનિયન દ્વારા કચ્છ પશ્ચિમ વન વિભાગ, કચ્છ પૂર્વ વન વિભાગ, કચ્છ સામાજિક વનીકરણ વિભાગ તેમજ કચ્છ બન્ની ગ્રાસલેન્ડ વન વિભાગ સમક્ષ વિવિધ માગણીઓ રજૂ કરવામાં આવી હતી. તેમ છતાં સંબંધિત વિભાગો દ્વારા માંગણીઓ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ પરિસ્થિતિમાં યુનિયન દ્વારા મુખ્ય વન સંરક્ષક, કચ્છ વન વર્તુળને રજૂઆત કરી કર્મચારીઓના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા માંગ કરવામાં આવી છે. યુનિયનના જણાવ્યા મુજબ અનેક મુદ્દાઓ એવા છે, જેમા સરકાર દ્વારા અગાઉથી ઠરાવ કરવામાં આવ્યા હોવા છતાં તેનો અમલ કરવામાં આવતો નથી.

# સમાલખા, હરિયાણા ખાતે મળેલ અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં અખિલ ભારતીય સ્તરે અને સૌરાષ્ટ્રમાં સંઘકાર્યમાં વૃદ્ધિ- ૧૪૫૧૧૮૫ ઘરોમાં સંપર્ક જેમાં પંચ પરિવર્તન અંગે થયો સંવાદ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭. જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના ખાંભલા ગામમાં રૂ. ૧૫ લાખનાં નાગરિકોના સહયોગથી ૩૦ વિઘા જમીનમાં ૧૩૨ જાતનાં ૬૫૦૦ છોડ/ વૃક્ષારોપણ કરીને ડ્રીપ સિંચાઇ દ્વારા "મધુવન પ્લાન્ટેશન" નું નિર્માણ પ્રેણાદાયી બન્યુ આ કાર્ય વધુ નવ ગામોમાં વિસ્તર્યુ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘસંચાલક મા. શ્રીમુકેશભાઈ મલકાણ જણાવે છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભા સમાલખા, હરિયાણા માં ૧૩ થી ૧૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાઈ ગઈ. આ પ્રતિનિધિ સભામાં પૂ. સરસંઘચાલક માન.શ્રી મોહનજી ભાગવત, સરકાર્યવાહ માન. શ્રીદત્તાત્રેય હોસબાલે, સહિત તમામ છ સહ સરકાર્યવાહ વિવિધ સંગઠનોના ૧૪૯૩ કાર્યકરો અપેક્ષિત હતા જેમાંથી ૧૪૩૮ ઉપસ્થિત હતા.

બેઠકની શરૂઆત ભારતમાતાને પુષ્પાંજલી અને દીપ પ્રાગટ્યથી થઈ. સમાજ જીવનના વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર રહેલા અને તાજેતરમાં દિવંગત થયેલા મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી જેમાં પૂ. સદગુરુદાસ મહારાજ (શ્રી વિજયરાવ દેશમુખ): વિદર્ભ , ડૉ. માધવ ગાડગિલ - પર્યાવરણ વૈજ્ઞાનિક, શિવરાજ પાટીલ - ભૂતપૂર્વ ગૃહમંત્રી ભારત સરકાર, કે. એન. દીક્ષિત પદ્મભૂષણ, વિખ્યાત પુરાતત્વવિદ, અજિત પવાર - મહારાષ્ટ્ર રાજ્યના ઉપમુખ્યમંત્રી, ધર્મેન્દ્ર (ધરમસિંગ) દેઓલ - અભિનેતા અને પૂર્વ સાંસદ, સુલક્ષણા પંડિત - સુપ્રસિદ્ધ અભિનેત્રી, શ્રીમતી સિમોન દુનોયર ટાટા - ઉદ્યોજક - લેક્મે ની ચેરપર્સન, સૌરાષ્ટ્રના કિશોરભાઈ કોટક- જૂનાગઢના મા. વિભાગ સંઘચાલકજી તેમજ શ્રી હસમુખભાઈ પંડ્યા -જૂનાગઢ વિભાગ કાર્યવાહ સહિત મહાપુરુષોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

દેશ ભરમાં એક વર્ષમાં ૫૮૨૦ શાખા વધી દેશમાં ૫૫,૬૮૩ સ્થળો પર દરરોજ કુલ ૮૮,૯૪૯ નિત્ય શાખાઓ થાય છે. ગયા વર્ષે ૫૧,૭૪૦ સ્થાનો પર નિત્ય શાખાની સંખ્યા ૮૩,૧૨૯ હતી. આમ દૈનિક શાખાઓમાં ગયા વર્ષ કરતાં ૫,૮૨૦ જેટલી શાખાઓનો વધારો થયો છે. દેશમાં ૩૨,૬૦૬ સાપ્તાહિક મિલન ચાલે છે. ગયા વર્ષે આ સંખ્યા ૩૨,૧૪૭ હતી. આમ સાપ્તાહિક મિલનમાં ગયા વર્ષ કરતાં ૪૫૯નો વધારો થયો છે. દેશમાં ૧૩,૨૧૧ સ્થાનો પર માસિક મિલન ચાલે છે. ગયા વર્ષે આ સંખ્યા ૧૨,૦૯૧ હતી. સૌરાષ્ટ્રમાં સંઘ કાર્ય સ્થિતિ : સૌરાષ્ટ્ર પ્રાંતમાં એક મહાનગર, અન્ય ૫૦ નગરો તથા ગ્રામીણ વિસ્તારમાં ૧૪ જિલ્લા અંતર્ગત ૧૧૭ તાલુકા આવેલા છે. સૌરાષ્ટ્રમાં હાલ ૨૯૪ સ્થાન ઉપર ૬૦૧ દૈનિક શાખા લાગે છે તે ઉપરાંત ૫૯૯ સાપ્તાહિક મિલન અને ૩૨૩ સ્થાનો પર માસિક મિલન ચાલે છે. પ્રશિક્ષણ વર્ગનું આયોજન જોઈએ તો આગામી વર્ષમાં ૧૧ ક્ષેત્ર સ્તરના વર્ગ તથા એક નાગપુરના વર્ગને મળીને કુલ ૯૬ પ્રશિક્ષણ વર્ગ યોજાશે. સૌરાષ્ટ્રમાં આગામી દિનાંક ૧૬ મે ૨૦૨૬ થી ૧ જૂન ૨૦૨૬ સુધી સંઘ શિક્ષા વર્ગ અંજાર ખાતે યોજાયેલ છે. સંઘ શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગ રૂપે જુદા જુદા વિસ્તારોમાં કુલ ૩૧૫ હિન્દુ સંમેલન થયા હતા જેમાંથી ૧૪૮ ગ્રામ્ય કક્ષાએ અને ૧૬૭ શહેરી કક્ષાએ સંમેલનો થયા હતા. આ સંમેલનમાં કુલ મળીને ૧,૭૪,૮૯૮ લોકો જોડાયા હતા જેમાંથી ૭૫,૯૫૨ બહેનો સહભાગી થયા હતા. હિન્દુ સંમેલનને સફળ બનવા માટે સમાજના ૪,૪૬૦ વ્યક્તિઓ એ જહેમત ઉઠાવી હતી. હજુ આગામી સમયમાં વધુ હિન્દુ સંમેલનના આયોજન થશે. સૌરાષ્ટ્ર પ્રાંતમાં સંઘ શતાબ્દી વર્ષ નિમિતે ઘર સંપર્ક અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૪,૫૧,૧૮૫ ઘરોમાં સંપર્ક કરવામાં આવ્યો છે. ઘર સંપર્ક અભિયાનને સફળ બનાવવા માટે સૌરાષ્ટ્રના ૧૯,૧૭૫ કાર્યકર્તાએ કાર્ય કર્યું હતું. જેમાંથી ૧,૧૩૪ બહેનો હતા તેમજ ૧,૬૯૭ વિવિધ ક્ષેત્રના કાર્યકર્તાઓ જોડાયા હતા. ઘર સંપર્ક દરમિયાન સંઘના સ્વયં સેવકો એ પંચ પરિવર્તન વિષે પરિવાર સાથે વાતચીત કરી હતી અને સમાજના કામમાં જોડાવા લોકોને આહ્વાન કર્યું હતું. વેબસાઈટના માધ્યમ દ્વારા જાન્યુઆરી ૨૦૨૬માં ૨૬,૪૪૫ લોકોએ સંઘ સાથે જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

## શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિતે ચકલી ના માળા નુ નિઃશુલ્ક વિતરણ.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭. શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ દ્વારા

તારીખ 20-3-2026 ને શુક્રવારના રોજ વિશ્વ ચકલી દિવસ નિમિતે ચકલીના માળા નુ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે, જેનાથી લોકોમા પક્ષીઓ અને ખાસ કરીને ચકલી (ગોરયા રાની) જે હાલ લુપ્ત થવાને આરે છે તેના વિશે જાગૃતતા કેળવી શકાય. તેવા હેતુથી ચકલીના માળાનું વિતરણ વ્યક્તિ દીઠ બે શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર,પ્રેમાનંદ વિધા મંદિર સંકુલમાં, વંથલી રોડ, બીલનાથ મંદિર પાસે, જૂનાગઢ ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યા થી ૧૨:૩૦ કલાક સુધી કરવામા આવશે. તેમ લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરા ની યાદીમાં જણાવવામા આવેલ છે . લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરાની યાદી મુજબ, આ વિતરણ કાર્યક્રમ જૂનાગઢના વંથલી રોડ પર બીલનાથ મંદિર પાસે આવેલા પ્રેમાનંદ વિદ્યા મંદિર સંકુલમાં યોજાશે. તારીખ ૨૦ માર્ચના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી માળાનું વિતરણ કરવામાં આવશે.

# ચાણસ્મા ના ઝિલીયા ખાતે ફાર્મ હાઉસ પર અસામાજિક તત્વોનો ઘાતક હથિયારો સાથે હુમલો

ચાણસ્મા | ચાણસ્મા તાલુકાના ઝિલીયા ગામે 15 માર્ચની મોડી રાત્રીએ કેટલાક અસામાજિક તત્વો ગાડીમાં જીવલેણ હથિયારો સાથે આવી ઘાટકી હુમલો કર્યો હતો જેની હક્કિત એવી છે કે ઝિલિયાના ભાવેશભાઈ બળદેવભાઈ રબારીએ તેમના ફાર્મ હાઉસ પર કેટલાક ઈસમો હુમલો કરશે તેની 100 નંબર પર કરતાં પોલિશ દ્વારા પોલિશની ૧૧૨ વાન અને વધુ એક પોલિસની ગાડી તહેદારીના ભાગરૂપે ઝિલીયા ફાર્મ હાઉસ ખાતે રખાઈ હતી થોડી વાર માં કેટલાક અસામાજિક તત્વો ગાડીઓ ભરીને ઘાતક હથિયારો સાથે આવી પહોંચી ફાર્મ હાઉસના દરવાજા બહાર બુમો પાડી હંગામા સાથે પથ્થરમારો કરી તોડફોડ કરી હતી ફાર્મ હાઉસના દરવાજા બહારદિવંગત ગંગાબેન ના



ફોટા નો કાચ ફોડી નાખ્યો હતો તેમજ ૧૧૨ પોલિશની વાનને પથ્થર મારી ભગાવી દીધી હતી ફરીયાદી ભાવેશભાઈની ફરીયાદ તેમજ ફાર્મહાઉસ પર લગાવાયેલ સીસી કેમેરામાં કેદ થયેલ ઘટના ના ફુટેજના આધારે મુડેઠા ગામના જીતુભા વામૈયા ગામ ના જહુ ભા અને દલપુભા ની ઓળખ થતાં ત્રણ શખ્શો સહિત ૧૫ ઈસમો સામે રાયોટીંગ જાનથી મારી નાખવા માટે ઘાતકી હુમલો કરયા.

# સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, જુનાગઢ ખાતે ઉનાળાની ઋતુ દરમિયાન વધતા તાપમાન અને તીવ્ર ગરમીથી વન્યપ્રાણીઓને સુરક્ષિત રાખવા ઝુ પ્રશાસન દ્વારા વિવિધ જરૂરી પગલાં લેવામાં આવ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, જુનાગઢ ખાતે ઉનાળાની ઋતુ દરમિયાન વધતા તાપમાન અને તીવ્ર ગરમી થી વન્યપ્રાણીઓને સુરક્ષિત રાખવા ઝુ પ્રશાસન દ્વારા વિવિધ જરૂરી પગલાં લેવામાં આવ્યા જેમાં મુખ્યત્વે માંસાહારી પ્રાણીઓ જેમ કે સિંહ, વાઘ, દીપડા, વરુ અને ઝરખ માટે પાંજરાઓમાં વોટર સ્પ્રિંકલર ચાલુ રાખવામાં આવ્યા છે. ઉપરાંત બપોરના સમયે પૂરતો કુદરતી છાંયો મળી રહે તે માટે વૃક્ષોના છાંયામાં પ્રાણીઓને આરામ મળી રહે તેવી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. વન્યપ્રાણીઓને હંમેશા સ્વચ્છ પીવાનું પાણી મળે તે માટે પાણીના કુંડની દૈનિક સાફ-સફાઈ કરવામાં આવે છે અને પાણીમાં ઓ.આર.એસ. જેવા પૂરક તત્વો ઉમેરવામાં આવે છે.




તેમજ પાણીમાં બરફ અને ફુવારા ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જ્યાં પૂરતો કુદરતી છાંયો ઉપલબ્ધ નથી ત્યાં ગ્રીન નેટ લગાવી ગરમીથી રક્ષણ આપવામાં આવે છે. વન્યપ્રાણીઓના ખોરાકમાં ડીહાઈડ્રેશન ટાળવા માટે વિવિધ સપ્લિમેન્ટ્સ ઉમેરવામાં આવે છે. રીંછ અને મર્મોસેટ જેવા પ્રાણીઓ ને ઉનાળાની ગરમીથી રાહત મળે તે માટે તેમને ફળોથી બનાવેલી આઈસ કેન્ડી પણ આપવામાં આવે છે. સાથે-સાથે ઝુના સ્ટાફ દ્વારા વન્યપ્રાણીઓનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે. પક્ષીઓ માટે વિવિધ પ્રકારના ફુવારા તથા ગ્રીન નેટની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમના ખોરાકમાં વધુ પાણી ધરાવતા તરબૂચ અને ટેટી જેવા ફળોનો સમાવેશ વધારવામાં આવ્યો છે. પીવાના પાણીમાં સપ્લિમેન્ટ્સ અને બરફની પૂરતી વ્યવસ્થા પણ કરવામાં આવે છે. ઉપરાંત પક્ષીઓને ગરમીથી બચાવવા આર્ટિફિશિયલ નેસ્ટ પણ તૈયાર કરવામાં આવ્યા છે. સરીસૃપ વર્ગના પ્રાણીઓ માટે દિવસભર પૂરતો છાંયો મળી રહે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ પાણીના કુંડ અને ફુવારાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તૃણાહારી પ્રાણીઓ માટે લીલો ચારો, પાણીના ફુવારા અને ગ્રીન નેટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પાણીના પોઈન્ટ નજીક કંતાન રાખવામાં આવે છે જેથી મધમાખી તથા અન્ય જીવજંતુઓને પણ સરળતાથી પાણી મળી શકે. આ ઉપરાંત તમામ પ્રાણીઓ માટે પૂરતા પ્રમાણમાં તાજો, સ્વચ્છ અને ગુણવત્તાસભર ખોરાક તથા પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તમામ વન્યપ્રાણીઓનું સી.સી.ટી.વી. દ્વારા સતત હેલ્થ મોનીટરીંગ કરવામાં આવે છે.

## નખત્રાણા ખાતે શ્રી દરિયાલાલ બાપાની ૮૫૩મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય ઉજવણી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા પ.પૂ. શ્રી દરિયાલાલ બાપાની ૮૫૩મી જન્મજયંતિ નિમિત્તે ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૦ માર્ચ ૨૦૨૬, શુક્રવારના શુભ દિવસે આ પાવન ઉત્સવ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવાશે.આ પ્રસંગે સૌ જ્ઞાતિજનો, સારસ્વત મહાસ્થાન, સીધી સમાજ તેમજ આમંત્રિત મહેમાનોને તમામ કાર્યક્રમોમાં સહપરિવાર હાજરી આપવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.કાર્યક્રમ મુજબ સવારે ૮:૦૦ વાગ્યે આરતી યોજાશે, ત્યારબાદ સવારે ૯:૦૦ વાગ્યે ધ્વજારોહણ કરવામાં આવશે. સાંજે ૪:૩૦ વાગ્યે ડીજેના સથવારે ભવ્ય શોભાયાત્રા શ્રી દરિયાસ્થાન મંદિર,



જુનાવાસ, નખત્રાણા ખાતે થી નીકળશે, જે શહેરમાં ભક્તિમય માહોલ સર્જશે.રાત્રે ૮:૦૦ વાગ્યે શ્રી નખત્રાણા લોહાણા મહાજનવાડી, જુનાવાસ ખાતે મહાપ્રસાદનું આયોજન રાખવામાં આવ્યું છે.

# રાજુલા માં વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળમાં નવા ચહેરાઓ ને જવાબદારીઓની નિમણૂક

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા નવી જવાબદારીઓની નિમણૂંક કરવામાં આવી છે. સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી આ નિમણૂકો જાહેર કરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, રાજુલા શહેર માટે વિશ્વ હિંદુ પરિષદના શહેર અધ્યક્ષ તરીકે શ્રી ગૌરાંગભાઈ મહેતાની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે વિશ્વ હિંદુ પરિષદ ગ્રામ્ય અધ્યક્ષ તરીકે શ્રી યુવરાજભાઈ ચાંદુને જવાબદારી સોંપવામાં આવી છે. તેમજ બજરંગ દળ ગ્રામ્ય સંયોજક તરીકે શ્રી રવિભાઈ ઝાલાની નિમણૂંક




કરવામાં આવી છે.આ પ્રસંગે સંગઠનના કાર્યકરો દ્વારા નવી નિમણૂંક પામેલ આગેવાનોને શુભેચ્છાઓ પાઠવી હતી. આવનારા દિવસોમાં યોજાનારી હિંદુ સંગઠન સંકલ્પ યાત્રાને સફળ બનાવવા માટે શહેર અને ગ્રામ્ય વિસ્તારના સમસ્ત હિંદુ સમાજને જોડવા માટે પ્રયત્નો કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી હતી. રાજુલા માં વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળમાં નવા ચહેરાઓ ને જવાબદારીઓની નિમણૂક આ નિમણૂકો સાથે રાજુલા વિસ્તારમાં સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વધુ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

## જિલ્લા અને તાલુકા પંચાયતનાં શાસનનો સૂર્યાસ્ત:-ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂર્ણ

ડાંગ | રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એક મહત્વપૂર્ણ રાજકીય વળાંક આવ્યો છે,જેની સાથે ડાંગ જિલ્લા પંચાયત અને ત્રણેય તાલુકા પંચાયતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓની પાંચ વર્ષની કાર્યમુદત આજે, તારીખ ૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે પૂર્ણ થઈ છે.ડાંગ જિલ્લા પંચાયતના કુલ ૧૮ ચૂંટાયેલા સભ્યો તેમજ જિલ્લાના સુબીર, આહવા અને વઘઈ તાલુકા પંચાયતોના કુલ ૪૮ પ્રતિનિધિઓની અવધિ સમાપ્ત થતા હવે પંચાયતી શાસનનો સૂર્યાસ્ત થયો છે અને સરકારી વહીવટદારોએ સત્તાની કમાન પોતાના હાથમાં લીધી છે.

# અમરેલી ૨૨ માર્ચ ને રવિવારે નાં રોજ રાજ્ય ના મુખ્ય મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ નું આગમન ને લઈને જીલ્લા ભાજપની આયોજન બેઠક યોજાઈ

કિશોરઆર.સોલંકી|જાફરાબાદ

આગામી તા. ૨૨ માર્ચ રવિવારનાં રોજ સવારે ગુજરાત રાજ્યનાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ગુજરાત પ્રદેશભારતીય જનતા પાર્ટીનાં પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પ્રદેશ અધ્યક્ષ બન્યાં બાદ પ્રથમ વખત અમરેલી પધારી રહ્યાં હોય, રાજ્યનાં શિર્ષ નેતૃત્વને આવકારવા અમરેલી જિલ્લા ભાજપનાં મુખ્ય આગેવાનોની એક અગત્યની બેઠક હોટલ એન્જલ લોર્ડ્ઝ ખાતે રાખવામાં આવી હતી.જીલ્લા ભાજપ પ્રમુખશ્રી અતુલભાઈ કાનાણીના પ્રમુખ સ્થાને યોજાયેલ આ બેઠકમા કાયદો અને ન્યાય, ઉર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા, ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી,



અમરેલીના સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા,જિલ્લા ભાજપનાં સંગઠન પ્રભારીશ્રી અભયસિંહ ચૌહાણ, ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જે.વી.કાકડિયા,ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા,સહકારી અગ્રણી પી. પી. સોજીત્રા, શ્રી ડૉ. ભરતભાઈ કાનાબાર સહીતે માર્ગદર્શન આપેલ.રાજ્યનાં નમૂનેદાર અદ્યતન માર્કેટ યાર્ડમાં શેડનું લોકાર્પણ અને વર્ષોથી અધુરા રહેલાં બાયપાસ રોડને પુર્ણ કરવાનાં ખાતમુહૂર્ત સહિત જનસેવાના વિવિધ કાર્યો માટે અમરેલીને આંગણે પધારી રહેલાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, કેબિનેટકૃષિમંત્રી અને અમરેલી જિલ્લાનાં પ્રભારી મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીને વધાવવા જિલ્લા ભાજપ દ્વારા આયોજન બેઠક યોજવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, પૂર્વ પ્રમુખ પ્રાગજીભાઈ હીરપરા, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, મહિલા મોરચાનાં ભાવનાબેન ગોંડલિયા, શૈલેષભાઈ સંઘાણી સહીત જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, પ્રદેશના પૂર્વ હોદ્દેદારો, મોરચાનાં પ્રમુખ મહામંત્રીઓ, જિલ્લા પંચાયતનાં સદસ્યો, જિલ્લાનાં વિવિધ મંડળોનાં પ્રમુખ-મહામંત્રીઓ, સહકારી અગ્રણીઓ, અમરેલી નગરપાલિકાનાં સદસ્યો સહિત સિનિયર આગેવાનોની ઉપસ્થિતમાં કાર્યક્રમને સફળ બનાવવા આયોજન હાથ ધરવામાંઆવ્યું હતું.

### જામનગર સીટી એ ડીવી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં એન.ડી.પી.એસ. કેસમાં પકડાયેલ આરોપીઓના રહેણાંક મકાનોમાં

# વીજ ચોરી જણાતા PGVCL કંપની દ્વારા કુલ રૂ-૪૪,૫૦,૦૦૦/- નો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી કરાવતી જામનગર સીટી એ ડીવીઝનની પોલીસ

વિશાલ જે હરવરા | જામનગર

જામનગર સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એન.એ.ચાવડા તથા સર્વેલન્સ સ્ટાફની ટીમ તથા PGVCL કંપનીના અધિકારી તેમજ કર્મચારીઓ સાથે સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા NDPS ગુન્હાના પકડાયેલ આરોપીઓના રહેણાક મકાને વીજ ચેકિંગ કરવામા આવેલ જેમા આરોપીઓ (૧) તુષાર ઉર્ફે ટકો હરીશભાઈ ગણાત્રા રહે. હવાઈચોક જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૫,૫૦,૦૦૦/- દંડ કરવામા આવેલ (૨) રીઝવાન ઉર્ફે દાણી મહમદભાઈ કોરેજા રહે. સેતાવાડ જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૧,૨૦,૦૦૦/- દંડ કરવામા આવેલ (૩) યાકુબ ઉર્ફે મુન્નો ગુલામહુશેન દરજાદા રહે. ખોજા ગેઈટ જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૧,૨૫,૦૦૦/- દંડ કરવામા આવેલ (૪) મોસીન ઉર્ફે મુસો મેહબુબભાઈ રૂમી રહે. હર્ષદમીલની ચાલી જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૨,૨૫,૦૦૦/- દંડ કરવામા આવેલ (૫) કામીલરજા હસનભાઈ મેતર રહે. સેન્ટ્રલબેન્ક જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૫,૫૦,૦૦૦/- દંડ કરવામા આવેલ (૬) હનીફ ઉર્ફે હનફો ચોર આમદભાઈ સમા રહે. અકબરશા મસ્જીદ જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૨,૩૦,૦૦૦/- દંડ કરવામાં આવેલ (૭) સોહીલ હનીફભાઈ સમા રહે. અકબરશા મસ્જીદ જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૪,૫૦,૦૦૦/- દંડ કરવામાં આવેલ (૮) અસ્પાક ઉર્ફે બાટુમામા હુશેનભાઈ માડકીયા રહે. ખોજા નાકા જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૧૭,૦૦,૦૦૦/- દંડ કરવામા આવેલ (૯) ગની ઉર્ફે નદીમભાઈ મેહબુબભાઈ શેખ તથા (૧૦) સમીર ઉર્ફે સેમ ઉર્ફે જીમી મેહબુબભાઈ શેખ રહે. બન્ને સુભાષ માર્કેટ જામનગર વાળાના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૨,૫૦,૦૦૦/- દંડ કરવામા આવેલ (૧૧) મેહમુદભાઈ મહમદભાઈ રફાઈ ના રહેણાક મકાને વીજ ચેકિંગ કરતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા પકડાય જતા રૂ.૨,૫૦,૦૦૦/- દંડ કરવામા આવેલ. એમ કુલ ૧૧ આરોપીઓના તેમજ અન્ય ૩ ઈસમોના રહેણાક મકાને વીજચેકિંગ કરતા કુલ રૂ-૪૪,૫૦,૦૦૦/- નો દંડ ફટકારી મજકુર વિરૂધ્ધ કાયદેસરની ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.






# હોસ્ટેલમાંથી ગુમ થયેલી બાળાઓનો પરિવાર સાથે મિલાપ કરાવતી સાપુતારા પોલીસ..

ડાંગ | ડાંગનાં સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.પી. ડી. ગોંડલીયાની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન મિલાપ' અંતર્ગત હોસ્ટેલમાંથી ગુમ થયેલી બે સગીર બાળાઓને ગણતરીના કલાકોમાં શોધી કાઢી તેમના પરિવાર સાથે સુખદ મિલાપ કરાવવામાં આવ્યો છે.સાપુતારા પોલીસ સ્ટેશન વિસ્તારની એક હોસ્ટેલમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતી બે દીકરીઓ કોઈને પણ કહ્યા વિના હોસ્ટેલમાંથી નીકળી ગઈ હતી. આ બાબતની જાણ હોસ્ટેલના ગૃહ માતાએ પોલીસ સ્ટેશનમાં આવીને કરી હતી. સગા-સંબંધીઓ અને નજીકના ગામોમાં તપાસ કરવા છતાં દીકરીઓનો કોઈ પતો લાગ્યો ન હતો.ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ સાપુતારા પોલીસ દ્વારા તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરતા બંને બાળાઓ સાપુતારાના રોઝ ગાર્ડન ખાતેથી મળી આવી હતી. પોલીસ દ્વારા બંને દીકરીઓને સુરક્ષિત રીતે પોલીસ સ્ટેશન



લાવવામાં આવી હતી. શી-ટીમ દ્વારા તેમના માતા-પિતાની હાજરીમાં પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, દીકરીઓને હોસ્ટેલમાં રહેવું ગમતું ન હોવાથી તેઓ કોઈને જણાવ્યા વગર ત્યાંથી નીકળી ગઈ હતી.પોલીસ દ્વારા દીકરીઓનું યોગ્ય કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેમને તેમના માતા-પિતાને સોંપી સુખદ મિલાપ કરાવ્યો હતો. સાપુતારા પોલીસની આ ત્વરિત કામગીરીને કારણે વાલીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, સાપુતારા પોલીસ સ્ટેશન વિસ્તારની એક હોસ્ટેલમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતી બે દીકરીઓ રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ હતી. હોસ્ટેલના ગૃહ માતાએ સગા-સંબંધીઓ અને આસપાસના ગામોમાં તપાસ કરવા છતાં દીકરીઓનો પતો ન લાગતા આખરે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને સમજીને પી.આઈ. ગોંડલીયાએ તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ કરતા બંને બાળાઓ સાપુતારાના રોઝ ગાર્ડન ખાતેથી મળી આવી હતી.

બંને બાળાઓને સુરક્ષિત રીતે પોલીસ મથકે લાવ્યા બાદ સાપુતારા પોલીસની 'શી-ટીમ' (She-Team) સક્રિય થઈ હતી.

# રાજુલા કોર્ટ માં સરકારી વકીલ ની ધારદાર દલીલો અને પુરાવાઓને માન્ય રાખી મારામારીના કેસમાં ૭ વર્ષની સજા આપતી રાજુલા કોર્ટ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આ અંગે વિગત એવી છે કે, સને - ૨૦૨૦ માં આ કામના ફરીયાદી વિજયભાઈ ઓધવજીભાઈ શિયાળ પોતાનું મોટર સાયકલ લઈને ઘરે આવતા હતા એ દરમ્યાન આરોપીઓ મુકેશભાઈ શામજીભાઈ શિયાળ તથા તેના માતા - પિતા રામુબેન શામજીભાઈ શિયાળ તા શામજીભાઈ ભીખાભાઈ શિયાળ વિગેરેએ એક સંપ કરી ધોકા વડે ફરીયાદી વિજયભાઈ ઓધવજીભાઈ શિયાળને આડેધડ માર મારી ફ્રેકચર કરી, શરીરે નાની મોટી ઈજાઓ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી અને અધીક જીલ્લા મેજી. સાહેબ અમરેલીના જાહેરનામાનો ભંગ કર્યો અંગેની ફરીયાદ કરેલી.



જે અંગેની ફરીયાદ બાદ પોલીસે નામ. કોર્ટેમાં ચાર્જશીટ કરેલ અને કેસ ચાલુ થતા ફરીયાદી તેમજ નજરે જોનાર સાહેદો અને પંચોની જુબાની તેમજ તપાસ કરનાર અધીકારીના જુબાની તથા વિવીધ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય રાજુલાના એડી. ચીફ. મેજી. સાહેબે સરકારી વકીલશ્રી દિવ્યેશ બી. ગાંધીની દલીલો તેમજ પુરાવાઓનું મુલ્યાંકનના આધારે એવુ તારણ કાઢેલ કે આરોપી દ્વારા ફરીયાદીને સામાન્ય અને નજીવી બાબતે ગંભીર હુમલો કરેલ હોય અને જો આવા વ્યકિતઓને છોડવામાં આવે તો સમાજમાં ખોટો સંદેશો જાય તેમ હોય જેથી આરોપીઓએ ફરીયાદી વિજયભાઈ ઓધવજીભાઈ શિયાળને ગંભીર રીતે માર મારેલ હોય તમામ ત્રણ આરોપીઓને કુલ ૭વર્ષની સજા અને દરેક આરોપીને રૂા. ૫૦૦૦/- દંડ મળી કુલ ૧૫,૦૦૦/- દંડ ફટકારેલ, અને ઉપરોકત દંડ માંથી ફરીયાદીને રૂા. ૧૧,૦૦૦/- વળતર ચુકવવાનો હુકમ કરતા અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. ઉપરોકત કામે સરકાર પક્ષે સરકારી વકીલ શ્રી દિવ્યેશ બી. ગાંધી રોકાયેલ હતા.

# બે દિવસ રહેશે અમાસ:18 માર્ચે પિતૃઓ માટે ધૂપ-ધ્યાન અને દાન-પુણ્ય કરો; 19 માર્ચથી ચૈત્ર નવરાત્રિનો પ્રારંભ

18 અને 19 માર્ચના રોજ બે દિવસ ફાગણ માસની અમાસ છે. આ તિથિ 18 તારીખની સવારે 8:25 વાગ્યાથી શરૂ થશે અને 19ની સવારે 6:52 સુધી રહેશે. ત્યારબાદ ચૈત્ર સુદ એકમ શરૂ થઈ જશે. એટલા માટે ચૈત્ર નવરાત્રિની શરૂઆત પણ થઈ રહી છે. ચૈત્ર નવરાત્રિ 27 માર્ચ સુધી રહેશે. આ દિવસોમાં દેવી દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.

ઉજ્જૈનના જ્યોતિષાચાર્ય પં. મનીષ શર્માના મતે, પિતૃઓ માટે ધૂપ-ધ્યાન બપોરે લગભગ 12 વાગ્યે કરવું જોઈએ, 18 તારીખની બપોરે ચૈત્ર અમાસ રહેશે, તેથી આ દિવસે બપોરે પિતૃઓ માટે શુભ કર્મ કરવું વધુ શુભ છે. 19ની સવારે 6:52 વાગ્યે અમાસ તિથિ સમાપ્ત થઈ જશે, તેથી આ દિવસે વહેલી સવારે અમાસ પર કરવામાં આવતું નદી સ્નાન કરી શકાય છે.

અમાસ સાથે જોડાયેલી માન્યતાઓ

અમાસ પર પિતૃઓની તૃપ્તિ અને આશીર્વાદ મેળવવાની કામનાથી તર્પણ, પિંડદાન અને દાન કરવાની પરંપરા છે. આવું કરવાથી કુંડળીનો પિતૃ દોષ પણ શાંત થાય છે.

એવી માન્યતા છે કે આ દિવસે કરવામાં આવતા નદી સ્નાન, દાન-પુણ્ય અને પૂજાથી પરિવારમાં સુખ-સમૃદ્ધિ આવે છે. અટકેલા કાર્યોને ગતિ મળે છે અને દુઃખ દૂર થાય છે.

અમાસની તિથિ પર પિતૃલોકમાંથી પૂર્વજો પૃથ્વી પર પોતાના વંશજોને જોવા આવે છે. તેથી આ તિથિ પર તેમના માટે તર્પણ અને ભોજન અર્પણ કરવાની પરંપરા છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે અમાસ પર કરવામાં આવેલું તર્પણ અને દાન પિતૃઓને સંતુષ્ટ કરે છે અને તેઓ પોતાના વંશજોને સુખ-સમૃદ્ધિના આશીર્વાદ આપે છે.

આ તિથિ પર કાગડા, ગાય, કૂતરા અને જરૂરિયાતમંદ લોકોને ભોજન કરાવવાની પરંપરા છે.

અમાસ પર કરો આ શુભ કાર્યો

અમાસના દિવસે સવારે વહેલા ઉઠો અને સ્નાન કર્યા પછી સૂર્યને જળ અર્પણ કરો. આ માટે તાંબાના લોટામાં જળ ભરો. જળમાં કુમકુમ, ચોખા અને ફૂલ નાખો. ત્યારબાદ 'ૐ સૂર્યાય નમઃ' મંત્રનો જાપ કરતા સૂર્યને અર્ઘ્ય ચઢાવો.

બપોરે લગભગ 12 વાગ્યે ગાયના છાણમાંથી બનેલું છાણું સળગાવો. જ્યારે છાણામાંથી ધુમાડો આવતો બંધ થઈ જાય, ત્યારે અંગારા પર ગોળ-ઘી નાખો. પિતૃઓનું ધ્યાન કરો. હથેળીમાં જળ લઈને અંગૂઠા તરફથી પિતૃઓને અર્પણ કરો. ગોળ-ઘીની સાથે ખીર-પુરી પણ અર્પણ કરી શકો છો.

શિવલિંગ પર જળ, દૂધ અને પંચામૃત અર્પણ કરો. બિલ્વપત્ર ચઢાવો, ચંદનનો લેપ કરો. 'ૐ નમઃ શિવાય' મંત્રનો જાપ કરો. મીઠાઈનો ભોગ લગાવો. ધૂપ-દીપ પ્રગટાવી આરતી કરો.

# ઈચ્છા મૃત્યુ : જીવનનો નહીં પણ પીડાનો અંત લાવવાની પ્રક્રિયા

સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં ગાઝિયાબાદના યુવક હરીશ રાણાની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેના માતાપિતાને તેના માટે પેસિવ યુથેનેશિયાનો રસ્તો પસંદ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. દિલ્હીમાં એઈમ્સ ખાતે હરીશ રાણાને ઈચ્છા મૃત્યુ આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, પેસિવ યુથેનેશિયા એટલે કે નિષ્ક્રિય ઈચ્છા મૃત્યુ એક મેડિકલ પ્રોસિજર હોય છે સક્રિય ઈચ્છા મૃત્યુ કરતા અલગ હોય છે. આ પ્રક્રિયામાં જીવન રક્ષક અને કૃત્રિમ ઉપચારો બંધ કરવામાં આવશે અને ધીમે ધીમે દર્દીનું શરીર મૃત્યુ તરફ શાંતિથી ગતિ કરશે. સામાન્ય રીતે ભારતમાં ઈચ્છા મૃત્યુને ગેરકાયદે ગણવામાં આવે છે અને સુપ્રીમ દ્વારા પણ તેના વિશે ક્યારેય મંજૂરી આપવામાં આવી નથી. આ અનોખો કિસ્સો છે જેમાં માનવતાના આધારે દર્દીને જીવનથી નહીં પણ પીડાથી મુક્ત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગાઝિયાબાદનો ૩૧ વર્ષીય હરીશ રાણા ૨૦૧૩થી પર્સિસ્ટેંટ વેજિટેટિવ સ્ટેટ એટલે કે સામાન્ય ભાષામાં કહીએ તો કોમામા છે. જેમાં રિકવરીની આશા નહીવત્ હતી. આ અંગે હરીશ રાણાના માતાપિતા દ્વારા સુપ્રીમ સમક્ષ દીકરા માટે ઈચ્છા મૃત્યુની માગણી કરવામાં આવી હતી. તાજેતરમાં સુપ્રીમે આ માગણી સ્વીકારીને દિલ્હીની એઈમ્સમાં સમગ્ર પ્રક્રિયા હાથ ધરવા આદેશ આપ્યો છે. દિલ્હી એઈમ્સના પેસિએટિવ કેર યૂનિટમાં આ પ્રોસેસ શરૂ કરાઈ છે. હકિકતે ૧૩ વર્ષ પહેલાં માથામાં થયેલી ગંભીર ઈજા બાદ હરીશ રાણા આજદિન સુધી ભાનમાં આવ્યો નથી. તેના મગજની કામગીરી પણ સામાન્ય થઈ શકી નહોતી. તેના કારણે જ ડોક્ટરો માનતા હતા કે, તેની બચવાની શક્યતાઓ નહીવત છે. તેના પરિવારે તેની સંભાળ રાખી પણ હવે ૧૩ વર્ષ સુધી સતત સંઘર્ષ કર્યા બાદ હરીશની સાથે સાથે તેના માત-પિતા અને પરિવારજનો પણ શારીરિક, માનસિક અને આર્થિક મુશ્કેલી ભોગવી રહ્યા હતા. દર્દી અને તેના પરિવારની તમામ પીડાનો અંત લાવવા આ નિર્ણય લેવાયો હતો.

સામાન્ય રીતે ઈચ્છા મૃત્યુ એટલે કે યૂથેનેશિયા હોય છે. લોકો તેને ઈચ્છા મૃત્યુ માનીને જીવન ટુંકાવવાનો અધિકાર માની બેસે છે. તેના કારણે જ ભારતમાં આ મુદ્દે વિવાદ મોટો થાય છે. સામાન્ય રીતે વ્યક્તિ પીડાથી કંટાળીને કે અન્ય કોઈ કારણોસર પોતાનું જીવન પૂરું કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે. આ સંજોગમાં એક્ટિવ યુથેનેશિયા એટલે કે ઈન્જેક્શન આપીને જીવનનો અંત આણી દેવો તેવું કરવામાં આવે છે. ભારતમાં આ કામગીરી ગેરકાયદે છે. તેના માટે એવી દલીલ પણ કરવામાં આવે છે કે, ભારતમાં જો મંજૂરી આપવામાં આવે તો તેનો વ્યાપક દૂરુપયોગ થઈ શકે છે. તેના કારણે જ તેને મંજૂરી આપવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે, નેધરલેન્ડ, બેલ્જિયમ, લક્ઝમબર્ગ, સ્વિટ્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા કેટલાક દેશોમાં એક્ટિવ યુથેનેશિયાને કાયદાકીય મંજૂરી આપવામાં આવેલી છે. ત્યાં દર્દીઓ કે અન્ય કોઈ પીડાથી ગ્રસ્ત લોકો ઈન્જેક્શન લઈને જીવનનો અંત આણી શકે છે.

પેસિવ યુથેનેશિયા તદ્દન જુદી પ્રક્રિયા છે, જે ડોક્ટરના નિરિક્ષણ હેઠળ જ થાય છે. આ પ્રક્રિયામાં લાઈફ સપોર્ટ સિસ્ટમ અથવા તો પેસિવ ન્યૂટ્રિશન સિસ્ટમ દૂર કરવામાં આવે છે. તેના કારણે ધીમે ધીમે દર્દીનું મોત થાય છે. આ પ્રક્રિયા સરળ નથી. તેમાં કોર્ટની મંજૂરી લેવી પડે છે અને ડોક્ટરોની ટીમ દ્વારા તમામ તપાસ કર્યા બાદ હોસ્પિટલમાં આ પ્રોસિજર કરવામાં આવે છે. જાણકારોના મતે આ કામગીરીમાં દરેક પગલાં સાવચેતી સાથે લેવામાં આવે છે. ડોક્ટર સૌથી પહેલાં દર્દીની સ્થિતિનું નિરિક્ષણ કરીને કોર્ટમાં અહેવાલ સોંપે છે અને તેના આધારે કોર્ટ આદેશ આપે છે. જાણકારોના મતે દેશમાં હજારો કેસ છે જેમાં દર્દીઓને માથામાં ઈજા થયા બાદ તેઓ દિવસો અને મહિનાઓ સુધી બેભાન રહ્યા છે. આવા દરેક કેસમાં પેસિવ યુથેનેશિયાનો આદેશ અપાતો નથી. હરીશ રાણાના કેસમાં આ નિર્ણયનો અમલ શરૂ કરાયો છે પણ હરીશની મુક્તિ ક્યારે થશે તે નક્કી કરી શકાય નહીં. ડોક્ટરોના મતે ન્યૂટ્રિશન બંધ કર્યા બાદ ગણતરીના કલાકો કે પછી દિવસો કે પછી પંદર દિવસ અથવા મહિના સુધી પણ દર્દી આ અવસ્થામાં રહી શકે છે. ધીમે ધીમે શરીર મૃત્યુ તરફ આગળ વધે છે. તેમાં માત્ર પેઈનકિલર દવાઓ આપવામાં આવે છે જેથી દર્દીને શારીરિક પીડાનો અનુભવ ન થાય. આમ જોવા જોઈએ તો નિષ્ક્રિય ઈચ્છા મૃત્યુ માત્ર કાયદા જ નહીં માનવતા, સંવેદના અને નૈતિકતા સાથે પણ જોડાયેલો નિર્ણય છે તેથી તેમાં ખૂબ જ સાવચેતી સાથે નિર્ણય લેવો પડે છે.

મહત્ત્વની વાત એ છે કે, થોડા વખત પહેલાં કર્ણાટક રાજ્ય જ ચર્ચામાં આવ્યું હતું. ગત વર્ષે જ કર્ણાટક દ્વારા પોતાના રાજ્યના નાગરિકોને લિવિંગ વિલ બનાવીને રાઈટ ટુ ડાઈનો અધિકાર આપવામાં આવ્યો હતો. એક તરફ દેશમાં ઈચ્છા મૃત્યુ માટે હોબાળો અને ચિંતાની સ્થિતિ છે ત્યાં કર્ણાટકે આ નિર્ણય લીધો હતો. તે વખતે જાહેર થયું હતું કે, કર્ણાટકમાં હવે કોઈપણ વ્યક્તિ પોતાનું લિવિંગ વિલ બનાવી શકશે. તેમાં સ્પષ્ટ રીતે જણાવવું પડશે કે, તે ગંભીર અથવા તો અસાધ્ય બિમારીથી પીડાય છે. તેની પાસે જીવનરક્ષક દવાઓનો કોઈ વિકલ્પ નથી. તેની પાસે કોઈ ઉપચાર નથી. આ સંજોગોમાં હોસ્પિટલ અને ડોક્ટર્સ તેના નિર્ણયનું સન્માન કરીને સુપ્રીમે જણાવેલી શરતોના આધારે તેને પ્રમાણિત કરવું પડશે. જાણકારોના મતે રાઈટ ટુ ડાઈને સીધી રીતે જોઈએ તો વ્યક્તિને જીવન ટુંકાવવા માટે પ્રોત્સહિત કરવાનો નિર્ણય નથી. જે વ્યક્તિની પીડા છે તેને ટુંકાવવાની છે, તેને ઓછી કરવાની છે. જે વ્યક્તિ પાસે જીવવાનો કોઈ વિકલ્પ જ નથી તે અધિકારિક રીતે પ્રમાણિત કરાવી લેશે તેને સન્માન સાથે મૃત્યુ પામવાનો અધિકાર આપવામાં આવશે.

બીજી તરફ વિચાર આવે કે, એક તરફ સુપ્રીમે ક્યારેય ઈન્જેક્શન આપીને કે પશ્ચિમના કેટલાક દેશોમાં લોકોને મરવા દેવા માટે આપવામાં આવતી મંજૂરીને સમર્થન આપ્યું નથી અને બીજી તરફ કર્ણાટક આટલો મોટો નિર્ણય કરે છે. અહીંયા પેસિવ યુથનેશિયા એટલે કે વ્યક્તિને જ્યારે જીવવાના કોઈ વિકલ્પ જ ન વધ્યા હોય ત્યારે તેને કાયદાકીય રીતે મૃત્યુ માટે મદદ કરવી તેમ થાય છે. તે ગંભીર બિમારીમાં છે, શરીર પીડા સહન કરવાની સ્થિતિમાં નથી, સારવાર થઈ શકે તેમ નથી, શરીરની ખોડખાપણ હવે સહન કરી શકાય તેવી નથી અને સ્થિતિ સુધરવાની કોઈ શક્યતા જ વધી નથી તો આવા સમયે વ્યક્તિને પીડામાંથી મુક્ત કરવાની વાત છે. આ અધિકારને એવી રીતે પરિભાષિત કરી શકાય કે દર્દીને અથવા તો અન્ય કોઈ પીડામાં રહેલી વ્યક્તિને સન્માનપૂર્વક મૃત્યુ પામવાનો અવસર આપવો.

બીજી બાબત એવી છે કે, ભારત જેવો દેશ જ્યાં સાંસ્કૃતિક વૈવિધ્ય છે, ધાર્મિક વૈવિધ્ય છે ત્યાં મૃત્યુ જેવી બાબતની પરિભાષા પણ અનેક રીતે નક્કી થતી હોય છે. આ સંજોગોમાં આ સંવેદનશિલ બાબતને કાયદા દ્વારા સ્પર્શવી પણ થોડી જોખમી બને શકે છે. ભારતમાં મોટાભાગે ધાર્મિક રીતે જોઈએ તો મૃત્યુને એક પરમશક્તિ સાથે જોડવાની ગતિ માનવામાં આવે છે. આ સંજોગોમાં રાઈટ ટુ ડાઈ અથવા યુથનેશિયા જેવી બાબતો સંવેદનશીલ બનવાની ભીતી રહેલી છે. તેના કારણે જ સરકારો આ મુદ્દાથી અંતર જાળવી રાખે છે. ઘણા કિસ્સામાં ડોક્ટર્સ અને પરિવારના સભ્યો તૈયાર થતા નથી, કારણ કે મૃત્યુ માટે મંજૂરી આપ્યા બાદ કંઈ ઉપર-નીચે થયું તો કાયદાકીય ગુંચવણોમાં ફસાઈ જવાની સ્થિતિ આવે છે. આ સંજોગોમાં ડોક્ટર્સ તૈયાર થતા જ નથી. હોસ્પિટલોમાં આ દિશામાં કામ કરવા માટે ચોક્કસ જાણકારો અને ટેકનિકલ ટીમનો પણ અભાવ છે.

આ બંને સ્થિતિ માટે લોકોમાં જાતભાતના મતમતાંતર ચાલી રહ્યા છે. લોકો જણાવે છે કે, આમ જોવા જઈએ તો બંને સ્થિતિમાં વ્યક્તિનો અંત જ આવે છે. તો પછી બંનેને કેવી રીતે અલગ પરિભાષિત કરી શકાય. આમ જોવા જઈએ તો બંને એકબીજા સાથે જોડાયેલા જ છે. એક રીતે જોઈએ તો એક સિક્કાની બે બાજુ જેવા લાગે છે. તેમ છતાં બંનેમાં પાતળી ભેદરેખા છે. પશ્ચિમી દેશોમાં ઘણા કિસ્સામાં અસહ્ય બિમારીથી પીડાતા લોકોને અથવા જીવવાની ઈચ્છા ગુમાવી દેનારા લોકોને એક ઈન્જેક્શન આપવામાં આવે છે અને બધું જ સમાપ્ત થઈ જાય છે. આ અવધારણા અહીંયા થોડી બદલાય છે. રાઈટ ટુ ડાઈમાં વ્યક્તિ પહેલેથી જ પોતાના જીવનની અંતિમ ક્ષણો વિશે નિર્ણય લઈ શકે છે.

# ઋતુ પ્રમાણે ફળો ખાવાથી શરીરની અંદર ઠંડક જળવાઈ રહે

ઉનાળા ની ઋતુ એ ધડાકાભેર એન્ટ્રી મારી લીધી છે સામન્ય લાગતો ગરમી નો પારો ધીમે ધીમે ૩૮ ને ક્રોસ કરવા લાગ્યો છે. ગરમીમાં પાણી સાથે ઋતુ પ્રમાણે ના ફળો ખાવાથી શરીરની અંદર ઠંડક જળવાઈ રહે છે ને ડિહાઈડ્રેશન ની સમસ્યા થતી નથી.સ ઉનાળાની ઋતુ માં સ્ત્રીઓ અને યુવતીઓને ત્વચા સબંધિત સમસ્યા બ્લેક રેશિસ, ફુલસી,અળાઈ વગેરે ખાસ સતાવતી હોય છે.કુદરત એ ઋતુ અનુસાર ફળ,ફ્રુટ,શાકભાજી નું બધા માટે ખાસ સર્જન કર્યું છે.જે રીતે શિયાળા માં સફરજન,જમરૂખ વગેરે ફ્રૂટ સાથે વિવિધ પ્રકારની લીલી છમ ભાજીઓ એ જ રીતે ઉનાળા માં પાણી થી ભરપુર રસાળ ફળ દ્રાક્ષ,તરબૂચ, ટેટી વગેરે સાથે કાકડી જેવા રસાળ શાકભાજી ની વ્યવસ્થા કરી છે.ઋતુ અનુસાર ફ્રુટ અને શાકભાજી આપણા ને ભાવે કે ન ભાવે ખાવા જોઈએ.

ઉનાળું ફળફળાદીના ફાયદાઓ વિશે જાણીએ:

કાકડી ખીરા :

કાકડી માં રહેલ ૯૦% પાણી એ ઉનાળામાં રાહત આપે છે.કાકડીના ફાયદાઓ ગણાવું એટલા ઓછા છે વિટામિન્સ અને મિનરલ્સ, પોટેશિયમ,કેલ્શિયમ ભરપૂર હોવાથી બેત્રણ કાકડી ખાધા બાદ ભૂખ લાગતી નથી.આ કારણોસર વધારે વજન ધરાવતા લોકો માટે કાકડી એ વજન ઘટાડવાનો અકસીર ઈલાજ છે. કાકડી માં કુદરતી ઠંડક હોવાના લીધે જેને આંખ આસપાસ બ્લેક કુંડાળા હોય એને ફાયદો થાય છે.ઉનાળા ના ધમ ધોખતાં તડકા માંથી ઘરે પ્રવેશો ત્યારે આંખ ની બળતરા ઓછી કરવા કાકડી ની સ્લાઈસ આંખ પર મૂકશો તો આંખ ને એ.સી જેવી ઠંડકની ફિલિંગ આવશે.ઉનાળા માં સ્કૂલ કોલેજ ની બહાર કે અન્ય સ્થળો પર એટલે તો કાકડી વધારે વેચાતી જોવા મળશે.કાકડી માં વિટામિન એ,સી,કે સાથે લ્યુટીન,પોટેશ્યમ અને ફાઈબર જેવા પોષક તત્વો ભરપુર માત્રા મા મળે છે.વિટામિન k ના લીધે હાડકા મજબૂત થતાં એની density વધે છે.કાકડી ત્વચા અને વાળ માટે અમૃત સમાન છે.નિયમિત કાકડી ખાવાથી વાળ મજબૂત બની ખરતા નથી ને એકદમ ચમકદાર બને છે. કાકડી નો રસ કાઢી ને ત્વચા પર નિયમિત લગાવવા થી ત્વચા પરના ડાઘ, ધબ્બા ઝાંખા પડવા લાગે છે. કાકડી માં ફાઈબર નું પ્રમાણ વધારે હોવાથી વજન ઘટાડવા માં મદદ થાય છે.દિવસ માં એક ટાઈમ બેત્રણ કાકડીનો સલાડ ખાઈ ને અન્ય ખોરાક નો ત્યાગ કરશો તો પણ ભૂખ લાગશે નહિ.રાત સુધી ભૂખ નો એહસાસ બિલકુલ નહિ થાય.

તરબૂચ :

ઉનાળાની ભયાનક ગરમી માં તરબૂચ ખવાની મજા જ ખાસ અલગછે.પહેલા સમયમાં ઘરે ઘરે ફ્રીઝ નહતા પણ તરબૂચ ની મજા ભરપુર હતી. કેરી,તરબૂચ, સાકાર ટેટી વગેરે ફ્રુટની ભરપુર મજા ઉનાળા ની ઋતુ માં અચૂક માણવી જોઈએ.તરબૂચ માં ૯૨% પાણી નું પ્રમાણ હોવા ના લીધે ગરમી થી રક્ષણ થાય છે.તરબૂચ ના એક કપ જ્યુસ માં માત્ર ૪૦ કેલેરી હોય છે એટલે એ તદ્દન ફેટ ફ્રી હોય છે.આ વાત માં બે મત નથી કે તરબૂચ સંપૂર્ણ સ્વાસ્થ્યકારી અને વિટામિન્સ થી ભરપુર હોય છે.પરંતુ વયસ્ક વ્યક્તિ એ ૨૦૦ગ્રામ થી વધારે તરબૂચ ખાવું જોઈએ નહિ. બે થી ત્રણ સ્લાઈસ ઉનાળા ની ઋતુ માં નિયમિત ખાવી જોઈએ.ખાસ ધ્યાન માં લેવા જેવી વાત ખુલ્લા માં વેચતા ફૂડ એ શરીર માં એલર્જી ને આમંત્રણ આપે છે. લારીઓ માં કે હોટલ માં સજાવેલ તરબૂચ ની સ્લાઈસ દેખાવ માં આકર્ષક લાગે છે પરંતુ એ હાનિકારક સમજો. તરબૂચ નું બેઝિક જ ઠંડુ હોય છે એટલે બરફ કે ફ્રીઝ મા રાખવાની જરૂર નથી. તરબૂચ ખરીદી ને ઘરે લઈ આવો એ પછી એને કલાક પાણીની અંદર રાખશો તો એ તુરંત ઠંડુ થઈ જશે.



ગરમીમાં સુરક્ષા

- રુપાલી દવે

તરબૂચ માં એમિનો એસિડ અને એન્ટી ઓક્સિડન્ટ ની માત્રા ભરપૂર હોવાના લીધે ગભીર રોગો સામે રક્ષણ કરે છે.તેને લીધે બોડી ની અંદર થયેલા ડેમેજ રિપેર થઈ જાય છે.તરબૂચ માં રહેલ લાઈપોકીન નામનું તત્વ કેન્સર ,હાર્ટ એટેક અને પ્રોસ્ટેટ ની હેલ્થ સારી રાખે છે. વિટામિન બી ૬ અને વિટામિન એ પાચન તંત્ર ને મજબૂત રાખે. તરબૂચ ખાવાથી શરીર ની અંદર રહેલું ટોકસીન કચરા વાટે બહાર ફેકે છે.અસ્થમા, ડાયાબિટીસ,આંતરડા ના કેન્સર વગેરે જેવી ગંભીર બીમારીઓ થી તરબૂચ રક્ષણ કરે છે.

સાકર ટેટી:

ઉનાળા માં ૧૦૦ ની ૪ મળતી સાકર ટેટી માં રહેલ તત્વો વિશે જાણશો તો આંખ પહલી અચૂક થઈ જશે.ટેટી એ માત્ર ટેટી નથી અનેક તત્વો નો ખજાનો છે.૯૫% થી વધારે પાણી ધરાવતી ટેટી એ ઉનાળા ની ઋતુ માં શરીર માં બેલેન્સ ટકાવી રાખે છે. આ કારણોસર ડી હાઈડ્રેશન ની સમસ્યા થી બચી શકાય છે. ૧૦૦ ગ્રામ ટેટી માં ૦.૮% પ્રોટીન હોય છે.એમાં રહેલું પોટેશિયમ એ શરીર ની થકાવટ દૂર કરે છે.સાકર ટેટી આંખો માટે ખૂબ ઉપયોગી છે.બાળપણ થી નબળી આંખ સાથે જન્મેલા બાળકો માટે સાકર ટેટી નો નિયમિત ઉપયોગ અકસીર ઈલાજ છે.અચાનક ચશ્મા ના નંબર વધી જવા,આંખ માં લાલાશ દેખાવી,ઝાંખું દેખાવવું, સતત પાણી નિકળવું વગેરે વગેરે અનેક સમસ્યા થી હલ થાય છે.ખાસ તો સાકર ટેટી નો નિયમિત ઉપયોગ કરવાથી આંખોની રેટિના નો સતત થતો ઘસરો થતો બંધ થાય છે. સાકર ટેટી માં રહેલું ઝેકસૅથીન નામનું એન્ટી ઓક્સિડન્ટ તત્વ એ રેટિના નો ઘસારો અટકાવે છે.દિવસમાં બે થી ત્રણ વાર સાકાર ટેટી ખાવાથી આંખ નો ઘસારો અટકે છે ને એમાં રહેલું બીટા કેરોટિન એ આંખ ની રોશની માટે હિતાવહ છે. ઉનાળા ના દિવસો માં ચહેરામાં ખીલ,ફૂલશી,અળાઈ ડાઘ,ધબ્બા,કાળી થઈ જવી વગેરે વગેરે વગેરે થતી અનેક સમસ્યા માં નિયમિત એક વાટકી સાકર ટેટી ખાવાથી એ શરીર ને ડીહાઈડ્રેટ રહે છે.આ કારણોસર સ્કિનનું મોશ્વર બેલેન્સ રહે છે ને ચહેરો એકદમ સાફ ને ચોખ્ખો લાગે છે. ચહેરો સાફ અને ચોખ્ખો લાગતા એનું ગ્લોવિંગ વધારે સારું રહે છે.સાકાર ટેટી માં કુદરતી ઠંડક હોવાના લીધે કાયમી એ.સી.ડી.ટી ની સમસ્યા થી રાહત થાય છે ને ખરતા વાળ ની સમસ્યા માં બ્રેક લાગે છે.

મિત્રો,ઉનાળા ની ઋતુ માં ગરમી સમસ્યા ન થાય અને પરસેવો પલાળે નહી એ માટે જ માં ખાસ ધ્યાન માં રાખવા જેવી પાંચ વાતો :

૧ ઉનાળા માં દિવસ દરમિયાન કમ સે કમ આઠ ગ્લાસ પાણી પીવાનું રાખો. પાણી એ શરીર ની રક્ત વાહિનીઓ માટે અત્યંત આવશ્યક છે સવારે ઉઠીને એક બે ગ્લાસ પાણી પીવાથી બ્લડ સેક્યુલેશન ઝડપી બને છે.

૨ ભર બપોરે ઘરે થી બહાર નીકળો ત્યારે મોઢાં પર માસ્ક અને માથા પર સફેદ કલર ની ટોપી પહેરવાનું રાખો.

૩ બહાર નીકળો ત્યારે ભર તડકા માં ઊભા ઊભા પાણી પીતા નહી એના લીધે સમસ્યા થઈ શકે છે. ઠંડક વાળી જગ્યા શોધીને બેઠા બેઠા પાણી પીજો.

૪ બાળકો,યુવાનો અને નોકરી ધંધે જતા લોકો ના ટિફિન માં ભોજન ની અન્ય સામગ્રીઓ સાથે કાકડી ખીરા, ડુંગળી ટમેટા,કાચી કેરી ડુંગળી ના સલાડ સાથે પાકી કેરી નો રસ નિયમિત મૂકવાનું રાખજો.

૫ નિયમિત સવારે બ્રેક ફાસ્ટ માં તરબૂચ,ટેટી,ફાલસા, લીચી,કાળી લીલી દ્રાક્ષ વગેરે વગેરે રસાળ ફળો જરૂર લેવાનું રાખજો.

આ પાંચ ઉપાય ને ઉનાળાની ઋતુ માં નિયમિત કરશો તો "ગરમી" સમસ્યા નહી લાગે ઋતુ નો આનંદ અનુભવશો.



# થલાપતિ વિજય અને ત્રિશા કૃષ્ણન બંધાશે લગ્નના તાંતણે?

**સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે દિગ્ગજ કલાકારો, થલાપતિ વિજય અને ત્રિશા કૃષ્ણન હાલમાં તેમની ફિલ્મો કરતા વધુ તેમના અંગત જીવનને લઈને ચર્ચામાં છે**

(એજન્સી) મુંબઈ | તા.17

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે દિગ્ગજ કલાકારો, થલાપતિ વિજય અને ત્રિશા કૃષ્ણન હાલમાં તેમની ફિલ્મો કરતા વધુ તેમના અંગત જીવનને લઈને ચર્ચામાં છે. છેલ્લા ઘણા સમયથી સોશિયલ મીડિયા પર એવી અફવાઓ ઉડી રહી છે કે આ જોડી એકબીજાને ડેટ કરી રહી છે. વિજય અને તેની પત્ની સંગીતા વચ્ચે ચાલી રહેલા અણબનાવના અહેવાલો બાદ આ ચર્ચાઓએ વધુ જોર પકડ્યું છે. તાજેતરમાં એક લગ્ન સમારોહમાં બંને સાથે જોવા મળતા ચાહકોએ તેમની કેમેસ્ટ્રી વિશે અનેક તર્ક-વિતર્ક શરૂ કર્યા હતા. તાજેતરમાં એક ફેન દ્વારા બનાવેલો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે વિજય અને ત્રિશા આગામી ચૂંટણીઓ પછી તેમના સંબંધોને સત્તાવાર જાહેર કરી શકે છે અને લગ્ન પણ કરી શકે છે. નવાઈની વાત એ છે કે, ત્રિશાની માતા ઉમા કૃષ્ણનએ આ વીડિયોને 'લાઈક' કર્યો છે. માતાની આ નાનકડી પ્રતિક્રિયાના સ્ક્રીનશોટ વાયરલ થતા જ ચાહકોમાં આનંદની લહેર દોડી ગઈ છે. ઘણા લોકો તેને લગ્નનો પરોક્ષ સંકેત માની રહ્યા છે, જ્યારે કેટલાક તેને માત્ર પુત્રી પ્રત્યેનો ટેકો ગણાવી રહ્યા છે. જોકે, હજુ સુધી વિજય કે ત્રિશા તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. વિજય હાલમાં તેના રાજકીય કરિયર અને આગામી ફિલ્મો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. આ જોડીએ ભૂતકાળમાં ઘણી સુપરહિટ ફિલ્મોમાં સાથે કામ કર્યું છે અને પડદા પર તેમની જોડી હંમેશા પ્રેક્ષકોની ફેવરિટ રહી છે. હવે જોવાનું એ રહેશે કે આ સોશિયલ મીડિયાની અટકળો વાસ્તવિકતામાં બદલાય છે કે કેમ.

# સિદ્ધાર્થ મલ્હોત્રાને કરણ જોહર વધુ એક ફિલ્મ આપશે



(એજન્સી) મુંબઈ | તા.17

કરણ જોહરે પોતાના માનીતા હિરો સિદ્ધાર્થ મલ્હોત્રાને વધુ એક ફિલ્મ આપી છે. સતત ફ્લોપ જઈ રહેલા સિદ્ધાર્થની કેરિયર બચાવવા માટે કરણે આ પગલું ભર્યું છે. સિદ્ધાર્થ અગાઉ કરણ જોહરની છ ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે. કરણે જ સિદ્ધાર્થને 'સ્ટુડન્ટ ઓફ ધી યર', 'શેરશાહ' સહિતની ફિલ્મો આપી હતી.સિદ્ધાર્થ રોમાન્ટિક હિરો તરીકે સેટ થઈ શક્યો નથી. તેણે વચ્ચે એકશાન હિરો બનવાનો પણ પ્રયાસ કર્યો હતો પરંતુ તેમાં પણ તેને સફળતા મળી નથી. તે કમર્શિઅલી સેલેબલ સ્ટાર નહિ ગણાતો હોવાથી મોટાભાગના પ્રોડ્યૂસર તેને ટાળી રહ્યા છે. આ સંજોગોમાં તેની પાસે વારંવાર કરણની ફિલ્મો કરવા સિવાય કોઈ ખાસ સ્કોપ રહેતો નથી.

## અરબાઝની ફિલ્મ રાઝદારમાં મનીષા કોઈરાલાની એન્ટ્રી



મુંબઈ : અરબાઝ ખાન'રાઝદાર' નામની ફિલ્મ બનાવી રહ્યો છે. તેમાં મુખ્ય રોલમાં મનીષા કોઈરાલાની એન્ટ્રી થઈ છે. અરબાઝ ખુદ આ ફિલ્મ પ્રોડયૂસ કરી રહ્યો છે. સાથે સાથે તે તેમાં એક રોલ પણ ભજવવાનો છે. આ ફિલ્મમનું પ્રારંભિક શૂટિંગ ભોપાલમાં થયું છે. હવે બાકીનાં દ્રશ્યો મુંબઈમાં ફિલ્માવાશે. ફિલ્મની વાર્તા વિશે વધુ કોઈ વિગતો બહાર આવી નથી. બોલિવુડમાં ફરી સક્રિય થયેલી મનીષા માટે સંજય લીલા ભણશાળીની 'હીરામંડી' વેબસીરિઝ પછી આ બીજો મહત્વનો પ્રોજેક્ટ છે.



# સંજય દત્ત અને નોરા ફતેહીનું ગીત વિવાદના વંટોળમાં

(એજન્સી) મુંબઈ | તા.17

નોરા ફતેહી અને સંજય દત્તના નવા ગીત 'સરકે ચુનાર તેરી સરકે' ના શબ્દોને લઈને ભારે હોબાળો મચી ગયો છે. ઘણા લોકો આ ગીતની તેના અશ્લીલ શબ્દો માટે ટીકા કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગ બાદ, આ ગીત હવે યુટ્યુબ પરથી દૂર કરવામાં આવ્યું છે. 'સરકે ચુનાર તેરી સરકે' (નોરા ફતેહી ગીત): રિલીઝ થયા પછી, આગામી ફિલ્મ *KD: ધ ડેવિલ* નું આ નવું ગીત હેડલાઈન્સમાં છે - મુખ્યત્વે તેના અશ્લીલ શબ્દોને કારણે. સંજય દત્ત અને નોરા ફતેહી પર ફિલ્માવવામાં આવેલા આ ટ્રેકે સોશિયલ મીડિયા પર ભારે વિવાદ ઉભો કર્યો છે. ગીતના અશ્લીલ શબ્દોએ ભારે ચર્ચા જગાવી છે, જેમાં ઘણા લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર સતત ટ્રોલિંગ અને ભારે પ્રતિક્રિયા વચ્ચે, ફિલ્મ નિર્માતાઓએ હવે નોરા ફતેહીના ગીત, 'સરકે ચુનાર તેરી સરકે' ને યુટ્યુબ પર ખાનગી રાખવાનું નક્કી કર્યું છે. સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર ગીત રિલીઝ થતાંની સાથે જ, ઘણા વપરાશકર્તાઓએ તેના અભદ્ર, અપ્રિય શબ્દો અને દ્રશ્યો માટે નિર્માતાઓની ભારે ટીકા કરી. ફિલ્મ *KD: ધ ડેવિલ* નું ગીત 'સરકે ચુનાર તેરી સરકે' તેના રિલીઝના ક્ષણથી જ નોંધપાત્ર ટ્રોલિંગનો સામનો કરી રહ્યું છે. આ ગીતોના શબ્દોને ખૂબ જ અશ્લીલ ગણાવવામાં આવી રહ્યા છે, જેના કારણે ફિલ્મ ઉદ્યોગના ઘણા સભ્યો પણ તેમની વિરુદ્ધ બોલવા માટે મજબૂર થયા છે. વધુમાં, આ ગીત અંગે માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં ઔપચારિક ફરિયાદ નોંધાવવામાં આવી છે. વધતા વિવાદને ધ્યાનમાં રાખીને, નોરા ફતેહીનું ગીત યુટ્યુબ પરથી દૂર કરવામાં આવ્યું છે. નોરા ફતેહીનું ગીત યુટ્યુબ પરથી દૂર કરવામાં આવ્યું છે આઈટમ નંબર 'સરકે ચુનાર' માં, નોરા ફતેહી પરંપરાગત *ઘાઘરા-ચોલી* સમૂહમાં નૃત્ય કરતી જોવા મળે છે. આ ગીતનું હૂક સ્ટેપ - જેમાં તેના *પલ્લુ* (પડદા) નો ઉપયોગ મુખ્યત્વે જોવા મળે છે - ઓનલાઈન પ્લેટફોર્મ પર વાયરલ થયું હતું. જોકે, ખાસ કરીને ગીતના શબ્દો અને દ્રશ્યોની અસંખ્ય વપરાશકર્તાઓ દ્વારા ભારે ટીકા કરવામાં આવી હતી. ઘણા લોકોએ તેને 'વિવાદાસ્પદ' ગણાવ્યું હતું અને 'ઉશ્કેરણીજનક દ્રશ્યો' બનાવવા અને 'ડબલ એન્ટેન્ડર'નો ઉપયોગ કરવા બદલ નિર્માતાઓની ભારે ટીકા કરી હતી. નોરા ફતેહી ઉપરાંત, સંજય દત્ત પણ આ ગીતમાં દેખાયા હતા. ગીતના શબ્દો રકીબ આલમે લખ્યા હતા. જોકે, રિલીઝ થયાના એક દિવસ પછી જ, નિર્માતાઓએ વિડિઓ દૂર કરી દીધો. હાલમાં, આ ગીત માટે YouTube પર નીચેનો સંદેશ દેખાય છે: 'વિડિઓ ઉપલબ્ધ નથી. આ વિડિઓ ખાનગી છે.' **ગીતો પર ભારે વિવાદ** આ પહેલા, રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) એ ફિલ્મ *KD–ધ ડેવિલ* ના ગીત 'સારકે ચુનાર' માં વાંધાજનક ગીતો અને ડબલ એન્ટેન્ડરના ઉપયોગ અંગે નોટિસ પણ જારી કરી હતી. દરમિયાન, ગાયક અરમાન મલિકે પણ સોશિયલ મીડિયા પર આ ગીત પર પોતાના વિચારો વ્યક્ત કર્યા, અને તેને ગીતલેખનના ક્ષેત્રમાં 'નવું નીચું સ્તર' ગણાવ્યું.

## હની સિંહના દિલ્હી કોન્સર્ટમાં ભારે હોબાળો

(એજન્સી) દિલ્હી | તા.17

સિંગરના દિલ્હી કોન્સર્ટ દરમિયાન તેની સામે ઝઘડો થયો હતો. આ ઝઘડાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. યો યો હની સિંહ સાથે જોડાયેલા આ સમાચારે હલચલ મચાવી દીધી છે. યો યો હની સિંહનો દિલ્હીમાં કોન્સર્ટ ખૂબ જ ઉત્સાહપૂર્ણ હતો. તે તેના માય ચેપ્ટર - ઈન્ડિયા ટૂરનો પહેલો શો હતો, જે 14 માર્ચ, 2026 ના રોજ ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાયો હતો. હજારો ફેન્સ એકઠા થયા હતા, અને હની સિંહે તેના જૂના હિટ ગીતો ગાયા હતા. બધા મજા કરી રહ્યા હતા, પરંતુ અચાનક અરાજકતા મચી ગઈ. આ મનોરંજક કોન્સર્ટ દરમિયાન, કેટલાક ફેન્સ અને પ્રાયોજકના સ્ટાફ વચ્ચે દલીલ થઈ. આ એક નાની ઘટના હતી, પરંતુ તે ઝડપથી શારીરિક ઝઘડામાં ફેરવાઈ ગઈ. વીડિયોમાં લોકો એકબીજાને લાત અને મુક્કા મારતા દેખાય છે. ભીડમાં અરાજકતા ફેલાઈ ગઈ, લોકો ધક્કામુક્કી, ધક્કો મારતા અને બૂમો પાડતા. આ બધું સ્ટેજની સામે જ બન્યું જ્યાં હની સિંહ ગીત ગાઈ રહ્યો હતો. આ બધી અંધાધૂંધી છતાં, યો યો હની સિંહે ગાવાનું ચાલુ રાખ્યું. તે પોતાના હિટ ગીતો પર એવી રીતે નાચતો રહ્યો જાણે કંઈ બન્યું જ ન હોય. ફેન્સ પણ તેના ગીતો પર નાચતા રહ્યા. જોકે, આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયો. લોકો આશ્ચર્યચકિત છે કે કોન્સર્ટમાં આટલો બધો હંગામો કેવી રીતે થઈ શકે. આજે સિંગરનો જન્મદિવસ છે, પરંતુ ગઈકાલે રાતની ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જ્યારે ઝઘડો વધુ વકર્યો, ત્યારે પોલીસને બોલાવવામાં આવી. તેમણે ઝડપથી દરમિયાનગીરી કરી અને ભીડને અલગ કરી. થોડી વારમાં પરિસ્થિતિ કાબુમાં આવી ગઈ. કોઈને ગંભીર ઈજા થઈ ન હતી, પરંતુ ભીડ ભયથી ઘેરાઈ ગઈ હતી. કોન્સર્ટની વચ્ચે બનેલી આ ઘટનાએ સમગ્ર વાતાવરણ બદલી નાખ્યું.



# આ નવા સ્પોર્ટ્સ ડ્રામામાં કાર્તિક આર્યન કોચની ભૂમિકા ભજવશે

(એજન્સી) મુંબઈ | તા.17

કાર્તિક આર્યન વારંવાર તેના કામથી બધાને પ્રભાવિત કરી ચૂક્યો છે. જોકે તેની પાછલી ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ સારું પ્રદર્શન કરી શકી ન હતી, તેમ છતાં અભિનેતાની માંગ હજુ પણ વધુ છે, ઘણા દિગ્દર્શકોએ તેને તેમના આગામી પ્રોજેક્ટ્સ માટે સાઈન કર્યો છે. ટેકનિકલી તેમણે લગભગ બે ફિલ્મોનું કામ પૂર્ણ કરી લીધું છે, પરંતુ હાલમાં અનુરાગ બાસુ સાથેના ચિત્રની સ્થિતિ અંગે કોઈ અપડેટ નથી. તે ફિલ્મ - જેમાં કાર્તિકની વિરુદ્ધ શ્રીલીલા છે - મૂળ ગયા વર્ષે દિવાળી પર રિલીઝ થવાની હતી, પરંતુ નવી રિલીઝ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. તેનાથી વિપરીત, *નાગઝિલા* ઓગસ્ટમાં સિનેમાઘરોમાં આવવાની તૈયારીમાં છે. દરમિયાન, કાર્તિક આર્યન ફરી એકવાર કબીર ખાન સાથે જોડાયા છે. આ ફિલ્મ માટે કોની વાર્તા પ્રેરણા તરીકે કામ કરે છે તે શોધો. તાજેતરમાં જ એવું બહાર આવ્યું હતું કે કાર્તિક આર્યને ખરેખર એક અલગ ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યું હતું - *નાગઝિલા* પર કામ શરૂ કરતા પહેલા જ. તે કાશ્મીર ગયો હતો, જ્યાં તેણે પ્રોજેક્ટનું એક શેડ્યૂલ પૂર્ણ કર્યું; કબીર ખાન સાથે બાકીનું કામ પછીની તારીખે પૂર્ણ થવાનું છે. જો કે, કાશ્મીરથી પાછા ફર્યા પછી, અભિનેતાએ *નાગઝિલા* પરનું પોતાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. વધુમાં, દિગ્દર્શકે 16 માર્ચે પરેલના એક રેસ્ટોરન્ટમાં તેની આગામી ફિલ્મનું શૂટિંગ સત્તાવાર રીતે શરૂ કર્યું. કાર્તિક આર્યન અગાઉ કબીર ખાન સાથે ફિલ્મ *ચંદુ ચેમ્પિયન* માં કામ કરી ચૂક્યા હતા. જોકે, રમતગમતના નાટકો બનાવવાની તેમની સફર ત્યાં જ સમાપ્ત થઈ ન હતી. આ જોડી હવે એક પ્રોજેક્ટ માટે સાથે આવી છે, જેનું નામ હજુ સુધી નક્કી થયું નથી. આ ફિલ્મ કાશ્મીરના આશાસ્પદ કિકબોક્સિંગ પ્રતિભા તજામુલ ઈસ્લામ દ્વારા પ્રેરિત છે. જોકે, હાલમાં તે અજ્ઞાત છે કે કઈ અભિનેત્રી કિકબોક્સિંગ સ્ટારની ભૂમિકા ભજવશે.






# દિવ્યાંકા ત્રિપાઠીના ઘરે ગુંજશે કિલકારી!

**ટીવી ઈન્ડસ્ટ્રીનું સૌથી લોકપ્રિય કપલ દિવ્યાંકા ત્રિપાઠી અને વિવેક દહિયા ફરી એકવાર લાઈમલાઈટમાં છે. સોશિયલ મીડિયા અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લગ્નના 10 વર્ષ બાદ આ દંપતી તેમના પ્રથમ બાળકના સ્વાગતની તૈયારી કરી રહ્યું છે**

(એજન્સી) મુંબઈ | તા.17

ટીવી ઈન્ડસ્ટ્રીનું સૌથી લોકપ્રિય કપલ દિવ્યાંકા ત્રિપાઠી અને વિવેક દહિયા ફરી એકવાર લાઈમલાઈટમાં છે. સોશિયલ મીડિયા અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લગ્નના 10 વર્ષ બાદ આ દંપતી તેમના પ્રથમ બાળકના સ્વાગતની તૈયારી કરી રહ્યું છે. જોકે, દિવ્યાંકા કે વિવેકે હજુ સુધી સત્તાવાર રીતે આ સમાચારની પુષ્ટિ કરી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર પરિવારમાં અત્યારથી જ ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે.તાજેતરના અહેવાલો સૂચવે છે કે દિવ્યાંકાના ઘરે ટૂંક સમયમાં જ એક ખાનગી 'બેબી શાવર' (સીમંત) પ્રસંગનું આયોજન કરવામાં આવી શકે છે. આ ફંક્શનમાં માત્ર નજીકના સંબંધીઓ અને અંગત મિત્રો જ હાજર રહેશે. દંપતિના નજીકના લોકો આ નવા અધ્યાયને લઈને અત્યંત ઉત્સાહિત છે. દિવ્યાંકા અને વિવેક હંમેશા તેમના અંગત જીવનને ખાનગી રાખવાનું પસંદ કરે છે, તેથી ચાહકો આતુરતાથી તેમની સત્તાવાર જાહેરાતની રાહ જોઈ રહ્યા છે. દિવ્યાંકા અને વિવેકની મુલાકાત પ્રખ્યાત શો 'યે હૈ મોહબ્બતેં' ના સેટ પર થઈ હતી. મિત્રતામાંથી શરૂ થયેલો આ સંબંધ 8 જુલાઈ, 2016 ના રોજ લગ્નમાં પરિણમ્યો હતો. ભોપાલમાં થયેલા તેમના ભવ્ય લગ્ન તે સમયે ટીવી ઉદ્યોગમાં ચર્ચાનો વિષય બન્યા હતા. છેલ્લા એક દાયકાથી આ જોડી પોતાની શાનદાર કેમેસ્ટ્રી અને વાયરલ રીલ્સ દ્વારા ચાહકોનું મનોરંજન કરી રહી છે. ભૂતકાળમાં પણ ઘણી વખત દિવ્યાંકાની પ્રેગ્નન્સીની અફવાઓ ઉડી હતી, જે પાછળથી ખોટી સાબિત થઈ હતી. જોકે, આ વખતે સમાચારની ગંભીરતા જોતા ચાહકોને આશા છે કે આ વાત સત્ય હશે. દિવ્યાંકા છેલ્લે 'ખતરોં કે ખિલાડી' જેવા રિયાલિટી શોમાં જોવા મળી હતી અને હાલમાં તે નાના પડદાથી દૂર છે, જે આ અટકળોને વધુ વેગ આપી રહ્યું છે.

## શું હવે જન્માક્ષર જોઈને મળે છે રોલ? ફલક નાઝના ખુલાસાથી ટીવી નિર્માતાઓ સામે ઉઠ્યા સવાલ

(એજન્સી) મુંબઈ | તા.17

બિગ બોસ ઓટીટી 2 ફેમ ફલક નાઝે ટીવી ઈન્ડસ્ટ્રીમાં એક નવા કાસ્ટિંગ ટ્રેન્ડ પર પ્રહાર કર્યા છે. તાજેતરની પોસ્ટમાં, તેણીએ ખુલાસો કર્યો છે કે એક પ્રોડક્શન હાઉસે તેણીને ભૂમિકા ઓફર કરતા પહેલા તેણીની જન્મ વિગતો માંગી હતી. ફલક નાઝ દ્વારા શેર કરાયેલા આ વીડિયો પર લોકો વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. પ્રોડક્શન હાઉસ કાસ્ટિંગ પર ફલક નાઝ: ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી લઈને ટેલિવિઝન સુધી, કાસ્ટિંગ પ્રથાઓ અંગે વારંવાર પ્રશ્નો ઉભા થયા છે. હવે, એક જાણીતી અભિનેત્રીએ તાજેતરમાં ટીવી ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવ્યો છે. તે અભિનેત્રી બીજું કોઈ નહીં પણ *બિગ બોસ ઓટીટી 2* ફેમ અને ટીવી વ્યક્તિત્વ, ફલક નાઝ છે. ફલક નાઝ સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય છે, જ્યાં તે નિયમિતપણે તેના ફોટા અને વીડિયો શેર કરે છે. તાજેતરમાં, તેણીએ એક પોસ્ટ શેર કરી જેણે ઈન્ટરનેટ પર ખૂબ જ હંગામો મચાવ્યો. આ પોસ્ટમાં, ફલક નાઝે ટીવી ઈન્ડસ્ટ્રી અને પ્રોડક્શન હાઉસને લગતા મુદ્દાઓ પર વાત કરી. વધુમાં, કોઈનું નામ લીધા વિના, તેણીએ ચોક્કસ પ્રોડક્શન હાઉસ પર ગંભીર આરોપો લગાવ્યા.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ઓસ્ટ્રેલિયન ગ્રાન્ડ પ્રિક્સમાં જ્યોર્જ રસેલનો દબદબો જોવા મળ્યો

**● હેમિલ્ટન અને લેક્લરનું શાનદાર પ્રદર્શન છતાં રસેલ વિજેતા**



(એજન્સી) મેલબોર્ન । તા. 17

ફોર્મ્યુલા વન (F1) ના ૨૦૨૬ ના નવા યુગની શરૂઆત ધમાકેદાર રહી છે. મેલબોર્નના આલ્બર્ટ પાર્ક સર્કિટ પર રમાયેલી સીઝનની પ્રથમ ઓસ્ટ્રેલિયન ગ્રાન્ડ પ્રિક્સમાં મર્સિડીઝના જ્યોર્જ રસેલે પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. નવા ટેકનિકલ નિયમો અને બદલાયેલા સમીકરણો વચ્ચે મર્સિડીઝે ફરી એકવાર જૂના દબદબાની યાદ અપાવી દીધી છે. શનિવારે આઠ દશાંશ સેકન્ડના અંતર સાથે પોલ પોઝિશન મેળવ્યા બાદ રસેલે રવિવારે મુખ્ય રેસમાં પણ પોતાની લીડ જાળવી રાખીને સિઝનની પ્રથમ જીત હાંસલ કરી હતી.

વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૧ ના હાઈબ્રિડ યુગમાં જે રીતે મર્સિડીઝની સિલ્વર એરો કારનો દબદબો હતો, તેવું જ દ્રશ્ય આ વખતે મેલબોર્નમાં જોવા મળ્યું હતું. બ્રેકલી સ્થિત આ ટીમે નવા નિયમોને સમજવામાં બાજી મારી લીધી હોય તેવું જણાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મર્સિડીઝે અન્ય ટીમો કરતા વધુ ઝડપી અને સ્થિર કાર રજૂ કરી છે, જેના કારણે હરીફ ટીમો અત્યારે રક્ષણાત્મક મોડમાં આવી ગઈ છે. જ્યોર્જ રસેલની આ જીત મર્સિડીઝ માટે આગામી સીઝન માટે ખૂબ જ મહત્વની સાબિત થશે.

## જોર્ડન હર્મન ટીર૦ શ્રેણીમાંથી બહાર થતા દક્ષિણ આફ્રિકા મુશ્કેલીમાં



નવી દિલ્હી/હેમિલ્ટન | ન્યૂઝીલેન્ડ સામે રમાઈ રહેલી પાંચ મેચોની ટીર૦ શ્રેણીમાં દક્ષિણ આફ્રિકાની ટીમને મોટો ફટકો પડ્યો છે. ટીમના ઉભરતા અને પ્રતિભાશાળી બેટ્સમેન જોર્ડન હર્મન ઈજાના કારણે બાકીની શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. દક્ષિણ આફ્રિકા ક્રિકેટ બોર્ડે સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે હર્મન હવે ન્યૂઝીલેન્ડ સામેની આગામી મેચોમાં ટીમનો હિસ્સો રહેશે નહીં. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે શ્રેણી ૧-૧ ની બરાબરી પર છે અને બંને ટીમો વચ્ચે રસાકસીનો માહોલ છે. જોર્ડન હર્મન પોતાની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતા છે અને તેમની ગેરહાજરીથી દક્ષિણ આફ્રિકાના બેટિંગ ઓર્ડરમાં મોટું ગાબડું પડ્યું છે.

## ગૌતમ ગંભીરનું ભૂલ કરવા અંગેનું નિવેદન ટીકાકારો સ્તબ્ધ થયા



નવી દિલ્હી | ભારતીય ક્રિકેટ ટીમને T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માં ઐતિહાસિક વિજય અપાવ્યા બાદ મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પોતાના હૃદયની વાત જાહેરમાં મૂકી છે. એક ખાનગી મુલાકાતમાં ગંભીરે અત્યંત વિનમ્રતા અને મક્કમતા સાથે જણાવ્યું કે, "મને પણ ભૂલ કરવાનો પૂરો હક છે." ગંભીરના આ નિવેદને રમત જગતમાં નવી ચર્ચા છેડી દીધી છે. સામાન્ય રીતે આક્રમક ગણાતા ગંભીરે સ્વીકાર્યું છે કે છેલ્લા ૧૮ મહિનામાં તેમનાથી પણ અનેક ભૂલો થઈ છે, પરંતુ તે તમામ ભૂલો પાછળનો ઈરાદો હંમેશા ટીમનું હિત જ રહ્યો છે. ગૌતમ ગંભીરની કોચિંગ શૈલીની સૌથી મોટી વિશેષતા ખેલાડીઓ સાથેની તેમની પારદર્શિતા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ડ્રેસિંગ રૂમમાં તેઓ દરેક ખેલાડીની આંખોમાં આંખો નાખીને ઈમાનદારીથી વાત કરે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અભિષેક શર્મા અને સૂર્યકુમાર યાદવ જેવા ખેલાડીઓ જ્યારે ખરાબ ફોર્મમાં હતા, ત્યારે ગંભીરે જ તેમની પડખે રહીને તેમનો આત્મવિશ્વાસ વધાર્યો હતો. સંજુ સેમસનને ઓપનિંગમાં મોકલીને તેને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' બનાવવો એ ગંભીરની દૂરંદેશીનું જ પરિણામ છે. ગંભીરે ભારપૂર્વક જણાવ્યું કે જો કોઈ ભૂલ સારા ઈરાદાથી કરવામાં આવે તો તેમાં કશું ખોટું નથી. મીડિયા અહેવાલ મુજબ, ગંભીરે ટીકાકારોને જવાબ આપતા કહ્યું કે લોકો 'આઉટ ઓફ ફોર્મ' અને 'આઉટ ઓફ રન' વચ્ચેનો તફાવત સમજવામાં ભૂલ કરે છે.

# પ્રીતિ પાલને સ્પેશિયલ જ્યુરી રિકોગ્નિશન એવોર્ડ થી નવાજવામાં આવ્યા

(એજન્સી) મુંબઈ । તા. 17

ભારતીય એથ્લેટિક્સને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઊંચાઈઓ પર લઈ જનાર સ્ટાર દોડવીર પ્રીતિ પાલને શુક્રવારે મુંબઈ ખાતે યોજાયેલા પ્રતિષ્ઠિત 'સ્પોર્ટસ્ટાર એસીસ એવોર્ડ્સ ૨૦૨૬' માં 'સ્પેશિયલ જ્યુરી રિકોગ્નિશન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. પ્રીતિના અસાધારણ પ્રદર્શન અને રમત પ્રત્યેના સમર્પણની કદરરૂપે આ વિશેષ સન્માન આપવામાં આવ્યું છે. આ સમારોહમાં રમત જગતની અનેક નામી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી, જેમણે પ્રીતિની આ સિદ્ધિને બિરદાવી હતી.



પ્રીતિ પાલ માટે પાછલું વર્ષ અત્યંત સફળ રહ્યું છે. નવી દિલ્હીમાં યોજાયેલી ૨૦૨૫ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં તે ભારતની ધ્વજવાહક બની હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ચેમ્પિયનશિપમાં પ્રીતિએ ૧૦૦ મીટર T35 કેટેગરીમાં રજત ચંદ્રક અને ૨૦૦ મીટર T35 સ્પ્રિન્ટમાં કાંસ્ય ચંદ્રક જીતીને દેશનું નામ રોશન કર્યું હતું. તેની આ સફળતાએ સાબિત કરી દીધું છે કે દ્રઢ મનોબળ હોય તો કોઈપણ અવરોધ પાર કરી શકાય છે.

ભારતીય ઓપન પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પ્રીતિએ પોતાની ક્ષમતાનો પરિચય આપતા ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર બંને સ્પર્ધાઓમાં સુવર્ણ ચંદ્રક જીત્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, દિલ્હીમાં યોજાયેલા વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સમાં પણ તેણે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા હતા.

પ્રીતિની આ સતત સફળતાએ ભારતીય પેરા-એથ્લેટ્સ માટે પ્રેરણાનું ઝરણું પૂરું પાડ્યું છે. સ્પોર્ટસ્ટાર એસીસ એવોર્ડ્સ ૨૦૨૬નું આયોજન અમૂલ અને કાસાગ્રાન્ડના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એસબીઆઈ, બીપીસીએલ અને એનટીપીસી જેવા મોટા કોર્પોરેટ ગૃહો સહયોગી ભાગીદાર તરીકે જોડાયા હતા. આ એવોર્ડ શો માત્ર વિજેતાઓની ઉજવણી જ નહીં, પરંતુ રમત પ્રત્યેની રુચિ જગાડવાનું એક માધ્યમ બની રહ્યો છે. પ્રીતિ પાલને મળેલું આ સન્માન આવનારા સમયમાં પેરા એથ્લેટિક્સ ક્ષેત્રે નવા યુગની શરૂઆત માનવામાં આવે છે.

# IPLમાં દિગ્ગજોની વિદાય એક યુગનો અંત આવશે

**મહેન્દ્ર સિંહ ધોનીની છેલ્લી સીઝન અને વિદાય, નરેન અને સ્ટાર્ક જેવા સ્ટાર્સની નિવૃત્તિ ના એંધાણ**



(એજન્સી) બેંગલુરુ । તા. 17

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની ૧૯મી સીઝનનો પ્રારંભ ૨૮ માર્ચથી થવા જઈ રહ્યો છે, પરંતુ આ સીઝન રમતગમત કરતા લાગણીઓથી વધુ ભરેલી હોવાની શક્યતા છે. ક્રિકેટ જગતના પાંચ એવા દિગ્ગજ ખેલાડીઓ, જેમણે આ લીગને શૂન્યમાંથી સર્વોચ્ચ શિખરે પહોંચાડી છે, તેમના માટે આ છેલ્લી સીઝન સાબિત થઈ શકે છે. વધતી ઉંમર અને ફિટનેસના પડકારો વચ્ચે મહેન્દ્ર સિંહ ધોની સહિતના સિતારાઓ આ વર્ષે આઈપીએલના મેદાનને હંમેશ માટે અલવિદા કહી શકે છે.

ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ સુકાની મહેન્દ્ર સિંહ ધોની જુલાઈ ૨૦૨૬માં ૪૫ વર્ષના થશે. ઘૂંટણની તકલીફ હોવા છતાં ગત સીઝનમાં તેમણે જે રીતે બેટિંગ કરી હતી તે કાબિલ-એ-દાદ હતી. જોકે, સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સીએસકેના મેનેજમેન્ટે પુષ્ટિ કરી છે કે ધોની આ આખી સીઝન રમશે, પરંતુ આ તેમની 'ફેરેવેલ સીઝન' હોવાની પ્રબળ સંભાવના છે. પાંચ આઈપીએલ ખિતાબ જીતનાર આ દિગ્ગજની વિદાય ચાહકો માટે અત્યંત ભાવુક ક્ષણ બની રહેશે.

કોલકાતા નાઈટ રાઈડર્સના સૌથી સફળ ઓલરાઉન્ડર સુનીલ નરેન પણ ૩૮ વર્ષની ઉંમરે ખેલાડી તરીકે નિવૃત્તિ લઈ શકે છે. ૧૯૨ વિકેટ ઝડપનાર આ રહસ્યમય સ્પિનર હવે માત્ર ફ્રેન્ચાઈઝી ક્રિકેટ પર ધ્યાન આપી રહ્યો છે. બીજી તરફ, ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્ક, જે હાલ દિલ્હી કેપિટલ્સનો હિસ્સો છે, તે પણ પોતાના આંતરરાષ્ટ્રીય ટેસ્ટ કરિયર પર ધ્યાન આપવા માટે આઈપીએલ છોડી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, આ બંને ખેલાડીઓનો વર્કલોડ હવે તેમને વધુ લાંબુ રમવાની પરવાનગી આપતો નથી.

ભારતીય ફાસ્ટ બોલર ઈશાંત શર્મા અને ટેકનિકલ બેટ્સમેન અજિંક્ય રહાણે માટે પણ આ છેલ્લી તક હોઈ શકે છે. ઈશાંત હાલ ૩૭ વર્ષના છે અને ગુજરાત ટાઈટન્સ માટે સપોર્ટ બોલરની ભૂમિકા ભજવી રહ્યા છે. અજિંક્ય રહાણે, જે હાલ કેકેઆરની કેપ્ટનશીપ સંભાળી રહ્યા છે, તે જૂનમાં ૩૮ વર્ષના થશે.

# સનરાઈઝર્સ હૈદરાબાદ માલિક વિવાદ ગાવસ્કરે બળાપો કાઢ્યો

(એજન્સી) મુંબઈ । તા. 17



ક્રિકેટના મેદાનની બહાર એક નવા વિવાદે ભારતીય રમત જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. ઈંગ્લેન્ડની ફ્રેન્ચાઈઝી લીગ 'ધ હંડ્રેડ' માટે પ્લેયર્સ ઓક્શનમાં લેવાયેલા એક નિર્ણયને કારણે આઈપીએલની જાણીતી ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદના માલિકો પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સન ગ્રુપની માલિકીની ટીમે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને આશરે ૨.૩૪ કરોડ રૂપિયામાં ખરીદતા જ વિવાદના મધપૂડા છંછેડાયા છે. ભારતના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ક્રિકેટર સુનીલ ગાવસ્કરે આ મામલે મૌન તોડતા સનરાઈઝર્સના માલિકો પર ગંભીર આક્ષેપો કર્યા છે. ગાવસ્કરનું માનવું છે કે ભારતીયોના નાણાંથી પાકિસ્તાની ખેલાડીને ખરીદવો એ શહીદોના અપમાન સમાન છે.

સુનીલ ગાવસ્કરે અત્યંત કડક શબ્દોમાં પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું છે કે, જ્યારે કોઈ ભારતીય માલિકીની ટીમ પાકિસ્તાની ખેલાડીને મોટી રકમ ચૂકવે છે, ત્યારે તે નાણાંનો એક હિસ્સો ટેક્સ સ્વરૂપે પાકિસ્તાન સરકાર પાસે જાય છે. ગાવસ્કરે ગંભીર આક્ષેપ કર્યો છે કે આ જ પૈસાનો ઉપયોગ પાકિસ્તાન ભારત વિરુદ્ધ હથિયાર ખરીદવા અને આતંકવાદ ફેલાવવા માટે કરી શકે છે. તેમણે સ્પષ્ટપણે પૂછ્યું છે કે, શું કોઈ ટુર્નામેન્ટ જીતવી એ ભારતીય નાગરિકો અને સૈનિકોના જીવન કરતા વધુ મહત્વની છે? ૨૦૦૮ના મુંબઈ હુમલાથી લઈને ૨૦૨૫ના પહલગામ એટેક સુધીની ઘટનાઓએ ભારતની જનતાને અત્યંત સંવેદનશીલ બનાવી દીધી છે.

ઓક્શન દરમિયાન હાજર સનરાઈઝર્સની સીઈઓ કાવ્યા મારન હાલ ટીકાકારોના નિશાના પર છે. સોશિયલ મીડિયા પર ચાહકો સવાલ ઉઠાવી રહ્યા છે કે ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને જાણતા હોવા છતાં આવો સંવેદનહીન નિર્ણય કેમ લેવામાં આવ્યો? ગાવસ્કરે ઉમેર્યું કે ટીમનો કોચ ડેનિયલ વિટોરી કદાચ ભારતની લાગણીઓને ન સમજે તે સ્વાભાવિક છે, પરંતુ ટીમના ભારતીય માલિકોએ આ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈતું હતું. માલિકોએ પરોક્ષ રીતે એવી સિસ્ટમને આર્થિક ટેકો આપ્યો છે જે ભારતીયોના લોહી વહેવડાવવા માટે જવાબદાર છે.

### ભવિષ્યમાં ક્રિકેટ અને રાજદ્વારી સંબંધો

ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા દોઢ દાયકાથી દ્વિપક્ષીય ક્રિકેટ શ્રેણી બંધ છે અને પાકિસ્તાની ખેલાડીઓને આઈપીએલમાં પણ પ્રવેશ આપવામાં આવતો નથી. આવા સમયે વિદેશી લીગમાં ભારતીય ફ્રેન્ચાઈઝી દ્વારા પાકિસ્તાની ખેલાડીઓને પ્રોત્સાહન આપવું તે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ની નીતિઓ સામે પણ સવાલ ઉભા કરે છે. સુનીલ ગાવસ્કર જેવા કદાવર ખેલાડીના નિવેદન બાદ હવે એ જોવાનું રહેશે કે સન ગ્રુપ આ મામલે કોઈ સ્પષ્ટતા કરે છે કે નહીં. આ વિવાદે સાબિત કરી દીધું છે કે ભારત માટે ક્રિકેટ માત્ર રમત નથી, પરંતુ તે રાષ્ટ્રીય ગૌરવ અને ભાવનાઓ સાથે જોડાયેલો વિષય છે.

# બીજી ટીર૦માં દક્ષિણ આફ્રિકાની જીત સાથે શ્રેણીમાં વાપસી થઈ

(એજન્સી) હેમિલ્ટન । તા. 17



દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટ ટીમે ન્યૂઝીલેન્ડ પ્રવાસ દરમિયાન બીજી ટીર૦ મેચમાં શાનદાર વાપસી કરી છે. સેડન પાર્ક ખાતે રમાયેલી રોમાંચક મેચમાં પ્રવાસી ટીમે યજમાન ન્યૂઝીલેન્ડને ૧૮ રને પરાજય આપી પાંચ મેચોની શ્રેણી ૧-૧ થી બરાબર કરી દીધી છે. દક્ષિણ આફ્રિકાની જીતમાં બોલરોનો મહત્વનો ફાળો રહ્યો હતો, જેમણે ૧૭૮ રનના લક્ષ્યાંકનો પીછો કરી રહેલી કિવિ ટીમને ૧૫૯ રનમાં જ સમેટાઈ જવા મજબૂર કરી હતી.

### બેટિંગમાં દ/ આફ્રિકાનો દબદબો

પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૭૭ રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો. ઓપનર સુન લુસ (૩૧) અને તાઝ્મિન બ્રિટ્સ (૫૩) એ ૬૨ રનની મજબૂત ભાગીદારી કરી પાયો નાખ્યો હતો. કેપ્ટન લૌરા વોલ્વાર્ડની ૪૧ રનની ઈનિંગ બાદ અંતિમ ઓવરોમાં કેયલા રેયનેકેએ માત્ર ૯ બોલમાં ૩ છગ્ગા અને ૨ ચોગ્ગાની મદદથી અણનમ ૨૮ રન ફટકારી સ્કોરને ૧૭૦ને પાર પહોંચાડ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ તોફાની બેટિંગ માટે કેયલાને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી.

૧૭૮ રનના લક્ષ્યાંક સામે ન્યૂઝીલેન્ડની શરૂઆત નબળી રહી હતી. જોકે, કેપ્ટન અમેલિયા કેર (૩૨) અને સોફી ડિવાઈન (૨૫) એ જીતની આશા જગાડી હતી, પરંતુ આયાબોંગા ખાકાએ તરખાટ મચાવતા ૨૭ રન આપી ૪ મહત્વની વિકેટો ઝડપી હતી. મીડિયા અહેવાલ મુજબ, નોનકુલુલેકો મ્લાબાએ ૩ વિકેટ લઈને યજમાન ટીમને બેકફૂટ પર ધકેલી દીધી હતી. અંતે ૧૯.૧ ઓવરમાં જ ન્યૂઝીલેન્ડની આખી ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી.

### શ્રેણીમાં વધ્યો રોમાંચ

હવે શ્રેણી ૧-૧ ની બરાબરી પર હોવાથી આગામી ત્રણ મેચો નિર્ણાયક બની રહેશે. બંને ટીમો અત્યારે ફોર્મમાં છે અને ત્રીજી ટીર૦માં સરસાઈ મેળવવા માટે જોરદાર ટક્કર જોવા મળશે. દક્ષિણ આફ્રિકાની આ જીતે શ્રેણીમાં રોમાંચ વધારી દીધો છે, જે દર્શાવે છે કે મહિલા ક્રિકેટમાં પણ હવે ખૂબ જ સ્પર્ધાત્મક રમત રમાઈ રહી છે.

# લિયોનેલ મેસ્સીની બાર્સેલોનામાં વાપસી માટે દરવાજા હંમેશા ખુલ્લા

**કેમ્પ નાઉના દરવાજા મેસ્સી માટે ખુલ્લા હોવાની સત્તાવાર જાહેરાત**

(એજન્સી) બાર્સેલોના । તા. 17



ફૂટબોલ જગતના દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસ્સીના ચાહકો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. એફસી બાર્સેલોનાના પ્રમુખ તરીકે ફરી એકવાર ચૂંટાયેલા જોન લાપોર્ટાએ સ્પષ્ટ કર્યું છે કે ક્લબના સુપરસ્ટાર લિયોનેલ મેસ્સી માટે બાર્સેલોનાના દરવાજા હંમેશા ખુલ્લા છે. રવિવારે યોજાયેલી ચૂંટણીમાં ૬૮.૧ ટકા મતો સાથે ભવ્ય વિજય મેળવ્યા બાદ લાપોર્ટાએ મેસ્સી પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મેસ્સી ગમે ત્યારે તેની ઈચ્છા મુજબ ક્લબમાં પરત ફરી શકે છે.

### મેસ્સીના સન્માનમાં પ્રતિમા અને ટ્રિબ્યુટ મેચ

જોન લાપોર્ટાએ જણાવ્યું કે મેસ્સી માત્ર એક ખેલાડી નથી, પરંતુ બાર્સેલોનાની ઓળખ છે. તેમણે જાહેરાત કરી કે મેસ્સીના સન્માનમાં સ્ટેડિયમ ખાતે એક ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે અને એક વિશેષ ટ્રિબ્યુટ મેચનું આયોજન પણ કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, લાપોર્ટાએ ભારપૂર્વક કહ્યું હતું કે, "બાર્સેલોનાના દરવાજા તેના માટે હંમેશા ખુલ્લા છે, જેથી તે આ સંસ્થાની મહાનતાને વધુ મજબૂત બનાવી શકે." મેસ્સીએ વર્ષ ૨૦૨૧માં ક્લબ છોડી હતી, પરંતુ તેનો સંબંધ હજુ પણ અતૂટ છે. ૩૮ વર્ષીય લિયોનેલ મેસ્સીએ બાર્સેલોના માટે ૭૭૮ મેચમાં ૬૭૨ ગોલ ફટકારીને ઈતિહાસ રચ્યો છે. તેના નેતૃત્વમાં ક્લબે ૧૦ સ્થાનિક ચેમ્પિયનશિપ અને ચાર ચેમ્પિયન્સ લીગ ટાઇટલ જીત્યા છે. મીડિયા અહેવાલ મુજબ, મેસ્સીએ પણ સોશિયલ મીડિયા પર પોતાની લાગણી વ્યક્ત કરતા લખ્યું હતું કે તે બાર્સેલોનાને ખૂબ યાદ કરે છે અને તે એક દિવસ ક્લબમાં પરત ફરવાની આશા રાખે છે.

**રમતનો પલટો** // **રોમાંચક મેચ ડ્રોમાં પરિણમી બંને ટીમોને ૧-૧ પોઈન્ટ, પંજાબ એફસી અને ગોવા વચ્ચેની ટક્કરમાં રસાકસી**

# ઈન્ડિયન સુપર લીગ ફૂટબોલ પંજાબે ગોવાને ડ્રો પર રોક્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

રાજધાનીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે રમાયેલી ઈન્ડિયન સુપર લીગ (ISL) ૨૦૨૫-૨૬ની હાઈ-વોલ્ટેજ મેચમાં પંજાબ એફસીએ અદભૂત જુસ્સો બતાવતા એફસી ગોવાને ૧-૧ની બરાબરી પર રોકવામાં સફળતા મેળવી છે. મેચના બીજા હાફની શરૂઆતમાં જ પંજાબનો એક ખેલાડી રેડ કાર્ડ મળતા બહાર થઈ ગયો હોવા છતાં, ૧૦ ખેલાડીઓ સાથે રમી રહેલી પંજાબની ટીમે ગોવાના આક્રમણને ખાળી રાખ્યું હતું. આ ડ્રો બાદ એફસી ગોવા ૯ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને પહોંચી ગયું છે, જ્યારે પંજાબ એફસી ૫ પોઈન્ટ સાથે આઠમા ક્રમે છે. ગોવાના ડેજાન ડ્રાઝિકને તેમના શાનદાર પ્રદર્શન બદલ 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

મેચની શરૂઆતથી જ પંજાબ એફસીએ આક્રમક વલણ અપનાવ્યું હતું. મિડફિલ્ડમાં લિયોન ઓગસ્ટિન અને સમીર ઝેલ્જકોવિકના આગમનથી ટીમ વધુ મજબૂત દેખાતી હતી. ૧૫મી મિનિટે ડાબા હાથના બેક મોહમ્મદ ઉવૈસના હેડરને ગોવાના ગોલકીપર હ્રિતિક તિવારીએ બચાવી લીધો હતો, પરંતુ પંજાબનું દબાણ સતત વધતું રહ્યું હતું. ૨૭મી મિનિટે પંજાબને તેની મહેનતનું ફળ મળ્યું. મંગલેનથાંગ કિપગેને આપેલી શાનદાર પાસ પર સ્ટ્રાઈકર ન્સુંગુસી જુનિયર



એફિઓંગે કોઈ ભૂલ કર્યા વગર ડાબા પગથી બોલને ગોલપોસ્ટના ટોચના ખૂણામાં ધકેલી પંજાબને ૧-૦ની સરસાઈ અપાવી દીધી હતી.

બીજા હાફની શરૂઆતમાં જ એક નાટ્યાત્મક વળાંક આવ્યો હતો. મેચની ૪૮મી મિનિટે પ્રથમ ગોલ કરનાર પંજાબના સ્ટ્રાઈકર ન્સુંગુસી જુનિયરને ગંભીર ભૂલ બદલ સીધું 'રેડ કાર્ડ' બતાવવામાં આવ્યું હતું. પંજાબની ટીમ મેદાન પર ૧૦ ખેલાડીઓ સુધી મર્યાદિત થઈ જતાં એફસી ગોવાએ આ તકનો ભરપૂર લાભ ઉઠાવ્યો હતો. ૫૩મી મિનિટે બ્રિસન ફર્નાન્ડીઝના પાસ પર ડેજાન ડ્રાઝિકે બોક્સની બહારથી સચોટ શોટ લગાવી ગોલ કર્યો અને સ્કોર ૧-૧ની બરાબરી પર લાવી દીધો હતો. આ ગોલ બાદ ગોવાએ જીત મેળવવા માટે પ્રયત્નો તેજ કર્યા હતા. એક ખેલાડી ઓછો હોવા છતાં પંજાબના ગોલકીપર અર્શદીપ સિંહે દિવાલની જેમ અડીખમ રહીને ગોવાના અનેક આક્રમણો નિષ્ફળ બનાવ્યા હતા. ૭૯મી મિનિટે મોહમ્મદ યાસિરના હેડરને અર્શદીપે શાનદાર રીતે બચાવ્યો હતો. મેચની અંતિમ મિનિટોમાં રેનિયર ફર્નાન્ડીઝ અને ડ્રાઝિકે પણ ગોલ કરવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ પંજાબના ડિફેન્સે શિસ્તબદ્ધ રમત બતાવી ગોલ થવા દીધો નહોતો. મીડિયા અહેવાલ મુજબ, પંજાબના કોચ પનાગીયોટિસ ડિલમ્પેરિસે પોતાની ટીમની લડાયક ક્ષમતાના વખાણ કર્યા છે, કારણ કે ૧૦ ખેલાડીઓ સાથે શક્તિશાળી ગોવા સામે ડ્રો મેળવવો એ પંજાબ માટે નૈતિક વિજય સમાન છે.

એફસી ગોવા માટે આ ડ્રો મિશ્ર પ્રતિસાદ સમાન છે, કારણ કે તેઓ ત્રણ પોઈન્ટ મેળવીને ટેબલમાં વધુ ઉપર જવાની તક ગુમાવી બેઠા છે. જોકે, ટીમ હજુ પણ અજેય રહી છે તે સકારાત્મક પાસું છે.

**વિશ્વનાથન આનંદનું ચેસ વર્લ્ડ પર વિશ્લેષણ**

# પ્રજ્ઞાનાનંદા કેન્ડિડેટ્સ માટે માનસિક રીતે તૈયાર છે: વિશ્વનાથન આનંદ



(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ચેસની દુનિયામાં આગામી સમયમાં રમાનારી 'ફિડે કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ ૨૦૨૬' ને લઈને ઉત્સાહ ચરમસીમાએ છે. ભારતના દિગ્ગજ ચેસ પ્લેયર વિશ્વનાથન આનંદે યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદા વિશે મહત્વનું નિવેદન આપ્યું છે. આનંદના મતે, પ્રજ્ઞાનાનંદાની રમતમાં છેલ્લા કેટલાક સમયથી થોડી ધીમી ગતિ જોવા મળી શકે છે, પરંતુ માનસિક રીતે તે અત્યારે તેની કારકિર્દીના સર્વોચ્ચ શિખર (Peak) પર છે અને કેન્ડિડેટ્સના પડકાર માટે સંપૂર્ણ સજ્જ છે.

૨૮ માર્ચથી સાયપ્રસમાં શરૂ થઈ રહેલી આ ટુર્નામેન્ટમાં વિશ્વના આઠ શ્રેષ્ઠ ખેલાડીઓ ખિતાબ માટે ટકરાશે. આ ટુર્નામેન્ટનો વિજેતા ખેલાડી વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશને વર્લ્ડ ટાઇટલ માટે પડકારવાનો હક મેળવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઓપન સેક્શનમાં પ્રજ્ઞાનાનંદા એકમાત્ર ભારતીય ખેલાડી છે. વિશ્વનાથન આનંદે જણાવ્યું કે પ્રજ્ઞાનાનંદા અત્યંત પ્રેરિત દેખાઈ રહ્યો છે અને તે ફાબિયાનો કારુઆના અને હિકારુ નાકામુરા જેવા દિગ્ગજોને હંફાવવાની ક્ષમતા ધરાવે છે.

આ વખતે કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ સાયપ્રસમાં યોજાઈ રહી છે, જે મધ્ય પૂર્વના સંઘર્ષની નજીક હોવાથી સુરક્ષાનો મુદ્દો પણ ચર્ચામાં છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતની દિગ્ગજ મહિલા ખેલાડી કોનેરુ હમ્પી સુરક્ષા કારણોસર મહિલા કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટમાંથી પીછેહઠ કરવાનું વિચારી રહી છે. જોકે, ફિડે (FIDE) ના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે આનંદે ખાતરી આપી છે કે સાયપ્રસ એક શાનદાર સ્થળ સાબિત થશે અને ખેલાડીઓને શ્રેષ્ઠ વાતાવરણ પૂરું પાડવામાં આવશે.

## હોર્મુઝ જળમાર્ગ સંકટ તેલના પરિવહન પર મોટું જોખમ, નાટો દેશોની ચેતવણી જર્મનીએ સૈન્ય મદદની સ્પષ્ટ ના પાડી

# ઈરાન યુદ્ધ-અમેરિકા ડોનાલ્ડ ટ્રમ્પની જર્મનીને ધમકી

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 17

મધ્યપૂર્વમાં ચાલી રહેલા ભયાનક સંઘર્ષ વચ્ચે પશ્ચિમી દેશોના શક્તિશાળી સંગઠન 'નાટો' માં ભંગાણ પડવાના સંકેતો મળી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામેના યુદ્ધમાં અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ એવા હોર્મુઝ જળમાર્ગને સુરક્ષિત કરવા માટે સહયોગી દેશોની મદદ માંગી હતી, પરંતુ તેમને ધાર્યા કરતા વિપરીત અને અત્યંત નબળો પ્રતિસાદ મળ્યો છે. ખાસ કરીને જર્મનીએ અમેરિકાને સાથ આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેતા ટ્રમ્પ વહીવટીતંત્રમાં ફફડાટ વ્યાપી ગયો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા દ્વારા ચેતવણી આપી છે કે જો નાટો દેશો આ સમયે અમેરિકાની પડખે નહીં ઉભા રહે, તો આ સંગઠનનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે.

જર્મનીએ આ યુદ્ધ મામલે પોતાનું વલણ અત્યંત કડક રાખ્યું છે. જર્મન સરકારના પ્રવક્તાએ સત્તાવાર નિવેદન બહાર પાડીને જણાવ્યું છે કે, ઈરાન યુદ્ધને નાટો સુરક્ષા સંગઠન સાથે કોઈ જ લેવાદેવા નથી. જર્મનીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ યુદ્ધમાં કોઈપણ પ્રકારની સૈન્ય ભાગીદારી કરશે નહીં. જર્મન ચાંસેલર ફ્રીડરિષ મૈતર્સના મતે, હોર્મુઝ જળમાર્ગ ખોલવા માટે લશ્કરી ઉપાયો એ યોગ્ય વિકલ્પ નથી. જર્મનીનું માનવું છે કે નાટો માત્ર પોતાના સભ્ય દેશોના ભૌગોલિક વિસ્તારના રક્ષણ માટેનું ગઠબંધન છે અને તેને મધ્યપૂર્વના વિવાદોમાં ખેંચવું એ તેના અધિકારપત્રની વિરુદ્ધ છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટ કરીને વિશ્વના મોટા દેશો પાસે મદદની અપીલ કરી છે. ટ્રમ્પનું તર્ક છે કે ચીન, જાપાન, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા અને બ્રિટન જેવા દેશો હોર્મુઝ સ્ટ્રેટ પરથી થતા તેલ પરિવહનનો સીધો લાભ લે છે, તેથી આ માર્ગને સુરક્ષિત રાખવાની જવાબદારી પણ તેમની જ હોવી જોઈએ. જોકે, બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટારમર સાથેની વાતચીત બાદ પણ કોઈ નક્કર પરિણામ મળ્યું નથી. ઓસ્ટ્રેલિયા, ઈટાલી અને સ્પેન જેવા દેશોએ પણ આ આંતરરાષ્ટ્રીય ઝઘડામાં સીધા



જોડાવાની અનિચ્છા વ્યક્ત કરી છે, જે અમેરિકા માટે મોટો રાજદ્વારી ફટકો માનવામાં આવે છે.

એશિયાઈ શક્તિઓમાં જાપાન અને ચીને પણ આ મામલે સાવચેતીભર્યું અંતર રાખ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જાપાનના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર અમેરિકાના કહેવાથી પોતાના જહાજો યુદ્ધના મેદાનમાં મોકલશે નહીં. જાપાન આ સમગ્ર ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખી રહ્યું છે અને પોતાના હિતોને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેશે. બીજી તરફ, ચીને પણ આક્રમકતાને બદલે બંને પક્ષોને વાતચીત દ્વારા તણાવ ઘટાડવાની સલાહ આપી છે. ચીનનું માનવું છે કે લશ્કરી કાર્યવાહીથી તેલની સપ્લાય ચેઈન વધુ ખોરવાઈ શકે છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે ઘાતક સાબિત થશે. ડોનાલ્ડ ટ્રમ્પની 'જો મદદ નહીં કરો તો ભવિષ્ય સારું હશે નહીં' તેવી ધમકીએ યુરોપિયન દેશોમાં ભારે ગભરાટ ફેલાવ્યો છે. અમેરિકા લાંબા સમયથી નાટોમાં યુરોપિયન દેશોના ફાળાને લઈને નારાજ છે, અને હવે આ યુદ્ધે તે અસંતોષને સપાટી પર લાવી દીધો છે. જો જર્મની અને અન્ય સહયોગી દેશો પોતાનું વલણ નહીં બદલે, તો અમેરિકા નાટોમાંથી પોતાનો ટેકો ઓછો કરી શકે છે તેવી અટકળો તેજ બની છે. હાલમાં હોર્મુઝ જળમાર્ગ પર વધતા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલના ભાવમાં પણ ધરખમ વધારો થવાની શક્યતા છે, જેની અસર ભારત સહિત સમગ્ર વિશ્વ પર પડશે.

### જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝનો અમેરિકાને ઝટકો

## ઈરાન સાથેના યુદ્ધમાં જર્મનીનો ઈનકાર ટ્રમ્પને મોટો ઝટકો

(એજન્સી) બર્લિન । તા. 17

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટો રાજદ્વારી ફટકો પડ્યો છે. ઈરાન વિરુદ્ધના સૈન્ય અભિયાનમાં સાથી દેશોનું સમર્થન મેળવવાના પ્રયાસોમાં જર્મનીએ સ્પષ્ટપણે પીછેહઠ કરી છે. જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે એક પત્રકાર પરિષદમાં આકરા તેવર બતાવતા જાહેર કર્યું છે કે તેમનો દેશ આ યુદ્ધમાં કોઈ પણ પ્રકારની લશ્કરી ભાગીદારી નોંધાવશે નહીં. મર્ઝે અમેરિકાની એકપક્ષીય કાર્યવાહી પર સવાલો ઉઠાવતા પૂછ્યું હતું કે શું આ જંગ શરૂ કરતા પહેલા સાથી દેશોની સહમતી લેવામાં આવી હતી?

બર્લિનમાં આયોજિત પત્રકાર પરિષદમાં ચાન્સેલર મર્ઝે અત્યંત ધારદાર ભાષામાં પોતાનો પક્ષ રાખ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તેમણે સ્પષ્ટ કર્યું કે ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો વર્તમાન સંઘર્ષ એ નાટો સંગઠનનો સામૂહિક વિષય નથી. જર્મનીએ તર્ક આપ્યો છે કે સૈન્ય કાર્યવાહી કરતા પહેલા પૂરતી ચર્ચા કરવામાં આવી નથી, તેથી તેઓ આ જોખમી લડાઈમાં જોડાવા તૈયાર નથી. આ નિવેદનથી અમેરિકી વહીવટીતંત્રની રણનીતિ પર પાણી ફરી વળ્યું હોય તેવું જણાય છે. ચાન્સેલરે માત્ર હુમલાઓથી સત્તા પરિવર્તનના લક્ષ્યાંકો હાંસલ કરવાની નીતિની ટીકા કરી છે.

## ન્યૂઝ બ્રીફ

### બલૂચિસ્તાનમાં કવિતા દ્વારા કટ્ટરપંથીનો આરોપ પાયાવિહોણો છે



બલૂચિસ્તાન | પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં સરકાર અને માનવાધિકાર કાર્યકરો વચ્ચે ઘર્ષણ વધુ તેજ બન્યું છે. તાજેતરમાં બલૂચિસ્તાનના મુખ્યમંત્રીએ વિવાદાસ્પદ નિવેદન આપતા દાવો કર્યો હતો કે બલૂચ કવિતા અને સાહિત્યનો ઉપયોગ યુવાનોને કટ્ટરપંથી બનાવવા અને સશસ્ત્ર જૂથોમાં જોડાવા માટે કરવામાં આવી રહ્યો છે. આ નિવેદનની આકરી ટીકા કરતા પ્રખ્યાત બલૂચ કાર્યકર સંમી દીન બલૂચે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે અને જણાવ્યું છે કે યુવાનોમાં રોષ કવિતાને કારણે નહીં, પરંતુ વર્ષોથી ચાલી રહેલા રાજ્યના દમનને કારણે છે. મુખ્યમંત્રીના આક્ષેપો સામે સણસણતો જવાબ આપતા બલૂચ યકજેહતી કમિટી (BYC) ના નેતા સંમી દીન બલૂચે જણાવ્યું હતું કે સરકાર પોતાની નિષ્ફળ નીતિઓ પરથી ધ્યાન હટાવવા માટે સાહિત્યને દોષ આપી રહી છે.

### બ્રાઝિલ અને બોલિવિયા વચ્ચે વ્યાપારિક સંબંધો મજબૂત કરવા પર ભાર



સાઓ પાઉલો | દક્ષિણ અમેરિકાના આર્થિક અને રાજકીય ભવિષ્ય માટે પ્રાદેશિક એકીકરણ અનિવાર્ય હોવાનું જણાવતા બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ બોલિવિયા સાથેના સંબંધોને નવો વેગ આપવાની જાહેરાત કરી છે. બ્રાઝિલિયામાં બોલિવિયાના રાષ્ટ્રપતિ રોડ્રિગો પાઝ સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં લુલાએ બંને દેશો વચ્ચેના વ્યાપાર, ઉર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સહયોગ વધારવા પર ભાર મૂક્યો હતો. ભારતની જેમ જ બ્રાઝિલ પણ હવે તેના પડોશી દેશો સાથે મજબૂત આર્થિક કડીઓ સ્થાપવા મથી રહ્યું છે. ઐતિહાસિક રીતે મજબૂત સંબંધો હોવા છતાં, બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વ્યાપાર વર્ષ ૨૦૧૩માં ૫.૫ અબજ ડોલરથી ઘટીને ગયા વર્ષે માત્ર ૨.૬ અબજ ડોલર રહી ગયો છે. આ ચિંતાજનક ઘટાડાને રોકવા માટે લુલાએ વ્યાપાર મંચો અને પ્રદર્શનોમાં સક્રિય ભાગીદારી વધારવાની હાકલ કરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કૃષિ, બાયોટેકનોલોજી અને ઉત્પાદન ક્ષેત્રે નવી તકો શોધવા માટે બ્રાઝિલની નવી ક્રેડિટ સિસ્ટમ દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

## તાલિબાનની યુદ્ધની ચેતવણી પાકને જડબાતોડ જવાબ

# પાકિસ્તાન અફઘાનિસ્તાન ચરમસીમાએ હવે આરપારની જંગ, કાબુલ એરસ્ટ્રાઈકનો બદલો લેવા અફઘાન સજ્જ

(એજન્સી) કાબુલ । તા. 17

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સરહદી વિવાદે હવે ભયાનક વળાંક લીધો છે. પાકિસ્તાની વાયુસેના દ્વારા અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં આવેલા એક નશામુક્તિ કેન્દ્ર પર કરવામાં આવેલા ઘાતક હવાઈ હુમલા બાદ બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ અમાનવીય એરસ્ટ્રાઈકમાં ૪૦૦થી વધુ નિર્દોષ દર્દીઓના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ૨૫૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. તાલિબાન સરકારે આ ઘટનાને માનવતા વિરુદ્ધનો જઘન્ય અપરાધ ગણાવીને પાકિસ્તાનને તેની જ ભાષામાં જવાબ આપવાની ખુલ્લી ચેતવણી આપી છે. આ હુમલા બાદ સમગ્ર અફઘાનિસ્તાનમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સરહદ પર સૈન્ય હિલચાલ તેજ થઈ ગઈ છે.



### નશામુક્તિ કેન્દ્ર પર આભ ફાટ્યું

કાબુલના પોલીસ ડિસ્ટ્રિક્ટ ૭માં સ્થિત રિહેબિલિટેશન સેન્ટર પર થયેલો આ હુમલો એટલો ભીષણ હતો કે હોસ્પિટલનો મોટો હિસ્સો જમીનદોસ્ત થઈ ગયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાને આતંકવાદીઓના ઠેકાણા હોવાના પાયાવિહોણા આક્ષેપો સાથે આ ઓપરેશન પાર પાડ્યું હતું. જોકે, ઘટનાસ્થળેથી મળેલા પુરાવાઓ મુજબ માત્ર સામાન્ય દર્દીઓ અને તબીબી સ્ટાફ જ આ હુમલાનો ભોગ બન્યા છે. કાબુલ હોસ્પિટલના વર્તુળો જણાવી રહ્યા છે કે કાટમાળ નીચે હજુ પણ અનેક લોકો દબાયેલા હોવાની આશંકા છે, જેથી મૃત્યુઆંકમાં હજુ પણ મોટો વધારો થઈ શકે છે. માનવ અધિકાર સંગઠનોએ પણ તબીબી સુવિધા પરના આ હુમલાની આકરી ટીકા કરી છે.

### તાલિબાનની સીધી યુદ્ધની ધમકી

આ હીચકારા હુમલા બાદ તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદ અને સુહૈલ શાહીને અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, "હવે ડિપ્લોમેસી કે મુત્સદ્દીગીરીનો સમય પૂરો થઈ ગયો છે, પાકિસ્તાન જો સૈન્ય શક્તિ પ્રદર્શન કરવા માંગતું હોય તો અમે પણ તૈયાર છીએ." તાલિબાન નેતૃત્વએ પાકિસ્તાન પર આક્ષેપ કર્યો છે કે તે જાણીજોઈને અફઘાનિસ્તાનમાં અસ્થિરતા ફેલાવી રહ્યું છે. અફઘાન શરણાર્થીઓની સંપત્તિ છીનવી તેમને હાંકી કાઢ્યા બાદ હવે સીધો સૈન્ય હુમલો કરીને પાકિસ્તાને તમામ મર્યાદાઓ ઓળંગી દીધી છે. અફઘાનિસ્તાને ભારપૂર્વક કહ્યું છે કે તેમની ધરતીનો ઉપયોગ કોઈ આતંકવાદી પ્રવૃત્તિ માટે નથી થઈ રહ્યો, પરંતુ પાકિસ્તાન પોતાની આંતરિક નિષ્ફળતાઓ છુપાવવા આ પ્રકારના હુમલા કરી રહ્યું છે.

### પાકિસ્તાનનો બચાવ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા

બીજી તરફ, ઈસ્લામાબાદે આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાન સરકારે દાવો કર્યો છે કે તેમની સેનાએ માત્ર ચોક્કસ આતંકવાદી જૂથોના ઠેકાણાઓને જ નિશાન બનાવ્યા હતા અને કોઈ નાગરિક જાનહાનિ થઈ નથી. જોકે, કાબુલની તસવીરો અને સ્થાનિક અહેવાલો પાકિસ્તાનના દાવાઓની પોલ ખોલી રહ્યા છે. છેલ્લા ત્રણ અઠવાડિયાથી સરહદ પર ચાલી રહેલી અથડામણમાં અગાઉ પણ ૪ અફઘાન નાગરિકોના મોત થયા હતા, જેણે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. આ તાજા એરસ્ટ્રાઈક બાદ દક્ષિણ એશિયાના આ બંને પડોશી દેશો વચ્ચે મોટા પાયે સૈન્ય સંઘર્ષ ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો હવે એવા વળાંક પર છે જ્યાંથી પાછા ફરવું મુશ્કેલ છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવતી સરહદી ફેન્સિંગ અને આતંકવાદના મુદ્દે બંને દેશો લાંબા સમયથી આમને-સામને છે. તાલિબાને હવે આરપારની લડાઈનો મિજાજ બતાવતા સરહદી વિસ્તારોમાં ભારે હથિયારો તૈનાત કરવાનું શરૂ કર્યું છે.

### અફઘાનિસ્તાન પર પાકિસ્તાની એરસ્ટ્રાઈક લોહીની નદીઓ વહી

કાબુલ | પડોશી દેશો પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેનો સૈન્ય સંઘર્ષ હવે અત્યંત ભયાનક અને લોહિયાળ તબક્કામાં પ્રવેશી ચૂક્યો છે. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં પાકિસ્તાની વાયુસેના દ્વારા કરવામાં આવેલા આડેધડ હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ૪૦૦ લોકોના કરુણ મોત થયા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ હુમલામાં રહેણાંક વિસ્તારો ઉપરાંત એક કાર્યરત હોસ્પિટલને પણ નિશાન બનાવવામાં આવતા આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનની ભારે આલોચના થઈ રહી છે. તાલિબાન સરકારના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, કાટમાળ નીચે હજુ પણ અનેક લોકો દબાયેલા હોવાથી મૃત્યુઆંક વધવાની પૂરેપૂરી આશંકા છે. ૨૫૦થી વધુ ગંભીર રીતે ઈજાગ્રસ્તોને સારવાર માટે અન્ય સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. અફઘાનિસ્તાનના આરોગ્ય વિભાગના પ્રવક્તા શરાફત ઝમાને મીડિયા અહેવાલ દ્વારા પુષ્ટિ કરી છે કે, કાબુલમાં નશામુક્તિ કેન્દ્ર તરીકે સેવા આપતી એક મોટી હોસ્પિટલ પર બોમ્બવર્ષા કરવામાં આવી છે. રમઝાનના પવિત્ર મહિનામાં જ્યારે લોકો ઈબાદતમાં મશગૂલ હતા, ત્યારે થયેલા આ હુમલાએ સમગ્ર માનવતાને શર્મસાર કરી દીધી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે હોસ્પિટલના વોર્ડમાં સારવાર લઈ રહેલા અનેક દર્દીઓ અને ડ્યૂટી પર તૈનાત તબીબી સ્ટાફ આ હુમલામાં સીધેસીધા ભોગ બન્યા છે. સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, વિસ્ફોટ એટલો ભીષણ હતો કે આસપાસની રહેણાંક ઈમારતો પણ ધરાશાયી થઈ ગઈ છે. બીજી તરફ, આટલી મોટી જાનહાનિ છતાં પાકિસ્તાને બેશરમ રીતે પોતાનો બચાવ કર્યો છે. પાકિસ્તાન સરકારના પ્રવક્તા મોશર્રફ ઝૈદીએ તમામ આક્ષેપોને ફગાવતા દાવો કર્યો છે કે પાકિસ્તાની સેનાએ માત્ર આતંકવાદી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સૈન્ય ઠેકાણાઓને જ સચોટ રીતે નિશાન બનાવ્યા છે. પાકિસ્તાનનો તર્ક છે કે અફઘાનિસ્તાનની ધરતી પરથી પાકિસ્તાન વિરુદ્ધ આતંકવાદી ગતિવિધિઓ ચલાવવામાં આવી રહી છે, જેના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, કાબુલથી આવતી લોહીલુહાણ તસવીરો પાકિસ્તાનના આ દાવાઓની પોલ ખોલી રહી છે, કારણ કે હુમલામાં શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલોને નુકસાન થયું હોવાના દેખીતા પુરાવા છે. આ હુમલાની ગુંજ રમતગમત જગતમાં પણ સંભળાઈ છે. અફઘાનિસ્તાનના સુપ્રસિદ્ધ ક્રિકેટર મોહમ્મદ નબીએ અત્યંત ભાવુક થતા જણાવ્યું કે, આ પવિત્ર મહિનામાં માતાઓ પોતાના સંતાનોની રાહ જોતી રહી ગઈ અને તેમની જિંદગીઓ અધૂરી છીનવાઈ ગઈ.

## ચાબહાર બંદર પર અમેરિકાનો હવાઈ હુમલો ભારત માટે મોટો ફટકો, ભારતને આર્થિક નુકસાન કરવાનો ટ્રમ્પનો કારસો

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ઈરાન અને અમેરિકા વચ્ચે વકરી રહેલા યુદ્ધમાં ભારત માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકાના શક્તિશાળી ફાઈટર જેટ્સે ઈરાન સ્થિત ચાબહાર બંદર નજીકના લશ્કરી મથકો અને ફ્રી ટ્રેડ ઝોન (સીએફઝેડ) પર ભીષણ હવાઈ હુમલા કર્યા છે. આ હુમલાઓને પગલે ચાબહારના પહાડી વિસ્તારો પ્રચંડ વિસ્ફોટોથી ધણધણી ઉઠ્યા છે. ભારત માટે વ્યૂહાત્મક રીતે અતિ મહત્વનું ગણાતું આ બંદર હવે સીધું યુદ્ધની ઝપેટમાં આવી ગયું છે, જે ભારતની આંતરરાષ્ટ્રીય વ્યાપારિક કડીને તોડવાનો એક મજબૂત સંકેત છે.

ચાબહાર બંદર ભારત માટે મધ્ય એશિયા, અફઘાનિસ્તાન અને યુરોપ સુધી પહોંચવાનું મુખ્ય પ્રવેશદ્વાર છે. ભારતે વર્ષ ૨૦૨૧માં અહીં યુરિયા પ્લાન્ટ અને એલ્યુમિનિયમ સ્મેલ્ટર્સ સહિતના વિવિધ પ્રોજેક્ટ્સમાં અબજો ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. સૂત્રો દ્વારા મળતી



માહિતી મુજબ, આ હુમલો ભારતને આર્થિક રીતે નબળું પાડવાનો ટ્રમ્પ પ્રશાસનનો એક ગૂઢ કારસો હોઈ શકે છે. આ બંદર દ્વારા જ માનવીય સહાય અને વેપારની અવરજવર થતી હતી, જે હવે સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે.

ઈરાને આ હુમલાના જવાબમાં દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસેની ફ્યુઅલ ટેન્કો પર નિશાન સાધ્યું છે, જેના કારણે વિશ્વનું સૌથી વ્યસ્ત એરપોર્ટ કલાકો સુધી બંધ રાખવાની નોબત આવી છે. મીડિયા અહેવાલ મુજબ, ઈરાને તેની અત્યંત ઘાતક 'સેજિલ' મિસાઈલનો સૌપ્રથમ વાર ઉપયોગ કર્યો છે. આ મિસાઈલ હવામાં પેંતરાબાજી કરવામાં નિપુણ હોવાથી તેને 'ડાન્સિંગ મિસાઈલ' તરીકે ઓળખવામાં આવે છે, જે ઈઝરાયેલની આયર્ન ડોમ જેવી સુરક્ષા પ્રણાલી માટે પણ મોટો પડકાર બની રહી છે.

ઈઝરાયેલે લેબનોનની રાજધાની બૈરુતમાં હીઝબુલ્લાહના ઠેકાણાઓ પર કરેલા ભીષણ બોમ્બમારામાં અત્યાર સુધીમાં ૮૫૦ લોકોના મોત થયા છે. ઈઝરાયેલે આગામી ત્રણ અઠવાડિયા સુધી ઈરાનના મિસાઈલ માળખા અને પરમાણુ મથકોને નેસ્તનાબૂદ કરવાની યોજના જાહેર કરી છે. ચાબહાર પરના હુમલાથી ભારતના 'ઈન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર' પર જોખમ ઊભું થયું છે, જે ભારતની પ્રાદેશિક સુરક્ષા અને આર્થિક સ્થિરતા માટે અત્યંત ચિંતાનો વિષય છે.

## ઇઝરાયેલમાં મિસાઇલ ઇન્ટરસેપ્ટરની અછત વર્તાતા સંરક્ષણ ચિંતા વધી

### ઈરાનના કલસ્ટર બોમ્બનો નવો પડકાર ઝીલવો મુશ્કેલ

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 17

પશ્ચિમ એશિયાના યુદ્ધના મેદાનમાં ઈઝરાયેલ અત્યારે એક ગંભીર સંરક્ષણ કટોકટીનો સામનો કરી રહ્યું હોવાના અહેવાલો વહેતા થયા છે. અમેરિકાના પ્રતિષ્ઠિત મીડિયા સંસ્થા દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ઈરાન તરફથી સતત થઈ રહેલા બેલેસ્ટિક મિસાઈલ અને ડ્રોન હુમલાઓને ખાળવા માટે ઈઝરાયેલ પાસે હવે મિસાઈલ ઈન્ટરસેપ્ટરની ભારે તંગી સર્જાઈ છે. જોકે, ઈઝરાયેલના વિદેશમંત્રી ગિડૉન સારે આ અહેવાલોને સદંતર પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે અને દેશની સંરક્ષણ પ્રણાલી સક્ષમ હોવાનો દાવો કર્યો છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકી અધિકારીઓએ એવી આશંકા વ્યક્ત કરી છે કે ઈરાનના તીવ્ર હુમલાઓને રોકવા માટે જે એરો અને ડેવિડ સ્લિંગ જેવી પ્રણાલીઓ વપરાય છે, તેના ઈન્ટરસેપ્ટર્સનો જથ્થો ઝડપથી ઘટી રહ્યો છે. ઈરાને તાજેતરમાં તેની વ્યૂહરચના બદલીને બેલેસ્ટિક મિસાઈલોમાં કલસ્ટર બોમ્બ ફિટ કરવાનું શરૂ કર્યું છે. આ કલસ્ટર બોમ્બ હવામાં જ નાના-નાના અસંખ્ય ટુકડાઓમાં વિસ્ફોટ પામે છે, જે ઈઝરાયેલના આધુનિક વાયુ સુરક્ષા કવચ માટે અત્યાર સુધીનો સૌથી મોટો ટેકનિકલ પડકાર સાબિત થઈ રહ્યો છે.

બીજી તરફ, ઈઝરાયેલના સત્તાવાર વર્તુળો જણાવે છે કે તેમની વાયુસેનાએ ઈરાન પર ચોકસાઈપૂર્વક એર સ્ટ્રાઈક કરીને અનેક બેલેસ્ટિક મિસાઈલ અને ડ્રોન પ્રક્ષેપણ મથકોનો નાશ કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ઈઝરાયેલ પોતાની સૈન્ય તાકાત જાળવી રાખવા માટે કટિબદ્ધ છે.

**હરિફાઈ** | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું નવું કેન્દ્ર બનશે અલીબાબા, વૈશ્વિક ટેક યુદ્ધમાં ચીન અમેરિકાને આપશે પડકાર

## અલીબાબા AI બિઝનેસ ગ્રૂપ ગૂગલ માઈક્રોસોફ્ટને ટક્કર

(એજન્સી) બેઈજિંગ । તા. 17

વિશ્વભરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વધી રહેલા પ્રભાવ વચ્ચે ચીની ટેકનોલોજી અને ઈ-કોમર્સ ક્ષેત્રની જાયન્ટ કંપની અલીબાબા ગ્રુપે એક ક્રાંતિકારી નિર્ણય લીધો છે. ટેક જગતમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે અલીબાબા હવે એક સ્વતંત્ર 'અલીબાબા એઆઈ બિઝનેસ ગ્રુપ' ની સ્થાપના કરવા જઈ રહી છે. આ વ્યૂહાત્મક ફેરફાર દ્વારા કંપની હવે માત્ર ઓનલાઈન શોપિંગ પૂરતી મર્યાદિત ન રહેતા, આગામી પેઢીની આધુનિક ટેકનોલોજીમાં અગ્રેસર બનવા માંગે છે. આ નવા બિઝનેસ ગ્રુપનું સીધું નેતૃત્વ કંપનીના હાલના સીઈઓ પોતે જ કરવાના છે, જે આ પ્રોજેક્ટની ગંભીરતા અને મહત્વને સ્પષ્ટ કરે છે.

અલીબાબાનો આ માસ્ટરસ્ટ્રોક સીધેસીધો અમેરિકન કંપનીઓ ગૂગલ અને માઈક્રોસોફ્ટના પ્રભુત્વને પડકારવા માટે છે. મીડિયા અહેવાલ મુજબ, અલીબાબા પોતાના ક્લાઉડ કમ્પ્યુટિંગ, લાર્જ લેંગ્વેજ મોડલ્સ (LLM) અને અન્ય મહત્વાકાંક્ષી ટેકનોલોજી




પ્રોજેક્ટ્સને આ એક જ છત્ર નીચે લાવી રહી છે. આ સંકલન દ્વારા કંપની વધુ ઝડપથી અને સચોટ રીતે એઆઈ આધારિત સેવાઓ વિકસાવી શકશે. નિષ્ણાતો માને છે કે, આ પગલાથી ચીન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ટેકનોલોજીકલ યુદ્ધમાં નવો વળાંક આવશે, કારણ કે અલીબાબા હવે ફિઝિકલ એઆઈ અને એજન્ટિક સિસ્ટમ્સ જેવા અત્યાધુનિક ક્ષેત્રોમાં મોટું રોકાણ કરી રહી છે.

કંપનીના જણાવ્યા અનુસાર, નવા એઆઈ ગ્રુપમાં ક્લાઉડ ડેટા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના મોડલ્સને એકીકૃત કરવામાં આવશે. આનાથી કંપનીને તેની ઈ-કોમર્સ સેવાઓ, લોજિસ્ટિક્સ અને ગ્રાહક સેવાઓમાં એઆઈનો વધુ સારી રીતે ઉપયોગ કરવામાં મદદ મળશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ફેરફાર માત્ર અલીબાબાની આંતરિક કાર્યપદ્ધતિ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વૈશ્વિક લેબર માર્કેટ અને ટેકનોલોજીના માળખામાં પણ મોટા પરિવર્તનો લાવવા માટે સક્ષમ છે. કંપની હવે એવી સિસ્ટમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે જે માનવ હસ્તક્ષેપ વગર જટિલ કાર્યો કરી શકે.

અલીબાબાની આ સત્તાવાર જાહેરાત બાદ આંતરરાષ્ટ્રીય શેરબજારમાં પણ તેના સકારાત્મક પડઘા જોવા મળ્યા છે. કંપનીના શેરમાં ઉછાળો નોંધાયો છે, જે દર્શાવે છે કે રોકાણકારોને અલીબાબાના વિઝન પર પૂરો ભરોસો છે. ટેક એનાલિસ્ટ્સના મતે, આ પગલાથી અલીબાબાની બજાર કિંમતમાં મોટો વધારો થઈ શકે છે. રોકાણકારો માને છે કે ભવિષ્યમાં જે કંપની એઆઈ ક્ષેત્રે મજબૂત હશે, તે જ બજારમાં ટકી શકશે.

## તાઈવાન સરહદે ચીની સેનાની હિલચાલ થી યુદ્ધના વાદળો ઘેરાયા

(એજન્સી) તાઈપેઈ । તા. 17

પૂર્વ એશિયામાં તણાવ સતત વધી રહ્યો છે કારણ કે ચીને તાઈવાનની આસપાસ તેની લશ્કરી ગતિવિધિઓ તેજ કરી દીધી છે. તાઈવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયના તાજા અહેવાલ મુજબ, મંગળવારે સવારે ૬ વાગ્યા સુધીમાં તાઈવાનના પ્રદેશની આસપાસ ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના ૨ વિમાનો, ૮ નૌકાદળના જહાજો અને ૧ સત્તાવાર જહાજની હાજરી નોંધાઈ છે. આ સતત થઈ રહેલી હિલચાલને પગલે તાઈવાનની સેના સંપૂર્ણપણે સજ્જ થઈ ગઈ છે અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીનના બે લશ્કરી વિમાનોએ તાઈવાનના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલા એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) માં પ્રવેશ કર્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી ચીન દ્વારા આવી ઘૂસણખોરીના બનાવોમાં ધરખમ વધારો જોવા મળ્યો છે. રવિવારે પણ ૨૬ વિમાનો અને ૭ જહાજો તાઈવાનની સરહદ નજીક જોવા મળ્યા હતા, જેમાંથી ૧૬ વિમાનોએ તાઈવાનની આકાશી સીમાનું ઉલ્લંઘન કર્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ હિલચાલ તાઈવાન પર માનસિક અને સૈન્ય દબાણ લાવવાની ચીનની જૂની રણનીતિનો ભાગ છે.

ચીન તાઈવાનને પોતાનો અભિન્ન ભાગ માને છે અને જરૂર પડ્યે બળપ્રયોગ કરીને પણ તેને ભેળવી દેવાની ધમકી આપતું રહ્યું છે. બીજી તરફ, તાઈવાન એક સ્વતંત્ર લોકશાહી તરીકે પોતાની આગવી ઓળખ, સરકાર અને લશ્કર ધરાવે છે. આ વિવાદના મૂળ ૧૯૮૩ના ક્વિંગ વંશના શાસન અને ૧૮૯૫ના સિનો-જાપાની યુદ્ધમાં રહેલા છે.

# આસામમાં રેલ ક્ષમતા વધારવા માટે રેલવેનો મુખ્ય ડબલિંગ પ્રોજેક્ટ

માલીગાંવ: પૂર્વપૂર્વમાં રેલ માળખાગત સુવિધાને મોટો વેગ આપતા, માનનીય પ્રધાનમંત્રીએ 13 માર્ચ, 2026 ના રોજ ફરકાટિંગ-ન્યૂ તિનસુકિયા ડબલિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. કુલ 194 કિલોમીટરની લંબાઈ અને અંદાજે 3,634 કરોડના ખર્ચે, આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ રેલ ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવા માટે તૈયાર છે. કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા ઉપરાંત, તે ઉપલા આસામ અને આસપાસના પ્રદેશોમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવશે. આ પ્રોજેક્ટ સંબંધિત કાર્ય સુનિયોજિત રીતે ચાલી રહ્યું છે. ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે હેઠળ, ફરકાટિંગ-ન્યૂ તિનસુકિયા સેક્શન એક મહત્વપૂર્ણ રેલ લિંક તરીકે કામ કરે છે, જે મુસાફરો અને માલવાહક ટ્રાફિક બંનેને પૂરી પાડે છે. આ સેક્શનને ડબલ કરવાથી હાલના રેલ ટ્રેક પર ભીડ ઓછી કરવામાં મદદ મળશે, જેનાથી ટ્રેન કામગીરી ઝડપી, સરળ અને વધુ વિશ્વસનીય બનશે. આ પ્રોજેક્ટથી અસંખ્ય લાંબા-અંતરની અને



ઈન્ટરસિટી સેવાઓને ફાયદો થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટથી આ પ્રદેશમાં આર્થિક વિકાસને પણ વેગ મળશે. હાલમાં આ વિભાગ પર કામ ચાલી રહ્યું છે. આ સાથે જ, લામડિંગ-ફર્કેટિંગ ડબલ લાઈન પર પણ કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. આશરે ૧૪૦ કિમીનો લામડિંગ-ફર્કેટિંગ વિભાગ, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે હેઠળ એક મહત્વપૂર્ણ રેલ કોરિડોર છે. ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષ દરમિયાન મંજૂર કરાયેલ ૨,૧૨૩.૭૦ કરોડના અંદાજિત ખર્ચ સાથે, આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ઝોનના સૌથી વ્યસ્ત સિંગલ-લાઈન વિભાગોમાંથી એકને ભીડ ઓછી કરવાનો છે. આ ડબલિંગ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, ટ્રેન કામગીરીમાં નોંધપાત્ર સુધારો થશે, મુસાફરીનો સમય ઓછો થશે, અને મુસાફરો અને માલવાહક ટ્રેનો બંનેની અવરજવર શક્ય બનશે. આ પ્રોજેક્ટ પર હાલમાં કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ અનેક તબક્કામાં અમલમાં મુકવામાં આવી રહ્યો છે, જેમાં જાન્યુઆરી ૨૦૨૮ માટે લક્ષ્ય પૂર્ણ થવાની તારીખ નક્કી કરવામાં આવી છે. મે ૨૦૨૬ માં શરૂ થનારા તબક્કાવાર કમિશનિંગમાં નૌજાન-સરુપથર, ધનસિરી-રંગપહાર અને દીમાપુર કનેક્ટિવિટી જેવા મહત્વપૂર્ણ વિભાગોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટમાં ૧૯ મુખ્ય પુલ અને ૧૬૧ નાના પુલનું નિર્માણ, તેમજ ૨૦ સ્ટેશનોનો વિકાસ શામેલ છે - જે આ પહેલના વ્યાપક અવકાશ અને જટિલતાને દર્શાવે છે. નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે આ વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સને સમયસર પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

## વિપક્ષી સાંસદોનું સસ્પેન્શન રદ થતા પ્રિયંકા ગાંધીએ નિર્ણયને આવકાર્યો



નવી દિલ્હી: લોકસભામાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી ગજગ્રાહનો અંત આવ્યો છે. સ્પીકર ઓમ બિરલાએ મંગળવારે વિપક્ષના આઠ સાંસદોનું સસ્પેન્શન રદ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ નિર્ણયનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ગૃહની ગરિમા જાળવવી એ બંને પક્ષોની જવાબદારી છે. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવ બાદ આ સાંસદોને ફરીથી ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે. સસ્પેન્શન રદ થયા બાદ પ્રિયંકા ગાંધીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, "આ એક સારી બાબત છે... ગૃહની ગરિમા જાળવવાનું કામ બંને પક્ષો (સત્તાપક્ષ અને વિપક્ષ) તરફથી થવું જોઈએ." ઉલ્લેખનીય છે કે, ૪ ફેબ્રુઆરીના રોજ બજેટ સત્ર દરમિયાન પૂર્વ લદ્દાખમાં ચીન સાથેના સરહદી તણાવ મુદ્દે થયેલા હોબાળા બાદ આ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સસ્પેન્શન પાછું ખેંચાતા આ સાંસદોએ સંસદ સંકુલમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## News Brief

### એલપીજી ગેસની અછતના મુદ્દે સંસદમાં ભારે હોબાળો, સત્તાપક્ષ અને વિપક્ષ સામસામે




નવી દિલ્હી: દેશમાં રાંધણ ગેસ (LPG) ની કથિત અછત અને વધતી જતી મોંઘવારીના મુદ્દે આજે સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. ઉર્જા સુરક્ષા અને સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓને લઈને વિપક્ષી નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા, જેની સામે સત્તાધારી પક્ષે આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા હતા. સંસદની અંદરની આ તકરારની અસર રસ્તાઓ પર પણ જોવા મળી રહી છે, જ્યાં વિભિન્ન રાજકીય પક્ષો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ દેશના અનેક રાજ્યોમાં એલપીજી ગેસની અછતનો ગંભીર મુદ્દો ઉઠાવતા કહ્યું હતું કે, "સમગ્ર દેશમાં લોકો રાંધણ ગેસ માટે પરેશાન થઈ રહ્યા છે. ગેસના સિલિન્ડર્સનું કાળાબજાર પરાકાષ્ઠાએ છે, જેના કારણે મધ્યમ અને ગરીબ વર્ગ પર આર્થિક બોજ વધ્યો છે." તેમણે વધુમાં ઉમેર્યું કે રેસ્ટોરન્ટ માલિકો અને અન્ય વ્યવસાયિક ક્ષેત્રોમાં પણ ગેસની અછતની માઠી અસર જોવા મળી રહી છે, જે આખરે મોંઘવારીમાં પરિણમી છે.વિપક્ષના આરોપોનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે, દેશમાં રાંધણ ગેસની કોઈ વાસ્તવિક અછત નથી. તેમણે કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષો પર ભ્રમ ફેલાવવાનો અને જનતાને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કર્યો હતો. નડ્ડાએ ખાતરી આપી હતી કે કેન્દ્ર અને રાજ્ય સરકારો સંકલન સાધીને પુરવઠો જાળવી રાખવા પ્રયત્નશીલ છે અને ભાવ પર પણ સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. સરકારના મતે, વિપક્ષ ગ્રાઉન્ડ રિઆલિટીથી વિપરિત ચિત્ર ઉભું કરી રહ્યો છે.દિલ્હીમાં જ્યારે સંસદ ગુંજી રહી હતી, ત્યારે પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે રસ્તા પર ઉતર્યા હતા. તેમણે કોલકાતામાં એક વિશાળ વિરોધ કૂચ કાઢીને કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, રાજ્યમાં લોકોને ગેસ ન મળે તે માટે કૃત્રિમ અછત ઊભી કરવામાં આવી છે.

### એલપીજી ગેસની અછત વિરુદ્ધ ભોપાલમાં કોંગ્રેસના કાર્યકરો રસ્તા પર ઉતર્યા



ભોપાલ: મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં રાંધણ ગેસ (LPG) ની અછતનો મુદ્દો હવે ઉગ્ર બની રહ્યો છે. મંગળવારે મધ્ય પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગેસ સિલિન્ડરની તંગી અને જનતાને પડતી હાલાકી વિરુદ્ધ એક અનોખું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના નેતાઓએ હાથલારી પર કોલસો લાદીને સ્થાનિક વેપારીઓને તેનું વિતરણ કર્યું હતું અને સરકારના દાવાઓની પોલ ખોલી હતી. વિરોધ પક્ષનો આક્ષેપ છે કે ગેસ ન મળવાને કારણે અનેક નાના વેપારીઓને પોતાની દુકાનો બંધ કરવાની ફરજ પડી રહી છે. ભોપાલના ગોવિંદપુરા વિસ્તારમાં કોંગ્રેસ નેતા રવિન્દ્ર સાહુ ઝુમરવાલાની આગેવાનીમાં આ પ્રદર્શન યોજાયું હતું. તેમણે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની અછતનો સામનો કરી રહેલા વિવિધ દુકાનદારોને ૫-૫ કિલો કોલસાના પેકેટ આપ્યા હતા. ઝુમરવાલાએ જણાવ્યું હતું કે, "જ્યારે દુકાનદારો પાસે ગેસ નથી અને તેઓ ધંધા બંધ કરવા મજબૂર છે, ત્યારે અમે તેમને કોલસો આપીને વિનંતી કરી છે કે તેઓ પોતાનો રોજગાર ચાલુ રાખે. જો ગૃહિણીઓને પણ ગેસ નહીં મળે તો અમે તેમને પણ કોલસો પૂરો પાડીશું." કોંગ્રેસ નેતાએ સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, જનતાએ વારંવાર લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે. તેમણે નોટબંધી વખતે રોકડ માટે અને કોરોના કાળમાં રેમડેસિવિર ઈન્જેક્શન માટે લાગેલી કતારોની યાદ અપાવતા કહ્યું કે, હવે ફરી એકવાર લોકો ગેસ સિલિન્ડર માટે કલાકો સુધી લાઈનમાં ઉભા છે. મીડિયા અહેવાલ મુજબ, કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સરકાર ગેસની ઉપલબ્ધતા વિશે ખોટા દાવા કરી રહી છે, જ્યારે ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ અત્યંત ગંભીર છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ આ મુદ્દે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠામાં વિક્ષેપ જરૂર પડ્યો છે, પરંતુ ભારતમાં ગેસ એજન્સીઓ પાસે પુરવઠો ખૂટી પડ્યો હોય તેવા કોઈ અહેવાલ નથી.

### રાજ્યસભામાં NDAનો આંકડો 141 પર પહોંચ્યો

નવી દિલ્હી : રાજ્યસભાની 37 બેઠકો માટે ગઈકાલે 16 માર્ચે યોજાયેલી ચૂંટણીએ સંસદના ઉપલા ગૃહનું ચિત્ર બદલી નાખ્યું છે. આ ચૂંટણીઓ પછી NDA (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ) માત્ર નિર્ણાયક સરસાઈ જ નથી મેળવી, પરંતુ હવે ગૃહમાં તેની બહુમતી પણ સુનિશ્ચિત થઈ ગઈ છે, આ ચૂંટણી એક એવો વળાંક છે જે આગામી સંસદીય સત્રોમાં સત્તાધારી પક્ષને સ્પષ્ટ લીડ આપતો દેખાઈ રહ્યો છે. 37 બેઠકોમાંથી 11 બેઠકો પર મતદાન થયું હતું, જેમાં NDAએ 9 બેઠકો પર જીત મેળવી છે. જ્યારે બાકીની 26 બેઠકો પર બિનહરીફ ચૂંટણી થઈ હતી, જ્યાં NDAને 13 બેઠકો મળી હતી. આ રીતે કુલ 37માંથી 22 બેઠકો NDAના ખાતામાં ગઈ, જ્યારે વિપક્ષી પાર્ટીઓ 15 બેઠકો પર સમેટાઈ ગઈ. ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ રાજરમત થકી બિહાર અને ઓડિશામાં એક-એક વધારાની બેઠક મેળવી, જ્યારે હરિયાણામાં કાંટાની ટક્કર બાદ પણ એક બેઠક જીતીને સમીકરણ પોતાના પક્ષમાં કરી લીધું.

યુએનમાં પાકિસ્તાનને ફટકાર

## ઈસ્લામોફોબિયા પર ભારતનો પ્રહાર: UNમાં પાકિસ્તાનની બેવડી નીતિ ખુલ્લી પડી

(એજન્સી) નવી દિલ્હી | તા.17

સંયુક્ત રાષ્ટ્ર (UN) ના મંચ પર ભારતે ફરી એકવાર પાકિસ્તાનને તેની જ ભાષામાં જવાબ આપતા આંતરરાષ્ટ્રીય સ્તરે તેની બેવડી નીતિનો પર્દાફાશ કર્યો છે. યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પી. હરીશે પાકિસ્તાનનું નામ લીધા વિના આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભારતનો પશ્ચિમી પડોશી દેશ ઈસ્લામોફોબિયાના નામે કાલ્પનિક વાર્તાઓ બનાવવામાં માહેર છે. પાકિસ્તાન પોતાની ધાર્મિક ઓળખને રાજકીય હથિયાર તરીકે વાપરીને યુએન જેવા વૈશ્વિક પ્લેટફોર્મનો દુરુપયોગ કરી રહ્યું હોવાનું ભારતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે.

ભારતીય પ્રતિનિધિએ ભારતની ભવ્ય પરંપરા અને વિવિધતાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ભારત વિશ્વના તમામ મુખ્ય ધર્મોનું સંગમસ્થાન છે. હિન્દુ, બૌદ્ધ, જૈન અને શીખ ધર્મની જન્મભૂમિ હોવા ઉપરાંત ભારત એક એવો દેશ છે જ્યાં દરેક ધર્મના લોકો શાંતિથી સહઅસ્તિત્વ ધરાવે છે. તેમણે યુએનને પણ સલાહ આપી કે સંસ્થાએ કોઈ એક ચોક્કસ ધર્મ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે તમામ ધર્મો પ્રત્યેની અસહિષ્ણુતા દૂર કરવા પર ભાર મૂકવો જોઈએ. ધર્મ અને રાજનીતિનું મિશ્રણ વૈશ્વિક શાંતિ માટે જોખમી હોવાનો મત ભારતે વ્યક્ત કર્યો હતો.




પી. હરીશે પાકિસ્તાનના પ્રોપેગેન્ડાને તોડી પાડતા સવાલ ઉઠાવ્યો હતો કે, જે દેશ દુનિયા સામે ઈસ્લામોફોબિયાની બૂમો પાડે છે, તે પોતાના દેશમાં અહમદિયા મુસ્લિમો પર થતા અત્યાચારો અંગે કેમ મૌન છે? તેમણે અફઘાન શરણાર્થીઓને બળજબરીથી દેશનિકાલ કરવાની પાકિસ્તાની કાર્યવાહી પર પણ પ્રહાર કર્યા હતા. ભારતે ચેતવણી આપી હતી કે ઓઆઈસી (OIC) જેવા સંગઠનોનો ઉપયોગ કરીને પાકિસ્તાન પોતાના સંકુચિત રાજકીય એજન્ડાને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે આંતરરાષ્ટ્રીય સમુદાયે સમજવાની જરૂર છે. ભારતે યુએનને વિનંતી કરી છે કે તેઓ પોતાનો સમય અને સંસાધનો એવા સમાજના નિર્માણમાં ખર્ચે જ્યાં દરેક વ્યક્તિના અધિકારો સુરક્ષિત હોય, પછી ભલે તે કોઈ પણ ધર્મનો હોય. ભારતમાં તમામ ધર્મોના લોકો પોતાની મરજીથી પ્રતિનિધિઓ ચૂંટે છે અને લોકશાહીનો આનંદ માણે છે, જે પાકિસ્તાન માટે એક સ્વપ્ન સમાન છે.

વાંદરાઓનો ત્રાસ રોકવા તંત્રનો અનોખો પ્લાન

## રાષ્ટ્રપતિની વૃંદાવન મુલાકાત પૂર્વે સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી

(એજન્સી) વૃંદાવન | તા.17

મથુરા-વૃંદાવનની પવિત્ર ભૂમિ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના આગામી ત્રણ દિવસીય પ્રવાસને લઈને વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ૧૯ માર્ચથી શરૂ થઈ રહેલા આ પ્રવાસમાં સુરક્ષા માટે સૌથી મોટો પડકાર કોઈ આતંકવાદી સંગઠન નહીં પરંતુ વૃંદાવનના તોફાની વાંદરાઓ બની રહ્યા છે. પ્રવાસીઓના ચશ્મા અને સામાન ઝૂંટવી લેવા માટે જાણીતા આ વાંદરાઓ રાષ્ટ્રપતિના કાફલા કે કાર્યક્રમમાં કોઈ અડચણ ન ઊભી કરે તે માટે તંત્રએ એક અત્યંત અનોખો અને વૈજ્ઞાનિક પ્રયોગ અમલમાં મૂક્યો છે.

વૃંદાવનના વાંદરાઓ સામાન્ય રીતે લંગૂરથી ડરતા હોય છે, પરંતુ વન્યજીવ સંરક્ષણ કાયદાને કારણે જીવંત લંગૂરનો ઉપયોગ કરવો હવે શક્ય નથી. આથી, વહીવટીતંત્રે રાષ્ટ્રપતિ જે માર્ગો પરથી પસાર થવાના છે અને જે આશ્રમોની મુલાકાત લેવાના છે ત્યાં લંગૂરના આબેહૂબ કટઆઉટ (પૂતળા) લગાવવાનો નિર્ણય કર્યો છે. આ અનોખા પ્રયોગ દ્વારા વાંદરાઓને તે વિસ્તારથી દૂર રાખવાનો પ્રયાસ કરવામાં આવશે. ખાસ કરીને ઉડિયા બાબા આશ્રમ અને રામકૃષ્ણ મિશન હોસ્પિટલ જેવા સંવેદનશીલ સ્થળોએ આ કટઆઉટ તૈનાત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિની સુરક્ષામાં કોઈ કચાસ ન રહી જાય તે માટે વન વિભાગે ૩૦ સભ્યોની એક વિશેષ ટાસ્ક ફોર્સ તૈયાર કરી છે. આ ટીમ પાસે આધુનિક સાધનો જેવા કે લેસર લાઈટ, ગુલેલ અને લાઠીઓ હશે. લેસર લાઈટના ઉપયોગથી વાંદરાઓને ઈજા પહોંચાડ્યા વગર દૂર ભગાડી શકાય છે. ૨૧ માર્ચે રાષ્ટ્રપતિની ગોવર્ધન પરિક્રમા પણ પ્રસ્તાવિત છે, જે ખુલ્લા માર્ગ પર હોવાથી ત્યાં વાંદરાઓનો જમાવડો રોકવો એ સુરક્ષા એજન્સીઓ માટે એસિડ ટેસ્ટ સમાન બની રહેશે.વૃંદાવનના બજારોમાં વાંદરાઓ ચશ્મા પહેરેલા લોકોને નિશાન બનાવીને સામાન છીનવી લે છે અને બદલામાં ખાવાની ચીજોની માંગણી કરે છે. રાષ્ટ્રપતિના પ્રવાસ દરમિયાન આવી કોઈ ક્ષોભજનક સ્થિતિ ન સર્જાય તે માટે માર્ગો પર ખાણી-પીણીની વસ્તુઓ ફેંકવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, અગાઉ વીવીઆઈપી મુલાકાતો દરમિયાન વાંદરાઓએ સુરક્ષા પ્રોટોકોલમાં વિક્ષેપ પાડ્યો હોવાના કિસ્સા બન્યા છે, જેને ધ્યાનમાં રાખીને આ વખતે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવવામાં આવી છે.સ્થાનિક વહીવટીતંત્રને વિશ્વાસ છે કે લંગૂરના કટઆઉટ અને વન વિભાગની સજ્જતાથી રાષ્ટ્રપતિનો પ્રવાસ નિર્વિઘ્ન પૂર્ણ થશે. સુરક્ષા એજન્સીઓએ રાષ્ટ્રપતિના રૂટનું નિરીક્ષણ કરીને તમામ સંભવિત પોઈન્ટ્સ પર કર્મચારીઓ તૈનાત કરી દીધા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ અનોખો પ્લાન જો સફળ રહેશે તો ભવિષ્યમાં અન્ય મહાનુભાવોની મુલાકાત વખતે પણ આ જ પદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે. અત્યારે સમગ્ર વૃંદાવન રાષ્ટ્રપતિના સ્વાગત માટે સજ્જ છે અને વાંદરાઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

## પીએમ વિદ્યા લક્ષ્મી પોર્ટલના એક વર્ષમાં લાખો વિદ્યાર્થીઓના સપના સાકાર થયા

નવી દિલ્હી: ભારતના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવા શરૂ કરાયેલું 'પીએમ વિદ્યા લક્ષ્મી' પોર્ટલ તેના પ્રથમ વર્ષમાં જ અત્યંત સફળ સાબિત થયું છે. શિક્ષણ મંત્રાલયના તાજા આંકડા મુજબ, લોન્ચિંગના એક વર્ષમાં આ પોર્ટલ દ્વારા ૩.૩૧ લાખથી વધુ શિક્ષણ લોન મંજૂર કરવામાં આવી છે. અત્યાર સુધીમાં પ્રથમ વર્ષના અભ્યાસક્રમો માટે કુલ ૭,૨૨૯.૪ કરોડ રૂપિયાનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મનો મુખ્ય ઉદ્દેશ્ય લોન લેવાની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાનો અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવાનો છે. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ શરૂ થયેલા આ પોર્ટલ પર ૨૪ ફેબ્રુઆરી સુધીમાં કુલ ૬,૫૧,૯૭૪ અરજીઓ મળી હતી, જેમાંથી ૩,૩૧,૦૮૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આમ, લોન મંજૂરીનો એકંદર દર ૫૦.૮ ટકા રહ્યો છે. સમગ્ર અભ્યાસક્રમ માટે સરકારે કુલ ૩૫,૯૩૯.૬૯ કરોડ રૂપિયાની લોન મંજૂર કરી છે. માત્ર બે પેજની સરળ અરજી પ્રક્રિયાને કારણે વિદ્યાર્થીઓને હવે બેંકોના ધક્કા ખાવા પડતા નથી.

ક્રૂડ ઓઈલનાં ભાવ વધશે તો મોંઘવારીમાં ભડકો થવાની ચેતવણી

## જથ્થાબંધ ફુગાવો વધીને ૨.૧૩ ટકા; ૧૧ મહિનોની ઉચ્ચતમ સપાટીએ

(એજન્સી) નવી દિલ્હી | તા.17

દેશમાં મોંઘવારીનો મરડો ફરી વળ્યો છે. રીટેલ ફુગાવામાં થયેલા વધારા બાદ હવે જથ્થાબંધ ફુગાવાએ પણ માથું ઉચક્યું છે. સરકાર દ્વારા જારી કરાયેલા તાજા આંકડા મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૬માં જથ્થાબંધ ભાવાંક (WPI) આધારિત ફુગાવો વધીને ૨.૧૩ ટકાએ પહોંચ્યો છે, જે છેલ્લા ૧૧ મહિનાની સૌથી ઊંચી સપાટી છે. ખાદ્ય અને બિન-ખાદ્ય વસ્તુઓના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવામાં આ ઉછાળો જોવા મળ્યો છે. અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે કે જો વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો ચાલુ રહેશે, તો આગામી મહિનાઓમાં મોંઘવારી હજુ પણ આકરી બની શકે છે. જથ્થાબંધ ફુગાવામાં વધારાનો આ ટ્રેન્ડ સળંગ ચોથા મહિને જારી રહ્યો છે. જાન્યુઆરી ૨૦૨૬માં આ દર ૧.૮૧ ટકા હતો, જે હવે વધીને ૨.૧૩ ટકા થયો છે. જોકે, ફેબ્રુઆરી ૨૦૨૫માં આ દર ૨.૪૫ ટકા નોંધાયો હતો. ખાદ્ય ફુગાવાની વાત કરીએ તો, જાન્યુઆરીમાં તે ૧.૫૫ ટકા હતો જે ફેબ્રુઆરીમાં ઉછળીને ૨.૧૯ ટકા પર પહોંચ્યો છે. બટાકા, દાળ, ઈંડા અને માંસ-માછલી જેવી આવશ્યક ચીજોના ભાવ વધવાને કારણે રસોડાનું બજેટ ખોરવાયું છે.

મોંઘવારીના આંકડાઓ વચ્ચે એકમાત્ર રાહતના સમાચાર શાકભાજીના મોરચેથી આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૬માં શાકભાજીનો ફુગાવો ૬.૭૮ ટકા જેવો ઉંચો હતો, જે ફેબ્રુઆરીમાં ઘટીને ૪.૭૩ ટકા પર આવી ગયો છે. જોકે, અન્ય ઉત્પાદિત વસ્તુઓ જેવી કે બેઝિક મેટલ, ટેક્સટાઈલ અને બિન-ખાદ્ય વસ્તુઓના ભાવ વધવાને કારણે એકંદર ફુગાવા પર દબાણ વધ્યું છે. ઔદ્યોગિક મંત્રાલયના જણાવ્યા મુજબ, મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ખર્ચ વધતા તેની અસર અંતિમ ઉત્પાદનોના ભાવ પર પડી રહી છે.

## તેલંગાણામાં ₹1 કરોડની લૂંટ: એસી મિકેનિક્સની આંખમાં મરચું નાખી બદમાશો ફરાર

હૈદરાબાદ: તેલંગાણાના કુકાટપલ્લી વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારી લૂંટની ઘટના સામે આવી છે. બાઈક પર આવેલા ચાર અજાણ્યા શખ્સોએ બે એસી મિકેનિક્સને નિશાન બનાવી, તેમની આંખમાં મરચાની ભૂકી ફેંકીને ૧ કરોડની રોકડ ભરેલું બોક્સ લૂંટી લીધું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. તેલંગાણા પોલીસે આરોપીઓને પકડવા માટે ચાર વિશેષ ટીમોની રચના કરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. કુકાટપલ્લી પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના પિલર નંબર ૮૩૭ પાસે બની હતી. બહાદુરપુરાના રહેવાસી મોહમ્મદ ખુશરુ (૪૨) અને મોહમ્મદ અઝીમુદ્દીન (૩૮), જેઓ વ્યવસાએ એસી મિકેનિક છે, રાત્રે ૯:૪૦ વાગ્યાની આસપાસ સ્કૂટર પર જઈ રહ્યા હતા. ત્યારે બે બાઈક પર આવેલા ચાર બદમાશોએ તેમને આંતર્યા હતા અને મરચાની ભૂકી ફેંકીને તેમની પાસે રહેલું 'ગોલ્ડ ડ્રોપ' કાર્ટન બોક્સ ઝૂંટવી લીધું હતું. આ બોક્સમાં ૧ કરોડની જંગી રોકડ હતી. લૂંટ ચલાવીને આરોપીઓ પલકવારમાં ફરાર થઈ ગયા હતા.

## ભારતના માનનીય રાષ્ટ્રપતિએ અક્ષયપાત્રનું 500 કરોડમું ભોજન પિરસ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.17

રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર, નવી દિલ્હી ખાતે અક્ષય પાત્ર ફાઉન્ડેશન દ્વારા પુરૂં પાડેલ 5 અબજ ભોજન સેવાની સીમાચિહ્નરૂપ સિધ્ધિની અને માનવતાની સેવાના 25 વર્ષ પૂર્ણ થવાના સીમાચિહ્નની ઉજવણી કરી. ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ મુખ્ય અતિથિ અને માનનીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન અતિથિ વિશેષ તરીકે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અક્ષયપાત્રના સ્થાપકો - શ્રી મધુ પંડિત દાસા (ઈસ્કોન બેંગ્લોરના અધ્યક્ષ અને પ્રમુખ) અને શ્રી ચંચલપતિ દાસા (ઉપાધ્યક્ષ અને વરિષ્ઠ ઉપપ્રમુખ) ની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમનો વિષય - ' સુપોષિત અને સુશિક્ષિત ભારત વિકસિત ભારત માટે ' એ બાળ પોષણ અને શિક્ષણ તરફના સામૂહિક પ્રયાસો વિકસિત ભારત માટે પર પ્રકાશ પાડ્યો હતો. આ કાર્યક્રમમાં અક્ષયપાત્રના ટ્રસ્ટીશ્રીઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ, પ્રતિષ્ઠિત નેતાઓ, નીતિનિર્માણ સંસ્થાઓ,દાતાશ્રીઓ, ભાગીદારો, સમર્થકો અને અન્ય મહત્વપૂર્ણ હિતધારકો હાજર રહ્યા હતા. અક્ષયપાત્રના કેટલાક પૂર્વ લાભાર્થીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સરકારી શાળાઓના કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા. માનનીય રાષ્ટ્રપતિએ ઉજવણીના ભાગરૂપે બાળકોને ભેટો આપી અને ભોજન પીરસ્યું. ભારત સરકારની મહત્વપૂર્ણ પીએમ પોષણ પહેલના



અમલીકરણ ભાગીદાર તરીકે, અક્ષયપાત્ર ભારતભરની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા લાખો બાળકોને તાજું, પૌષ્ટિક ભોજન પીરસે છે. હાલમાં ફાઉન્ડેશન ભારતના 16 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 78 સ્થળોએ તેના અત્યાધુનિક રસોડા દ્વારા દરરોજ 2.35 મિલિયન (23,50,000) બાળકોને ભોજન આપી રહ્યું છે અને 2030 સુધીમાં દરરોજ 3 મિલિયન (30,00,000) બાળકોને ભોજન આપવાનુંલક્ષ્યાંકધરાવે છે. આ પ્રસંગે બોલતા, ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી. દ્રૌપદી મુર્મુએ કહ્યું, "આજે, આપણે ભોજનના આશીર્વાદ દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં અક્ષયપાત્રની શાનદાર ભૂમિકાની ઉજવણી કરવા માટે અહીં છીએ. અક્ષયપાત્ર કરુણાના ગુણ પર આધારિત સામાજિક નવીનતાના ઉદાહરણ તરીકે ઉભરી આવે છે. આ એક પ્રંશનીય બાબત છે કે અક્ષયપાત્ર છેલ્લા 25 વર્ષથી સતત શાળામાં ભોજન પીરસતું રહ્યું છે, એક પણ દિવસ ચૂક્યા વિના. હું ઈસ્કોનના સ્થાપક-આચાર્ય શ્રીલ પ્રભુપાદને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમણે કલ્પના કરી હતી કે કોઈ પણ વ્યક્તિ, ખાસ કરીને બાળકો, ભૂખ્યા ન રહે અને વિશ્વભરમાં અન્નદાનની ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવ્યો. બાળકો ફક્ત મફત શાળા ભોજન કાર્યક્રમના લાભાર્થીઓ નથી; તેઓ વર્ષ 2047 સુધીમાં 30 ટ્રિલિયન યુ.એસ. ડોલર જેટલું અર્થતંત્ર સુનિશ્ચિત કરવા માટે પ્રોડક્ટીવ, કોમ્પીટીટીવ ભાવિ કાર્યબળના ચાલકો છે.

## પુરી સ્ટેશન પર બ્લોકના કારણે ગાંધીધામ-પુરી એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે રદ

ગાંધીધામ : પૂર્વ તટ રેલવેના ખુર્દા રોડ મંડળના પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશનનું કામ ચાલી રહ્યું છે. આ કામ માટે 60 દિવસનો બ્લોક લેવામાં આવ્યો છે. આ કારણે ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે રદ રહેશે. વિગત નીચે મુજબ છે: *આંશિક રીતે રદ ટ્રેનો* : ટ્રેન નંબર 12993 ગાંધીધામ-પુરી એક્સપ્રેસ 20, 27 માર્ચ; 3, 10, 17, 24 એપ્રિલ; 1, 8 મે 2026ના રોજ સાક્ષીગોપાલના બદલે માલતીપાટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે ટ્રેન નંબર 12994 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ 23, 30 માર્ચ; 6, 13, 20, 27 એપ્રિલ; 4, 11 મે 2026ના રોજ સાક્ષીગોપાલના બદલે માલતીપાટપુર સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે. ટ્રેન નંબર 22973 ગાંધીધામ-પુરી એક્સપ્રેસ 18, 25 માર્ચ; 1, 8, 15, 22, 29 એપ્રિલ; 6, 13 મે 2026ના રોજ સાક્ષીગોપાલના બદલે માલતીપાટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. ટ્રેન નંબર 22974 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ 21, 28 માર્ચ; 4, 11, 18, 25 એપ્રિલ; 2, 9, 16 મે 2026ના રોજ સાક્ષીગોપાલના બદલે માલતીપાટપુર સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે.મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in જુઓ.


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**પાર્કિંગ સ્ટેન્ડના સંચાલન માટેના કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર**

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | શ્રેણી |
|---|---|---|
| PARKING-2025-09 | સરખેજ રેલ્વે સ્ટેશન પર વિવિધ સ્ટેશનો પર ટુ વ્હીલર અને મિશ્ર (ટુ વ્હીલર અને ફોર વ્હીલર) વાહનો માટે પાર્કિંગ સ્ટેન્ડના સંચાલન માટે (03) ત્રણ વર્ષના સમયગાળા માટે કરાર. | પાર્કિંગ |

**હરાજી શરૂ થવાનો સમય અને તારીખ:** 28.03.2026 ના રોજ 11:00 કલાકે.
બિડર/ટેન્ડરરએ (www.ireps.gov.in) સાઈટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગરની મુલાકાત લેવાની રહેશે અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR),ભાવનગર ડિવિઝન +917227989486) કરી શકાય છે.
BVP 302
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## સતાધાર ફ્લાય ઓવરબ્રિજ 1 એપ્રિલે શરૂ થઈ શકે

અમદાવાદ | શહેરમાં દિન-પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા વધી રહી છે, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા બ્રિજ બનાવવા આવી રહ્યા છે. પશ્ચિમ વિસ્તારમાં ઘાટલોડીયાના સતાધાર ચાર રસ્તા પર બની રહેલા ફ્લાયઓવર બ્રિજની કામગીરી લગભગ 95 ટકા પૂર્ણ થઈ ચૂકી છે. આગામી 1 એપ્રિલથી બ્રિજને વાહનચાલકો માટે ખુલ્લો મુકવામાં આવી શકે છે. બ્રિજને મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ નહીં મુખ્યમંત્રીના અથવા મંત્રી દ્વારા ઉદઘાટન કરવામાં આવી શકે છે.


# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 18 MARCH-2026

AHMEDABAD


## બાળકો લઘુશંકા કરવા ગયા ને મહિલાની સળગેલી લાશ જોઈ

અમદાવાદ | અમદાવાદના નોબલનગર ચાર રસ્તા પાસે મહિલાની સળગેલી હાલતમાં લાશ મળી આવી હતી. નોબલનગર ચાર રસ્તા પાસે ફૂટપાથ ઉપર જાળીઓમાં કચરાઓની વચ્ચે બળેલી હાલતમાં લાશ પડી હોવા અંગેનો મેસેજ મળતાં એરપોર્ટ પોલીસ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. પોલીસે પ્રાથમિક તપાસ બાદ FSLની ટીમને જાણ કરી હતી.આજે(17 માર્ચ) સવારે ફૂટપાથની સામેના ભાગે આવેલા ઝુપડપટ્ટીમાં રહેતા કેટલાક છોકરાઓ લઘુશંકા કરવા માટે જાળીઓ પાસે ગયા હતા તે દરમિયાનમાં મહિલાની બળેલી હાલતમાં લાશ જોઈ હતી.



# CMનો દક્ષિણ ગુજરાતનાં ટુરિઝમને બૂસ્ટર ડોઝ!

## આંખના પલકારામાં અંતરિયાળ પ્રવાસન સ્થળોએ પહોંચી જશો

**ઐતિહાસિક અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ, પારસી ટૂરિઝમ સર્કિટ, સુરત, તાપી, ડાંગ અને નવસારીની ઈકો-ટુરિઝમ સાઇટો અને ધાર્મિક સ્થળોને સાંકળતા રસ્તાઓ પહોળા અને અપગ્રેડ કરવા મુખ્યમંત્રીએ માતબર રકમ મંજૂર કરી છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતના પ્રવાસન ક્ષેત્રએ વર્ષ 2024માં વિદેશથી આવતા પ્રવાસીઓમાં 14.85 ટકા જેટલો જબદરસ્ત વધારો થયો છે**

(એજન્સી) ગાંધીનગર | તા 17

જો તમે અમદાવાદ, વડોદરા કે સુરત જેવા શહેરમાં રહો છો અને વીકએન્ડમાં દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક જંગલો અને પ્રવાસન સ્થળોએ જવુ છે તો હવે લાંબા આયોજનની જરૂર નહી પડે, આંખનાં પલકારામાં પહોંચી જશો. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દક્ષિણ ગુજરાતમાં આવેલા પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓને પહોળા અને અપગ્રેડ કરવાનો એક બૂસ્ટર ડોઝ આપ્યો છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીશ્રીએ સુરત ઈકોનોમિક રિજિયન (SER) યોજના (ફેઝ 1) અતંર્ગત સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જેવા જિલ્લાઓમાં વિવિધ રસ્તાઓ બનાવવા અને અપગ્રેડ કરવા માટે રૂ 1185 કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરી છે. આ યોજનામાં પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓ માટે પણ માતબર રકમ ફાળવવામાં આવી છે. આ યોજના અતંર્ગત જિલ્લાઓમાં માર્ગોને પહોળા કરાશે, તેને મજબૂત કરાશે. જરૂરી જગ્યાએ આ રસ્તાઓ ચાર અને છ માર્ગિય કરાશે અને કેટલાક શહેરોમાં બાયપાસ માર્ગોનું નિર્માણ કરાશે. ડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતના પ્રવાસન ક્ષેત્રએ વર્ષ 2024માં વિદેશથી આવતા પ્રવાસીઓમાં 14.85 ટકા જેટલો જબદરસ્ત વધારો થયો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનાં નેતૃત્વમાં ભારતમાં ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર વિશેષ ઉભરી આવ્યુ છે. સૌથી વધારે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા નંબરે રહ્યું છે.





### ડાંગનું પ્રાકૃતિક સૌંદર્ય હવે શહેરોથી દૂર નથી

ગુજરાતનો અંતરિયાળ ગણાતો આદિવાસી વસ્તી ધરાવતો ડાંગ જિલ્લો હવે દૂર નહી લાગે. તેની પ્રાકૃતિક સુંદરતા જોવા માટે થોડી જ વારમાં પહોંચી શકાશે. ડાંગમાં વઘઈથી આહવા જવાનો રાજ્ય ધોરીમાર્ગ ડાંગ જિલ્લાનાં અન્ય ગામોને જિલ્લા મથક સાથે જોડે છે અને પ્રવાસન તથા યાત્રાધામની દ્રષ્ટએ ઘણી અગત્યતા ધરાવે છે. આ રસ્તો શબરીધામ, પંપા સરોવર, અગ્નિનકુંડ, પાંડવ ગુફા, વગેરે જેવા પવિત્ર યાત્રાધામાં તથા ડોન હિલ સ્ટેશન, મહાલ કેમ્પ સાઈટ, , દેવનીમાળ કેમ્પ સાઈટટ, સાપુતારા હીલ સ્ટેશન તેમજ સ્ટેચ્યૂ ઓફ યુનિટિ થી સાપુતારા જેવા પ્રવાસન સ્થળો માટે અત્યંત મહત્વનો રસ્તો છે. આ રસ્તો હવે ચાર-માર્ગીય થશે અને લોકો ઝડપથી અંતરિયાળ વિસ્તારમાં આવેલા પ્રવાસન સ્થળોએ ઝડપથી પહોંચી શકશે.

### ઐતિહાસિક અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ પહોળો કરાશે

મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીયાત્રાનાં રૂટ પર હવે સહેલાઈથી પ્રવાસ કરી શકાશે. અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ- પર આવતા કદરામા, એરથાણ, ટકરામા, ભટગામ, મોહમ્મંદપુરા, ગોલા, સાંધિયેર, ગામને આ રસ્તો જોડે છે. આ રસ્તાને ત્રણ મીટરમાંથી સાત મીટર પહોળો કરાશે અને ટ્રાફિકનું ભારણ ઘટતા આ ઐતિહાસિક માર્ગ પર જવુ વધુ સુગમ બનશે.

### રજવાડી નગર ધરમપુર હવે હાથવેંતમાં

આવી જ રીતે, ચીખલીથી ખેરગામ થઈને ધરમપુર જતા રસ્તાને ચાર માર્ગીય કરવામાં આવશે અને ધરમપુર જવુ વધુ સરળ બનશે. આ રસ્તો પહોળો થતા ચોમાસામાં પ્રકૃતિના ખોળે આવેલા ધરમપુર અને વિલ્સન હીલ જેવા પ્રવાસન સ્થળોએ ઝડપથી પહોંચી શકાશે. દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા પ્રવાસન અને યાત્રાધામો જેવા કે, કેવડી ઈકો-ટુરીઝમ સાઈટ (માંડવી), પદમડુંગરી ઈકો-ટુરિઝમ સાઈટ (ડોલવણ), ઉનાઈ મંદિર (વાસંદા), વઘઈ બોટનિકલ ગાર્ડન, વાસંદા નેશનલ પાર્ક (વાંસદા), પુર્ણા વન્યજીવ અભ્યારણ્ય, અને ગીરા ધોધ જેવા અનેક સ્થળોએ માનવ મહેરામણ ઉમટી પડે છે.

# ગુજરાતમાં UCC તરફ મક્કમ ડગલું

## જસ્ટિસ રંજના દેસાઈ સમિતિએ મુખ્યમંત્રીને સોંપ્યો આખરી ડ્રાફ્ટ અહેવાલ



સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને જિલ્લાઓની મુલાકાત તથા જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો

(એજન્સી) ગાંધીનગર | તા 17

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) ના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો વિસ્તૃત અને આખરી અહેવાલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને મંગળવારે ગાંધીનગરમાં સોંપ્યો હતો. આ અહેવાલ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઈને લોક અભિપ્રાયો મેળવીને તથા ઘનિષ્ઠ જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો હતો.સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ ના અધ્યક્ષ સ્થાને રચવામાં આવેલી આ સમિતિમાં નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ શ્રી સી.એલ. મીણા, વરિષ્ઠ એડવોકેટ શ્રી આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર શ્રીમતી ગીતા શ્રોફનો સમાવેશ થયેલો છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અહેવાલ અર્પણ કરતાં જે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું તેમાં જણાવાયું હતું કે લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે. વિશેષ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. એટલુ જ નહીં ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ અહેવાલમાં ધ્યાનમાં રાખવામાં આવી છે. ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) ના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ એ મુખ્યમંત્રીશ્રીને આ અહેવાલના ત્રણ વોલ્યુમ સોંપ્યા તે વેળાએ સમિતિના સલાહકાર નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ અને ઉત્તરાખંડના પુર્વ મુખ્ય સચિવશ્રી શત્રુઘ્નસિંઘ તથા સમિતિના સભ્યો, મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી સંજીવ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી ડો. વિક્રાંત પાંડે, વૈધાનિક બાબતોના સચિવશ્રી કે એન લાલા, કાયદા સચિવશ્રી ઉપેન્દ્ર ભટ્ટ અને સંબંધીત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાલનપુરમાં ANTF ની કાર્યવાહી

## મેફેડ્રોન ડ્રગ્સ સાથે સપ્લાયર ઝડપાયા, 7.56 લાખનો મુદ્દામાલ કબજે

અમદાવાદ : ઉત્તર ગુજરાતમાં ડ્રગ્સ વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ANTF દ્વારા પાલનપુર ખાતે ઓપરેશન ચલાવી મેફેડ્રોન (MD) ડ્રગ્સ સાથે બે સપ્લાયરને ઝડપી પાડવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાતમાં ડ્રગ્સ વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ANTF દ્વારા પાલનપુર ખાતે ઓપરેશન ચલાવી મેફેડ્રોન (MD) ડ્રગ્સ સાથે બે સપ્લાયરને ઝડપી પાડવામાં આવ્યા છે.

### 232 ગ્રામ MD ડ્રગ્સ મળી આવ્યું

માહિતી મુજબ, પોલીસે બાતમીના આધારે ચેકિંગ દરમિયાન બાઈક પર જઈ રહેલા બે શંકાસ્પદ વ્યક્તિઓને રોક્યા હતા. તેમની તપાસ કરતાં તેમના પાસેથી કુલ 232 ગ્રામ MD ડ્રગ્સ મળી આવ્યું હતું. જપ્ત કરાયેલા ડ્રગ્સની અંદાજિત કિંમત 7.56 લાખ ગણવામાં આવી રહી છે.

### ઈરફાન મોયલા અને સુખદેવ ચૌધરીની ધરપકડ

**પકડાયેલા આરોપીઓની ઓળખ ઈરફાન મોયલા અને સુખદેવ ચૌધરી તરીકે થઈ છે, જે રાજસ્થાન ના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ ડ્રગ્સ સપ્લાય નેટવર્ક સાથે સંકળાયેલા છે અને અમદાવાદ સહિતના વિસ્તારોમાં નશીલા પદાર્થોની સપ્લાય કરતા હતા.**

# ગુજરાતમાં કમોસમી વરસાદની આફત



## આગામી ત્રણ દિવસ માવઠાની શક્યતા

(એજન્સી) અમદાવાદ | તા 17

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે આગામી 18 થી 20 માર્ચ દરમિયાન કમોસમી વરસાદની પ્રબળ શક્યતા છે. ખાસ કરીને 18 અને 19 માર્ચના રોજ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં ગાજવીજ અને પવનના સુસવાટા સાથે વરસાદ વરસી શકે છે. 18 માર્ચના રોજ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી અને કચ્છ જિલ્લાઓમાં વાતાવરણમાં પલટો આવશે અને ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે, જેને પગલે ખેડૂતોમાં ઉભા પાકને લઈને ચિંતા વ્યાપી ગઈ છે. 19 માર્ચના રોજ વરસાદની શક્યતા વધશે અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં તેની અસર જોવા મળશે. આ દિવસે બનાસકાંઠા અને પાટણ ઉપરાંત પંચમહાલ, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ સહિતના વિસ્તારોમાં ભારે પવન અને ગાજવીજ સાથે માવઠું થવાની સંભાવના છે.

## સરદારનગરમાં અસામાજિક તત્ત્વોનો આતંક, હથિયારધારી ટોળાએ મકાન પર કર્યો હુમલો

### ચોંકાવનારા દ્રશ્યો CCTV કેમેરામાં કેદ

(એજન્સી) અમદાવાદ | તા 17

અમદાવાદ શહેરના સરદારનગર વિસ્તારમાં જાણે કાયદો અને વ્યવસ્થાનો ડર જ ન રહ્યો હોય તેમ માથાભારે તત્તવોનો ભારે આતંક જોવા મળી રહ્યો છે. સરદારનગર વિસ્તારમાં હથિયારધારી ટોળાએ એક રહેણાંક મકાનને નિશાન બનાવી હુમલો કર્યો હતો. આ હુમલાની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારના રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. હુમલાની ઘટનાને પગલે સ્થાનિક સુરક્ષા વ્યવસ્થા સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. આ સમગ્ર હિંસક ઘટનાના ચોંકાવનારા દ્રશ્યો ત્યાં લાગેલા CCTV કેમેરામાં કેદ થયા છે. ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, અસામાજિક તત્ત્વો હાથમાં ખુલ્લેઆમ હથિયારો લઈને બેફામ બન્યા હતા. કોઈ પણ પ્રકારના ખચકાટ વગર આ અસામાજિક તત્ત્વો મકાન પર તૂટી પડ્યા હતા અને તોડફોડ કરી ભયનું વાતાવરણ ઉભું કર્યું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા પોલીસની કામગીરી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સરદારનગર પોલીસે આ મામલે વિધિવત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં પોલીસ દ્વારા વાઈરલ થયેલા CCTV ફૂટેજના આધારે અસામાજિક તત્ત્વોની ઓળખ કરી, તમામ આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આ અસામાજિક તત્ત્વો સામે ભૂતકાળમાં પણ અનેક ફરિયાદો નોંધાઈ ચૂકી છે, છતાં તેઓ ખુલ્લેઆમ કોઈ ડર વગર આતંક મચાવતા પોલીસની કાર્યવાહી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

## ગુજરાત સરકારની મહિલાલક્ષી ભેટ

### હવે શહેરોમાં બનશે અત્યાધુનિક 'પિંક ટોઇલેટ્સ', બજેટમાં ₹59 કરોડની જોગવાઈ

(એજન્સી) ગાંધીનગર | તા 17

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2007માં શરૂ કરાવેલી નિર્મળ ગુજરાત યોજનાનું ફલક સફાઈકાર્યોથી આગળ વધીને આજે મોટા પાયે વિસ્તર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2024માં નિર્મળ ગુજરાત 2.0 અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, અને રાજ્યના શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા પ્રત્યે નાગરિકોમાં વધુ સભાનતા કેળવવા તેમજ સ્વચ્છતામાં ગુજરાતને દેશમાં અગ્રેસર બનાવવાના ઉદ્દેશથી નાણાકીય વર્ષ 2026-27 માટે નિર્મળ ગુજરાત 2.0 અંતર્ગત સ્વચ્છતાના સંદર્ભે ચાર નવા ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ચાર ઘટકોમાં એક છે, મહિલાઓ માટે પિંક ટોઈલેટ્સનું નિર્માણ. મહિલાઓની સુવિધા અને સ્વચ્છતા માટે ગુજરાતની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી પવિત્ર યાત્રાધામો તેમજ તીર્થસ્થળોએ મહિલાઓ માટે સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક પિંક ટોઈલેટ્સનંઆ નિર્માણ કરવામાં આવશે. ગુજરાત સરકારે હંમેશાં મહિલાઓ માટેની સ્વચ્છતા, સુવિધા અને સલામતી પર ભાર મૂક્યો છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં જે પિંક ટોઈલેટ્સ બનાવવામાં આવશે, તેમાં ઘણી સુવિધાઓ હશે, જેમકે, 4 નોર્મલ ટોઈલેટ સીટ, 1 દિવ્યાંગ મહિલા માટેની સીટ, ચેન્જીંગ રૂમ, બેબી ફીડીંગ માટેનો રૂમ તેમજ મહિલા કેરટેકર એરિયા જેવી સુવિધા પણ આપવામાં આવશે.

## દિવ્યાંગ લગ્ન સહાય યોજનાની સહાયની રકમ રૂ.૫૦ હજારથી વધારીને રૂ.૭૫ હજાર કરાઈ

(એજન્સી) ગાંધીનગર | તા 17

વિધાનસભા ગૃહમાં દિવ્યાંગ લગ્ન સહાય અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી ડૉ. મનીષાબેન વકીલે મહત્વની વિગતો આપતા જણાવ્યું હતું કે, દિવ્યાંગ વ્યક્તિઓ સમાજમાં આત્મસન્માન સાથે જીવન જીવી શકે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ ૭૯ અરજીઓ મંજૂર કરીને રૂ. ૪૧.૭૫ લાખની આર્થિક સહાય સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં DBT મારફતે જમા કરવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દિવ્યાંગોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા યોજનામાં મહત્વના વહીવટી અને આર્થિક સુધારા કરવામાં આવ્યા છે જેમાં જૂન ૨૦૨૫ થી સહાયની રકમ રૂ. ૫૦ હજારથી વધારીને રૂ. ૭૫ હજાર કરવામાં આવી છે. અરજી સાથે રજૂ કરવાના પુરાવાઓમાં બંનેનો સંયુક્ત ફોટો અથવા લગ્ન કંકોત્રીની જોગવાઈ રદ કરી પ્રક્રિયાને વધુ સરળ બનાવાઈ છે. આ યોજનાનો લાભ લેવા માટે અરજદારે લગ્ન કર્યાની તારીખથી ૨ વર્ષની અંદર અરજી કરવાની રહે છે. મંત્રીશ્રીએ કહ્યું કે આ યોજનાનો લાભ ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા નાગરિકો એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાના કિસ્સામાં મળવાપાત્ર છે.

# ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

## 16 વર્ષીય દુષ્કર્મ પીડિતાને ગર્ભપાત માટે આપી મંજૂરી

(એજન્સી) ગાંધીનગર | તા 17

ગુજરાત હાઈકોર્ટે ગાંધીનગરની 16 વર્ષીય સગીરાના 16 અઠવાડિયાના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી આપી છે. સગીરાના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય તેમજ સામાજિક અસરોને ધ્યાનમાં રાખીને અદાલતે આ માનવીય અભિગમ અપનાવ્યો છે. નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ 24 દુષ્કર્મ પીડિતાઓને હાઈકોર્ટે ગર્ભપાત માટેની મંજૂરી આપી છે. કોર્ટે આ પ્રક્રિયા માટે સિનિયર ડોક્ટરોની એક વિશેષ પેનલની રચના કરવા સૂચના આપી છે. પ્રક્રિયા દરમિયાન ગર્ભપાત પૂર્વે સગીરાને તેનાથી થતા સંભવિત જોખમો વિશે માહિતગાર કરવામાં આવશે.જો ગર્ભપાત દરમિયાન બાળક જીવિત જન્મે, તો સગીરા અને બાળક બંનેની યોગ્ય કાળજી રાખવી પડશે.



### હરેકૃષ્ણ મંદિરમાં ભવ્ય પાલકી ઉત્સવ

અમદાવાદ : ગૌર પૂર્ણિમાનો ઉત્સવ વૈષ્ણવ સંપ્રદાય માટે નવા વર્ષના પ્રારંભ સમાન છે. ચૈતન્ય મહાપ્રભુ, જેઓ પોતાના સુવર્ણ વર્ણને કારણે 'ગૌરાંગ' તરીકે ઓળખાય છે, તેમના 540મા જન્મોત્સવ નિમિત્તે મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું હતું. અમદાવાદના ભાડજમાં આવેલા હરેકૃષ્ણ મંદિર ખાતે 3 માર્ચ, 2026ના રોજ ગૌર પૂર્ણિમાના પર્વની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જગતમાં હરિનામ સંકીર્તનનો પ્રચાર કરનાર ચૈતન્ય મહાપ્રભુના પાવન અવતરણની યાદમાં આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૈતન્ય મહાપ્રભુ તેમની સુવર્ણ જેવી કાયાને કારણે 'ગૌરાંગ' તરીકે પણ ઓળખાય છે અને આ વર્ષે તેમની 540મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી.

**તબીબી રિપોર્ટના આધારે લેવાયો નિર્ણય** | સગીરા ગર્ભ રાખવા માંગતી ન હોવાથી હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટના આદેશ અનુસાર ગાંધીનગરની હોસ્પિટલ દ્વારા સગીરાની મેડિકલ તપાસ કરવામાં આવી હતી. આ તપાસનો રિપોર્ટ હકારાત્મક આવતા 17મી માર્ચે હાઈકોર્ટે ગર્ભપાતની મંજૂરી આપી હતી. કોર્ટે આ પ્રક્રિયા માટે સિનિયર ડોક્ટરોની એક વિશેષ પેનલની રચના કરવા સૂચના આપી છે. પ્રક્રિયા દરમિયાન ગર્ભપાત પૂર્વે સગીરાને તેનાથી થતા સંભવિત જોખમો વિશે માહિતગાર કરવામાં આવશે. જો ગર્ભપાત દરમિયાન બાળક જીવિત જન્મે, તો સગીરા અને બાળક બંનેની યોગ્ય કાળજી રાખવી પડશે. જો સગીરા બાળક રાખવા ન માંગતી હોય, તો 'જુવેનાઈલ જસ્ટિસ એક્ટ' મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાઈકોર્ટે ડોક્ટરોને આદેશ આપ્યો છે કે ગર્ભના DNA સેમ્પલ સુરક્ષિત રાખીને તપાસ અધિકારીને સોંપવામાં આવે, જે કેસમાં પુરાવા તરીકે કામ લાગશે.

**ડભોડા પોલીસ મથકે નોંધાયો છે ગુનો** | ઉલ્લેખનીય છે કે, સગીરા સાથે થયેલા દુષ્કર્મ મામલે ડિસેમ્બર 2025માં ગાંધીનગરના ડભોડા પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. સગીરા પર થયેલા આ અત્યાચાર બાદ તેનું ભવિષ્ય ન બગડે અને તેને સામાજિક કલંકનો સામનો ન કરવો પડે તે હેતુથી હાઈકોર્ટે આ મહત્વનો હુકમ કર્યો છે.

## મહેસાણા જિલ્લામાં "PM-RAHAT" યોજના હેઠળ ગુજરાતનો પ્રથમ કેશલેસ ક્લેમ મંજૂર

(એજન્સી) ગાંધીનગર | તા 17

મહેસાણા આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે ભારત સરકારના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય તથા નેશનલ હેલ્થ ઓથોરિટી દ્વારા માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા નાગરિકોને ત્વરિત અને વિનામૂલ્યે સારવાર મળી રહે તે હેતુથી અમલમાં મૂકવામાં આવેલી "PM-RAHAT (Prime Minister Road Accident Victim Hospitalization and Assured Treatment)" યોજના અંતર્ગત ગુજરાત રાજ્યનો પ્રથમ સફળ ક્લેમ મહેસાણા જિલ્લામાં નોંધાયો છે. આ યોજના હેઠળ કડી તાલુકાના ગોઠીયા ગામના ૩૫ વર્ષીય યુવાન શ્રી અમરતભાઈ લબાભાઈને માર્ગ અકસ્માતમાં ઈજા થતા યોજનાનો લાભ આપી ઓર્થોપેડિક સર્જરી કરવામાં આવી હતી. આ સારવારનો અંદાજે રૂ. ૪૭,૩૦૦/- જેટલો ખર્ચ સંપૂર્ણપણે કેશલેસ પદ્ધતિથી કરવામાં આવ્યો હતો, જેના પરિણામે દર્દીના પરિવાર પર કોઈ આર્થિક ભાર પડ્યો નથી અને સફળ સારવાર બાદ તેઓ હાલ સ્વસ્થ થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના PMJAY-MA ઈકોસિસ્ટમ સાથે સંકલિત કરવામાં આવી છે, જેમાં માર્ગ અકસ્માત બાદ પ્રથમ ૭ દિવસ સુધી અથવા વધુમાં વધુ રૂ. ૧,૫૦,૦૦૦/- સુધીની કેશલેસ સારવાર સંલગ્ન સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આપવામાં આવે છે. આ સુવિધામાં મુખ્યત્વે ટ્રોમા, સર્જિકલ અને પોલીટ્રોમા જેવી ગંભીર ઈજાઓની સારવારનો સમાવેશ થાય છે. આ યોજના માત્ર ભારતીય નાગરિકો જ નહીં, પરંતુ ભારતની મુલાકાતે આવેલા વિદેશી નાગરિકો માટે પણ ઉપલબ્ધ છે. હોસ્પિટલોમાં ક્લેમની પ્રક્રિયા NHA ના TMS પોર્ટલ મારફતે ઓનલાઈન કરવામાં આવે છે, જે MoRTH ના eDAR એપ્લિકેશન સાથે સંકલિત હોવાથી પ્રક્રિયા અત્યંત ઝડપી અને પારદર્શક રહે છે.